


ત્રિચિનાપલ્લીનો ગિરિદુર્ગ · ફોટો-આર. આર. ભારદ્વાજ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ૩૯મું · અંક ૨જો
માહે ફેબ્રુઆરી · ઈ. ૧૯૬૨
સંસ્થાપક · રવિશંકર રાવળ
સળંગ અંક
૪૫૮

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

ફેબ્રુઆરી ૧૯૬૨ · અંક ૪૫૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧·૨૫

વાચકો લખે છે...

[આ વિભાગમાં પ્રકટ થતા જે પત્ર કે ચિત્ર, ફોટોગ્રાફમાં કોઈ મૌલિક વિચાર, સૂચના આદિની સત્ત્વશીલતા તંત્રીને જણાશે તે તારાંકિત થશે અને તેને એક રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ખગોળ વિષયક ઘટનાઓનું અનુસંધાન કરવાની પ્રથા પ્રાચીન પ્રજાઓમાં હતી. પિરામિડમાં અમુક છિદ્ર રાખી તેને તારાવિદ્ધ કરવામાં આવતું, કે કોઈ ભારતીય મંદિરમાં દેવાધિદેવની મૂર્તિના નખોને વર્ષના અમુક દિવસે સૂર્યપ્રભાથી દેદીપ્યમાન બનાવાતા. એ જ રીતે ઉજ્જયિનીના મહાકાળ મંદિરનું નામકરણ પ્રાચીન ભારતના ગ્રીનિચ સમય સમું સૂચવાતું તો દેશના પશ્ચિમ ભાગે આવેલું કચ્છનું કોટયર્કનું મંદિર કર્ક સંક્રમણે અન્વર્થ કરતું.

આ બધાં વચ્ચે ઓરિસ્સાનું અપ્રતિમ સૂર્યમંદિર કોણાર્ક આશ્ચર્યચિહ્ન રૂપ છે. એના નામાર્થે અને મોટમોટા અંતરે કચ્છની સીધાણમાં હોઈને સહજ મન લલચાય કે એ પણ કર્કવૃત્ત પર હશે. પણ એ કર્કવૃત્તથી ત્રણ અંશ દક્ષિણે છે. મને થોડાંક કારણો સૂઝે છે. કોઇ તજ્જ્ઞ વધારે જણાવશે? (૧) કેવળ અનુકરણથી વિશિષ્ટ સમજણ વિના કોણાર્ક રાખ્યું હોય, (ઉપર લખી પરંપરા જોઇને એ અસંભવિત લાગે છે.) (૨) મતાંતરે વીસ અને ત્રેવીસ અંશ સત્યાવીસ કળા વચ્ચે ક્રાંતિમાં ફેરફાર થાય છે એવા અભિપ્રાયને મૂર્ત કરવા, (૩) પ્રાચીન વેધ સ્થૂળ લેવાયો હોય, (૪) ગંગાના મેદાની પ્રદેશો બનતી વેળા સ્થળની હેરફેરમાં આ પ્રદેશ ખસ્યો હોય; (૫) સોમનાથના મંદિર જેમ પુરાણા મંદિરના જીર્ણશીર્ણ અવશેષો પર નવાં મંદિરો બંધાયે ગયાં હોય, અને જૂનામાં જૂનું મંદિર કદાચ કર્કવૃત્ત પર હોય પણ જેમ ફ્રાંસ જર્મની વગેરે દેશોમાં હિમયુગના અવશેષો મળે છે અને સાઈબીરિયામાં વિષુવવૃત્તીય જંગલોના અકબંધ દટાયેલા હાથીઓ જડે છે, તેમ એમાં પણ કોઇ પૃથ્વીની પોતાની અકલિત ગતિથી થતા ફેરફાર કારણરૂપ હોય.

(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

★ પ્રશ્નચિહ્ન પ્રશ્નાર્થ વાક્યને અંતે મુકાય છે. આથી વાક્યના કયા શબ્દ કે મુદ્દા પર ભાર આપવા લેખકનો ઉદ્દેશ છે તેન સમજાતાં લેખકની ભાવના તથા પ્રશ્નકર્તાનો મુદ્દો ચોક્કસપણે સમજી શકાતો નથી. ઉદાહરણ-વાક્ય:

તમે તેને આ વર્તન માટે શું કહેશો?
૧ ૨ ૩ ૪ ૫ ૬

એમાં શબ્દ '૧' પર ભાર મૂકી વાંચતાં: બીજા તો ઠીક પણ તમે?; શબ્દ '૨' પર ભાર મૂકતાં: નાનામોટા કે સમજુ અણસમજુના ભેદ પર પ્રશ્ન, શબ્દ '૩' પર અન્ય વર્તનો પૈકી 'આ', શબ્દ '૪' પર ભાર આવે તો વિચાર ગમે તે હોય પણ 'વર્તન'ની શંકા; શબ્દ '૫' પર ભાર હોય તો નિર્ણયાત્મક ઉત્તર માગે છે, અને શબ્દ '૬' પરનો ભાર 'લેખિત નહિ' પણ રૂબરૂ થવા જણાવે છે.

('કુમાર' અંક ૪૫૮)

મને લાગે છે કે આવા દરેક પ્રશ્નાર્થવાક્યમાં મુદ્દાના શબ્દ ઉપર કે નીચે પ્રશ્નચિહ્ન મૂકવું અથવા તે શબ્દ નીચે ભારદર્શક લીટી કરવી.

(સાન્ટાક્રુઝ) —મોતીલાલ કે. ધોળકીઆ

[●મુદ્દાના શબ્દની ઉપર કે નીચે પ્રશ્નાર્થ મૂકવાનું કે નીચે ભારદર્શક લીટી મૂકવાનું મુદ્રણ-સુલભ નથી. શબ્દને અવતરણચિહ્નમાં મૂકવો એ ઉત્તમ માર્ગ છે. લેખનમાં ભારદર્શક લીટી સુલભ અને વધારે ધ્યાન ખેંચે એવી ખરી.]

વ્યવહારુ ઘરવપરાશમાં કામ લાગે તેવું જીવનમાં ઊભા થતા પ્રશ્નો સમયે કામ લાગતું, ઈજનીઅરિંગ શાખાનું જ્ઞાન પીરસતા રહો. 'પૉપ્યુલર મિકૅનિક્સ' જેવું માસિક આપણે ત્યાં પ્રકટ થતું નથી, તો આપ તેના અંશ રૂપે એકાદ પાનું, અરે એકાદ કૉલમ દર માસે આપતા રહો તો ખરેખર અમારા જેવી ઊગતી પેઢીને ઘણું જ ઉપયોગનું બની રહેશે.

૪૫૫મા અંકની 'હિતચર્યા'માં છે કે 'ચરોતરમાં કોઈએ પગરખાંની પરબ કાઢેલી'. એ 'કોઈ' તેઓજું કોઇ નહિ પરંતુ જેમને ગાંધીજીએ 'ચરોતરનું મોતી' કહી નવાજ્યા હતા તે મોતીભાઇ નરસિંહભાઈ અમીન. ('કુમાર'માં એમનું ચરિત્ર આપશો તેવી આશા રાખું.) તેઓ જ પોતાના મિત્રો, વિદ્યાર્થીઓ સાથે વસો સ્ટેશને બપોરની ગાડીના સમયે ચંપલો ટોપલામાં લઇને ઊભા રહેતા અને ગાડીમાંથી ઊતરતી મુસાફર બહેનોને ઉઘાડા પગે ધીખતી ધૂળમાં જવું ના પડે તે માટે વિના મૂલ્યે પહેરવા આપતા અને સ્ટેશનથી માઇલેક દૂર આવેલા ગામ તરફ બહેનો સાથે તેઓ પણ ગામની ભાગોળ સુધી ચાલતા આવતા. પછી ત્યાં ચંપલો એકત્રિત કરી લેવામાં આવતાં. આવા સેવાના પાઠ જનતાને ભણાવનાર એ વીરને બહુ નાની વયે પિતા છોડીને ચાલી ગયા હતા. ઉછેર તેમનાં માતુશ્રીએ કરેલો.

વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો અને સમૂહમાં ચાલતા અભ્યાસવર્ગો ચાલુ કરનાર સૌ પ્રથમ વ્યક્તિ તે હતા.

(અમદાવાદ) —અરુણકુમાર મ. દેસાઇ

અમૂલ્ય નિધિ સમું જેટલું રોમાં રોલાંનું સર્જન છે તેટલું જ તે વિસંવાદે ચડ્યું છે. સૌ પ્રથમ જોયું 'ધર્મયુગ'ના ઑગસ્ટના અંકમાં. દિનકરજીના મહાકાવ્ય 'ઉર્વશી'ના રત્નકણો સાથે સંકલિત, વિકારને વિકૃતિનું ખરું કારણ કદાચ રૂપ ખોવાને કારણે જ પ્રવેશ્યું. રોલાંના સર્જનનું મુખપૃષ્ઠ આપવા બદલ અભિનંદન.

(કલકત્તા) —કનુ મહેતા

એક બહેને પૂછેલી આંજણીની દવા: લવિંગને પાણી સાથે પથ્થર પર ઘસીને આંજણી ઉપર લગાડવાથી બીજે જ દિવસે ફેર પડી જાય છે. થોડી બળતરા થશે. આંખની અંદર ન પડે તેની ખાસ કાળજી રાખવી. એક લવિંગ બેથી ત્રણ વખત ઘસીને ચોપડી શકાય.

(અમદાવાદ) —એક શુભેચ્છક

માર્ચ ૧૯૫૯ના અંકના પૃ. ૧૧૭ ઉપર શ્રીમતી ઇન્દિરા ગાંધીનો પરિચય કરાવતાં નોંધ્યું છે કે "સુભાષચન્દ્ર બોઝ અને જવાહરલાલ નેહરુ પછી નાની ઉંમરનાં તેઓ ત્રીજાં પ્રમુખ છે. ઈ.સ. ૧૯૧૭માં ૧૯મી નવેમ્બરે એમનો જન્મ. એ જ વર્ષે પ્રથમ વિશ્વવિગ્રહ પૂરો થઈ દેશની પ્રજામાં જાગૃતિ વધવાની શરૂઆત થઈ ચૂકી હતી."

રાષ્ટ્રીય મહાસભાના નાની ઉંમરના પ્રમુખો તરીકે સુભાષચન્દ્ર બોઝ અને જવાહરલાલ નેહરુ ઉપરાંત ઈ. ૧૯૨૩માં દિલ્હી મહાસભાના સરનશીન મૌલાના અબુલ કલામ આઝાદ થયા ત્યારે તેમનું વય માત્ર ૩૬ વર્ષનું હતું. મહાસભાના ઇતિહાસમાં સૌથી નાની ઉંમરના સભાપતિ તે જ હતા.

બીજું, યુરોપનો પ્રથમ વિશ્વવિગ્રહ ૧૯૧૭માં નહિ પણ ૧૯૧૮માં ખતમ થયો.


(મુંબાઇ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'જીવનપટનાં સ્મૃતિચિત્રો' શરૂ થયાં તે ખરેખર પ્રશંસનીય છે. આ સ્મૃતિચિત્રો જીવનદર્શન માટે દીવાદાંડી સમ બની રહેશે. આત્મગૌરવ વિના વડીલો વિષે વર્ણન કરીને લેખકે સાદૃશ ચિતાર આપ્યો છે. નાના પ્રસંગો ખરેખર આપણી સ્મૃતિમાં સમાઇ જાય છે; એમાં જ લેખકના કૌશલ્યનો પરિચય છે.

(કોઠગાંગડ) —કાલિદાસ એસ. વાલા

વૉટર-કલરથી તૈયાર થએલાં ચિત્રો પર કોડી ઘસવાથી ચિત્ર ચકચકિત બનશે.


(અમદાવાદ) —શ્રીમાળી ડાહ્યીગૌરી



ધુમ્મસી સૌન્દર્ય

ફોટો : આબીદભાઈ સૈયદ

નવાબ અસફ ઉદ્‌દૌલાએ બંધાવેલી લખનૌની રોનક વધારતી ઇમારતોમાં ઇમામબારાની શાન કંઇ ઓર છે. અહીં નવાબનો મકબરો અને મસ્જિદ છે. ચિત્રનો વિષય એ મસ્જિદ જ હોવા છતાં એને મધ્યમ 'ટોન'માં રાખીને તથા દૂરની ઇમારતને એથી યે આછી દેખાડીને ફોટોકલાકારે આપણને પોતાના કસબનો જ નહિ, ઈમામબારાના વિસ્તારનો અને સવારના કૂંળા તડકાની હૂંફનો પણ ખયાલ આપ્યો છે.



વાસંતી • ભારતીય કળાની પરંપરાએ તેનું લાલિત્ય અને કાવ્યમયતા પોતાની કૃતિઓમાં ઉતારનાર શ્રી અહિવાસીના આ ચિત્રમાં કમળશોભિત જળાશયના આરસબાંધ્યા ઘાટ પર આવેલો રસિક સુંદરીનો કલાશિબિર આકર્ષક કૃતિ છે. મધ્યકાળના ગૌરવથી વૈભવ એમાં નજરે પડે છે. ઝૂલતાં ફૂલ અને હવા ગજવતાં પોપટનાં વૃંદોથી પ્રમોદક બનેલા વાતાવરણમાં જીવનસાથીની પ્રતીક્ષા કરી રહેલી સુસંસ્કૃત કુલીન સન્નારીનું, આનંદ અને કૌતુકભર્યું આ ચિત્ર નેત્રને અને ચિત્તને પ્રસન્ન કરે છે.

જાણનાર જાણે છે

· ગાન ·

જાણનાર જાણે છે કોનો છે વાંક!
અમથી ના ભોળી બતાડ તારી જાતને,
પહેલી નચાવી'તી કોણે એ આંખ?—જાણ૦

'બોલ' એમ બોલું તે પે'લાં તો મૌનથી જ
માંડી તેં દીધી શી વાત!
પે'લેથી ખીલાવી ફૂલ ભલા મારાં તેં
શરમાવ્યું આજનું પ્રભાત!
હોઠોથી રસ ઝરી જાય, પછી કેમ મને
થાય ઝીલવાનો ના સે'જ અભિલાખ?—જાણ૦

રંગધનુ જેમ રહે બાંધીને મેહુલિયો,
મુજનેયે બાંધ્યો તેં એમ;
'આવું તે થાય?' જરા ટોકું ત્યાં આંખોમાં
થનગનતી વીજળીઓ કેમ?
તારા તે સંગમાં જ તોફાની થાય છે,
કેમ કરું? બાકી મુજ હૈયું છે રાંક.—જાણ૦

તારા અંબોડેથી લીધું મેં ફૂલ કદી?
—મૂક્યું છે હેતથી હમેશ;
સૌને દેખાડતાં ય જાળવ્યું પહેલું તવ
પગલું ભૂંસાય નહીં લેશ.
મારે પદ લાવીને મૂક્યું તેં વ્યોમ પછી
માન્યું મેં મુજને છે લાધી અવ પાંખ,
એમાં લે તું જ કહે મારો શો વાંક?—જાણ૦

ચંદ્રકાન્ત શેઠ

રાત્રિધ્વનિ

· વસંત-મૃદંગ ·

આ દેખીતી અરવ શાન્ત પ્રશાન્ત રાત્રિમાં
કેવું તુફાન મૃદુલ ધ્વનિઓનું ચાલે!
હું કાન ભૂમિતલ પે અડકાડી સૂતો,
કોલાહલે ઊંઘી શકું નહિ: ભૂમિ નીચે
ધાણી ફૂટે ત્યમ તડાતડ બીજ ફાટે
કાલે હશે તૃણ ફૂણું લીલું જે પરોઢે!
ને સાંભળું સ્ખલત ભૂ-પડની નીચે ઝરા!
પાસું ફર્યો: શ્રવણ જ્યાં અડક્યો દિશાને,
એ ભીંતમાં ખળકતો ધ્વનિનો પ્રવાહ!
આંખો મીંચેલ, પણ સાંભળું હું ખગોળની
નૂપુરકિંકિણી ઝીણી રણકંત! કોઇ
તારો ખરે, ખલલ નોંધું હું આભ રિક્તે!
પડખું પુનઃ—શ્રવણ વક્ષપ્રદેશ કોકને!
કો વિશ્વવક્ષ ધડકંત ભરી ત્રિલોકને!

ઉશનસ્

રાત્રિ પડે છ જવ

· ઇન્દ્રવજ્રૂ ·

રાત્રી પડે છ જવ
ને ઓસરે છ રવ
ધીમે ધીમે અરવ
આ શૂન્યતા પ્રગટ થૈ પ્રસરે છ કોઈ
ખૂણેથી ટિક્ ટિક–ધરી રૂપ કો' વિરાટ
માંડે અનંત ડગ [કેં ત્રણ (?)]ને દબાઇ
આ લોકમાંથી ઊતરી પડતું પતાલ
એકાકી મારું મન.
જાણું ન, કેમ, પણ આ
હૈયું રહી રહી દુખે જયમ કોઇ ડામ
લજ્જાળ કોઇ સ્મૃતિમાં નયનો ઢળે છે.
ને મુગ્ધ કોઇ નત ત્યાં અધરો લળે છે.
એ સહુ તરવરે છે.
ને આમ
હૈયું રહી રહી દુખે જયમ કોઇ ડામ.
રે આમ તો દિવસની મદિરા ન ન્યૂન:
પ્રાપ્તિ-વિનષ્ટિ, પુરુષાર્થની વ્યસ્ત દોડ,
અસ્તિત્વના કલહની બસ વ્યગ્ર હોડ,
અશ્રુ અને સ્મિત, વિલાસ અને હુલાસ
માધુર્યની મહક, ને કટુતાની વાસ
ને માનવી મિલનનો છલકંત જામ
આકંઠ હું સભર જે થકી;
કિન્તુ આમ
રાત્રિ પડે છ જવ...

ભાનુપ્રસાદ ત્રિવેદી

સ્પર્શ

· મિશ્ર ·

તારો મને સ્હેજ જ સ્પર્શી અંગ
તેં માત્ર મારે
જલ–સરોવર–પાત્ર કોરી
પાની જ બોળી;
ઊઠ્યા પરંતુ પટને ભરતા તરંગ.

નિરંજન અમીયાન

પાલવ પીળો

પાલવ પીળો, કમખો લીલો, ઘેરા શ્યામલ કેશ
આંખની સાથે હોય શું આંજ્યા એટલા ગૂંથ્યા બેશ;
ઘરમાં મધુર સૌની સાથે હરતુંફરતું રૂપ–
અલગ તરી આવતું આ તો ચમકે તેજથી ચૂપ.
કઇ પીંછીથી પ્રગટ્યા આવા જલનાં વ્હેણ-વળાંક?
એક પછી એક એકબીજામાં ભળતાં જાતાં લાંક;
મનની ઉપર મંદિર નાનાં શિખર અણિયાળાં,
અરધું બોલી વેણ કશું તે ઘંટડીના રણકારા.
પાસ જઇને સૂંઘવું ગમે એટલું નાજુક નાક,
નિજમાં ભરાઇ બેઠી પેલી ચૂંક શું થતું કાંક;
લલાટ દીપે બિન્દી નાની રમતું રાતું લોહી–
હરખભરી બ્હાર ઝર્યું શું રૂપને રહેતું મોહી.
સ્હેજ શિયાળુ પવનની ત્યાં લાગતાં લહર ધીરી,
કરચળિયાળા હોઠ તો જાણે પ્રેમના ફળની ચીરી;
બેઉ ઘાટીલા હાથમાં બોલે બંગડીઓ ચાર ચાર,
કાચના જેવી કાય છે એનો કરતી એ અણસાર.
પીઠને લોચન પેખતાં ત્યાં તો આવતો એક વિચાર,
ગહન ઊઘડ્યો ગ્રંથ જેનો ના વાંચતાં આવે પાર;
ઝલતી એની કેશલટોની ડાળ ગઇ ત્યાં વાગી
પારવતીથી શિવને થયું શુંય તે એની ભાળ ગઇ શી જાગી!

પ્રિયકાન્ત મણિયાર

બપોરે ગાળીમાં

· શિખરિણી ·

અહીં આ ગાળીમાં હરિત દ્રુમ વચ્ચે સરકતો
ઊંચોનીચો રસ્તો; તરુવરઘટામાં સુસુરવે
વહ્યો જાતો વાયુ રમત કરતો; વૃક્ષ સઘળાં
નમાવે શીર્ષો ને મધુર હસતાં પર્ણ નમણાં.

ઝૂલે ડાળેડાળે વિહગગણ શાં મૂક થઇને!
ગૂંથાયો શાખામાં ધરતી પર શો સૌમ્ય તડકો!
સૂકાં પત્રો નીચે કહીં ચમકતા સર્પ, કહીં તો
સૂતાં ઘો-કાચંડા પણ સરકતાં જાગી સહસા.

કરી ટેંટેં ભાગે ભૂલથી કહીં લેલું, ચૂપ બને
ક્ષણે બીજી; ને કો દૂરદૂર સરંતો રવ હવે
વહેતા ગાડાનો સરકી પડતો રે અતીતમાં.
પડી જુદા રસ્તા પલપલ ચલે ખેતરમહીં
'થવા કો વાડીમાં અરવ પગલે, ગાળી–તરુની
ન હો શાખા જાણે! (ફળ પણ કશાં ધાન્ય સભરાં
રસાળાં ક્ષેત્રો!) આ ચકિત ઉરપંખી અવ ચહે
અહીં બાંધી લેવા નીડ, જીવનમાં કાવ્ય ભરવા.

તહીં દૂરે પેલો અવિરત સૂરે કોકિલ કવે
અજન્મ્યાં કાવ્યોનાં સપન સઘળાં સાર્થક હવે.

મહેશ જોશી

વિધિવક્રતા

· ઇન્દ્રવજ્ર ·

ઇચ્છયું હતું
ઉત્કટ ઝંખનાથી
ત્યારે ફળીના
મુજની અભીપ્સા;
વર્ષી કૃપા જ્યાં
તવ એટલી કે
ફૂટી ગયું ત્યાં
મુજ રંક પાત્ર!

જિમી હવેવાલા

વિષ્ણુપ્રસાદના વિચારવિશેષ

★

કલામાં નૂતન પ્રયોગવૃત્તિ

આ જે દુનિયાની કલાપ્રવૃત્તિમાં નૂતન પ્રયોગવૃત્તિ દેખા દે છે. કવિતામાં તેમ ચિત્રકલા, શિલ્પ આદિમાં પણ એણે ધ્યાન ખેંચવાનો યા સ્વકીય 'કિંચિત્' પ્રગટ કરવાનો નવો વિધિ ઉપજાવ્યો છે, જે સ્વૈરવિહારી છંદ હોવાથી કલાવિધિના નામને પણ ભાગ્યે લાયક હોય. કલા માટે તેણે મૂલે કુઠાર કર્યો છે, કેમકે તેમાં સૌન્દર્ય સર્જવાની નેમ નથી, આનંદ આપવાનું પ્રયોજન નથી.

કલાને સામાજિક, ધાર્મિક કે નૈતિક સહેતુકવાનું બંધન નથી, એને એના પોતાના ગર્ભમાં રહેલા સત્ત્વનું જ બંધન છે, એટલું તો ભારતીય તેમજ પાશ્ચાત્ય મીમાંસકોએ સ્વીકાર્યું છે; પણ હવે તો કલાતત્ત્વ અને કલાકાર્યમાં આમૂલ ફેરફાર મંગાતો થયો છે. ભલે. એ નવી વિચિત્રતાને કલાનું અભિધાન આપવું હોય, તો પછી આપણે જેને પરંપરાથી કલા કે કવિતા કહીએ છીએ તેને બીજું નામ આપવું પડશે.

મારે ભારપૂર્વક કહેવું પડશે કે નવી પ્રયોગશીલ કવિતામાં કવિતાના 'વ્યાપાર'નું દર્શન થાય છે, 'કવિતા'નું નહિ. એમાં માનસનું અવયવવિજ્ઞાન છે, દ્રવ્યવિજ્ઞાન છે, માનસ-છેદ છે,—જેમાં ભાવક કરતાં માનસશાસ્ત્રી અને ચિત્તવૈદ્યને વધારે રસ પડે. જીવનનું વાસ્તવ, પ્રકૃતિનું વાસ્તવ કે ચિત્તનું વાસ્તવ એ કવિતા નથી. એ વાસ્તવ જે રૂપમાં આપણને પ્રત્યક્ષ થાય, એનું જે કંઈ સંવેદન થાય તેને કલારૂપે પ્રગટ કરતાં પહેલાં સ્મૃતિમાં ઠરવા દેવું જોઇએ. આવિર્ભાવ માગતું દ્રવ્ય કાગળ ઉપર અક્ષર પાડવા માંડીએ ત્યારે જ આકાર ધરતું થાય એમ ગણવું યથાર્થ નથી. ચિત્તની અંદર તેનું પુદ્ગલ બંધાઈ ગયું હોવું જોઇએ; તો જ તે વાહનમાં યથાવત્ ઊતરે, અને ઊતર્યું છે કે નહિ તેની ખાતરી પણ થઈ શકે.–વિ. ર. ત્રિ.

સંસ્કૃત ગુજરાતી અને અંગ્રેજી

સંસ્કૃત

સંસ્કૃત એ કશા ય આગવા પ્રદેશ વિનાની વિશાળ ભારતની ભાષા છે, વાલ્મીકિ કાલિદાસ કે ભવભૂતિ, પાણિનિ કે હેમચન્દ્ર, અભિનવગુપ્ત કે શંકરાચાર્ય, જયદેવ કે જગન્નાથ, સાયણ કે વાચસ્પતિ ક્યાંના છે તે કેટલા જાણે છે? એ જાણવાની જરૂર શી છે? એ ભારતના છે એટલું જ બસ છે. આ પણ એક અદ્ભુત ઘટના છે કે કેટલાક મહાન ચિંતકોએ તો પોતાનાં નામ પણ છુપાવી દીધાં છે. એમણે તો કોઈ ઋષિ કે કોઈ વ્યાસના નામમાં પોતાનું વ્યક્તિત્વ ઢાંકી દીધું છે. સંસ્કૃત ભારતની ભાષા છે એમ કહેવા કરતાં જ્યાં સંસ્કૃતની જીવંત પ્રતિષ્ઠા છે એ ભારતદેશ છે એમ કહેવું વધુ વાજબી છે. સંસ્કૃતમાં જે ચિરંતન સત્ત્વ છે, ધર્મભાવના છે, પાંડિત્યનો વિસ્તાર છે, સૌન્દર્યનો વિલાસ છે, એમાં જે કુમાશ સૌરભ ને સામર્થ્ય છે, એ સૌ વડે ભારત ઓળખાય છે. સંસ્કૃતના સીધા પરિચય વિના ભારતના આત્માને ઓળખવો અશક્ય છે. ભાવાત્મક એકતાના પુરસ્કર્તાઓ અને અનુરાગીઓ કેળવણીની હરકોઇ યોજનામાં આ રત્નચિંતામણિને ન ભૂલે.

ગુજરાતી

ભારતની લગભગ બધી જ અર્વાચીન ભાષાઓની જેમ ગુજરાતી ભાષાસાહિત્યનો ઉદય ૧૨-૧૩મા શતકથી થાય છે. સાહિત્યના પ્રભવમાં તે શિષ્ટ અપભ્રંશનો વારસો લઇને આવે છે. સાતસો વર્ષથી આપણો પ્રાદેશિક સમાજ તેને ખેડતો ને વાપરતો આવ્યો છે. તેમાં લોકપ્રમોદની નિખાલસ સૌન્દર્યછટાઓ ઊતરી છે, તેમાં કથાકારોએ પૌરાણિક કથાઓ નવાનવા આકારોમાં વહાવી છે ને જનચિત્તને રસભીનું કર્યું છે, વાર્તાકારોએ રંજન કરાવ્યું છે, જ્ઞાનીઓએ નીતિ ને મોક્ષની ચિંતા કરાવી છે. એ જ્ઞાત-અજ્ઞાત કવિઓના સતત પ્રયત્નોથી ગુજરાતી સાહિત્યમાં ભક્તિપદ, ગરબી, રાસ, આખ્યાન, પદ્યવાર્તા જેવાં સાહિત્યસ્વરૂપો દૃઢ થયાં છે. એ આપણી નજીકના ભૂતકાળનો સાંસ્કૃતિક વારસો છે. લોકજીવનથી અળગા ન પડી જવું હોય, લોકહૃદય સાથે અભિસંધાન કરવું હોય તો આ વારસાને ટાળી શકાશે નહિ. ભાષાના વૈયક્તિક સત્ત્વ ને તેની લાક્ષણિકતાઓને આ સાહિત્યસ્વરૂપો સાથે સીધો સંબંધ છે. સમાજ ને સરકારનું કર્તવ્ય છે કે એની પૂર્ણ પ્રતિષ્ઠા ને ગૌરવ કરવાં.

અંગ્રેજી

અંગ્રેજી સાહિત્યમાં અસાધારણ સૌન્દર્ય છે. માનવહૃદયનું હૃદયંગમ નિરૂપણ છે, મનુષ્યની ઉદાત્ત લાગણીઓ ને ઉદાર ભાવનાઓ છે. એનો શેક્સપીઅર, એમાં અવતરેલું બાઈબલ, એના વર્ડ્ઝવર્થ શેલી ને કીટ્સ, એના ડિકન્સ ને હાર્ડી, એના બર્ક કાર્લાઈલ ને રસ્કિન જગમાનવની મહાન સંપદા છે. તેના પરિશીલનથી આપણી દૃષ્ટિનાં ક્ષિતિજો વિસ્તર્યાં છે, આપણી જીવનભાવનાઓ દૃઢ થઈ છે, આપણા હૃદયદોષોનું કંઈક નિવારણ થયું છે. પશ્ચિમના અર્વાચીન સાહિત્યમાં ઇંગ્લંડનું સાહિત્ય શિરમોડને સ્થાને છે; અને ઐતિહાસિક સંયોગથી આપણને તેનો પરિચય થયો, આપણે લાભ્યા, તો તે પરિચય ચાલુ રહે એ ઇષ્ટ છે. અલબત્ત, એનો અર્થ એ નથી કે અંગ્રેજી કોઇ કાળે પ્રતિભાસર્જનનું આપણું વાહન બને. એ ઇષ્ટ નથી; વ્યાપક રૂપમાં શક્ય નથી. સાહિત્યપરંપરાવાળી કેળવાએલી આપણી માતૃભાષાઓમાં જ આપણો હૃદયરસ ને કલ્પનાવિલાસ સામાન્ય રીતે ને સહજતાથી ઊતરવાનો. પણ એ હૃદયને પ્રેરણા આપવાનું સામર્થ્ય અંગ્રેજી સાહિત્યમાં છે એનો ઇનકાર ન ઘટે. વળી ઐતિહાસિક બળોને પરિણામે ભારતની કેટલી ય વિચારસમૃદ્ધિ અંગ્રેજીમાં આપણને સુપ્રાપ્ય છે. રામમોહન રાય, વિવેકાનંદ, સરોજિની નાયડુ, શ્રીનિવાસ શાસ્ત્રી, ટાગોર, શ્રી અરવિંદ, ગાંધીજી, રાધાકૃષ્ણન્, નેહરુ, રાજાજી વગેરે અનેક વિચારકો, સાહિત્યકારો ને દેશભક્તોએ અંગ્રેજીને માતૃભાષા જેમ વાપરી છે, અંગ્રેજી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એમણે એ ભાષાનું પરદેશીપણું ઓગાળી નાખ્યું છે એમ કહીએ તો ચાલે. અંગ્રેજીની અતિભક્તિ અને અંગ્રેજીનો અનાદર બંને અંતિમ કોટિઓ ત્યાજ્ય છે.

(ગુજરાતી સાહિત્ય પરિષદના કલકત્તા અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી)

અપ્રસિદ્ધિના અંચળા પાછળ પ્રચ્છન્ન રહેલા કલાકાર

જગન્નાથ મુરલીધર અહિવાસી

'ભાગવતમાં એક કથા છે. યમુનાજીમાં મોટા પ્રમાણમાં નાગ રહેતા હતા. ગરુડ એમને ખૂબ ત્રાસ આપતો હતો. ઘણાનો એ સંહાર કરી નાખતો. આખરે સૌ નાગો એકઠા થઇ નક્કી કર્યું કે નિત્ય એક નાગ તેને આપવો. ગરુડે પણ વાત કબૂલ રાખી. પછી તો નિયમાનુસાર ગરુડ એક એક નાગ લઈ જતો. એક દિવસ કાલિનાગનો વારો આવ્યો. ગરુડનો ભક્ષ થવાની એણે ના પાડી ને નાસીને યમુનાતીરે સાંભરી ઋષિના આશ્રમમાં ભરાઇ ગયો. આણ હોવાથી ગરુડ ત્યાં પ્રવેશી શક્યો નહિ એટલે નાગ બચી ગયો. સર્પનો જ્યાં નિવાસ થયો એવા એ આશ્રમના બ્રાહ્મણો અહિવાસી કહેવાયા.' અમારા કુતૂહલના ઉત્તરમાં અહિવાસીજીએ અમને આ કુલકથા કહેલી.

જેમને જોતાં જ ભારતીય ગુરુપરંપરાની પવિત્ર ભાવના સહજ રીતે હૃદયમાં ઉદ્‌ભવે એવા એ તેજસ્વી કલાગુરુ, આદરણીય શ્રી અહિવાસીજીની નિકટમાં રહેવાનું અને એમના જીવનના અનેક પ્રેરક પ્રસંગો એમને સ્વમુખેથી સાંભળવાનું સદ્‌ભાગ્ય મને ઠીક ઠીક મળ્યું છે. એ બધાં સંસ્મરણોને આધારે આ પરિચય રેખા તૈયાર કરી છે.

ગોકુલ નજીક બળદેવ મુકામે એક બ્રાહ્મણ વૈષ્ણવ કુટુંબમાં ઈ. ૧૯૦૧ની છઠ્ઠી જુલાઇએ એમનો જન્મ થએલો; પણ પિતા મુરલીધરજી પોરબંદરની વૈષ્ણવ હવેલીમાં કીર્તનકાર હોઇ બાળક જગન્નાથનું વય ત્રણ જ માસનું હતું ત્યારથી તે સૌરાષ્ટ્રના સંસ્કારમાં જ ઊછર્યા છે. તેમની ચાર વર્ષની વયે માતાનો સ્વર્ગવાસ થયો. પછી તો પિતાજીએ જ માતાની સઘળી જવાબદારી ઉપાડી લીધેલી. સંસ્કારી ઉચ્ચ જીવનના આગ્રહી એ પિતા રસિક અને ખૂબ ઝીણી દૃષ્ટિવાળા હતા. ઘરનું પ્રત્યેક નાનુંમોટું કામ તેમજ રસોઈ પણ હાથે જ કરતા. સ્વચ્છતા પણ એવી જાળવે કે રસોઈ કરવા છતાં નખમાં યે હળદર-મસાલાનો પાશ સરખો જોવા ન મળે. અનેક પ્રકારની વાનગીઓ બનાવે. આળસનું નામ નહિ. સુઘડતા તો સ્ત્રીઓને પણ આંટી જાય એવી. કપડાં ધૂએ એ પણ બગલાંની પાંખ જેવાં. અંગરખી ને ધોતિયું એ એમનો પોશાક. કાનમાં અત્તરનું પૂમડું ને મોંમાં પાન. સ્વભાવે ટેકીલા અને સ્વતંત્ર મિજાજના. પગાર ખૂબ જ ટૂંકો મળતો, પણ કદી કયા યે હાથ લાંબો થાય નહિ, કે ન દેખાય એમની રહેણીકરણીમાં જરા સરખી યે કૃપણતા. છેલ્લે વધીવધીને એમનો પગાર સત્તર રૂપિયા થએલો. પણ એટલામાં યે મસ્ત બનીને રહે. સવારે સમય થયે માણસ બોલાવવા આવે એટલે કીર્તન કરવા જાય. કામ પૂરું થાય એટલે સીધા ઘેર પાછા ફરે. ગાય ત્યારે ભાવમાં એકરૂપ થઇને. ગુરુની નિરતિશય સેવા કરીકરીને એમણે સંગીતનું જ્ઞાન મેળવેલું. સંગીતના એ ઘરાણાની ભેટ એમણે પુત્રને પણ આપી. આજે યે કંઠસ્થ છે. અન્યત્ર હવે કદાચ દુષ્પ્રાપ્ય એવી એ ચીજોને ગ્રંથસ્થ કરી લેવા જેવી છે.

નાનકડા લલ્લુ (જગન્નાથજીનું હુલામણું નામ)ને પિતાજીએ માતાની ખોટ કદી વરતાવા નહોતી દીધી. એક તો મોટી ઉમરે થએલું એકનું એક બાળક, અને એમનો જીવ પણ કંઈક અધીર, એટલે દીકરો કોઇને ધીરે નહિ. બહાર તો જવા જ ન દે. સવારે મંદિરે જાય ત્યારે ખોળામાં બેસાડીને પોતે પદો ગાય. ઠંડી હોય તો કામળી ઓઢી અંદર પુત્રને ઢબૂરીને બેસે. આ ભાવમય સ્મરણનું અહિવાસીજીએ સુંદર આલેખન કર્યું છે. (જુઓ આ અંકની આર્ટપ્લેટમાં) જેટલા પ્રેમાળ એટલા જ ક્રોધી પણ ખરા. એટલે લલ્લુજીનો કૈંક વાંક આવે તો ઝૂડી પણ નાખે. અને લલ્લુજી પણ ઓછા ટીખળી નહોતા. કોરી પાટી પર કૈંક આલે-



★

જીવનભર જેમણે ચિત્રકળાની અખંડ ઉપાસના જ કરી છે એ શ્રી જગન્નાથ અહિવાસીના નામથી 'કુમાર'ના વાચકો અપરિચિત નથી. પણ અપ્રસિદ્ધિનો અંચળો ઓઢી બેઠેલા એ કલાકારને હજી ગુજરાતે પૂરા નથી પિછાન્યા. વ્રજના રહીશ પણ સૌરાષ્ટ્રમાં ઊછરેલા હોઈ વ્રજની ભક્તિ અને સૌરાષ્ટ્રની સાદાઈ એમના જીવનમાં અને એમની કલામાં ભારોભાર જોવા મળે છે. પ્રસિદ્ધિના મોહ વિના, સર્જનાત્મક ક્રિયાવૃત્તિને વિકસાવવાના આગ્રહી એ કલાકારની નિષ્કામ કલાઉપાસના અને સ્વાવલંબનના પાઠ આજના યુગમાં કોઈ પણ અભ્યાસ-વસ્તુની પાછળ રહેલાં સાધન, સહાય અને સાથ વગરના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી છે. શાંત અને ઋજુ આ કલાકારની કેટલીક કૃતિઓ આ અંકમાં આપી છે. ભારતીય કલામાં પ્રયોજાતાં પશુપક્ષીઓ, વૃક્ષો, વાદળો, જળાશયો વગેરેનાં, અનેકવિધ સુંદર રેખાંકનોનો અભ્યાસયોગ્ય એક અતિ સમૃદ્ધ વિભાગવાર સંગ્રહ એમણે અપાર સંશોધન અને ઊંડી અભ્યાસદૃષ્ટિથી તૈયાર કર્યો છે. ભારતીય મૂર્તિવિધાનનાં સુંદર રેખાચિત્રો હાથપગના મરોડદાર લલિત વળાંક વગેરેની નોંધો અને આલેખનોનો, જીવનભરની એમની કલા-ઉપાસનાના નિચોડ જેવો એ સંગ્રહ પ્રકાશનના અભાવે જો અપ્રકટ જ રહી જાય તો ખરેખર ભારતના કલાજગતે એક ઘણી મૂલ્યવાન ચીજ ગુમાવી ગણાશે. એમના એક નિકટના વિદ્યાર્થી શ્રી વાસુદેવ સ્માર્તે એમને જ મોંએ સાંભળેલાં સંસ્મરણો પરથી તૈયાર કરેલો આ પરિચય વાચકોને એમને વિષેનો કંઈક વધુ સ્પષ્ટ ખયાલ આપશે.

લેખક · વાસુદેવ સ્માર્ત

★



યુવાન વયે

ખવાની સુપ્ત કલાવૃત્તિ પણ હશે જ. એટલે એ કાળે કોઇ પડોશીએ ધોતિયું કે એવું કંઇ ધોઈને તડકે સુકાવા ભોં પર પાથર્યું હોય તો તેના પર જઇને લલ્લુજી પગલીઓની ભાત પાડી આવે! પગની છાપ પણ વિશિષ્ટ—અંગૂઠો લાંબો ને એના પ્રમાણમાં બાકીની ચારે આંગળીઓ ટૂંકી, એટલે પાડનાર છૂપું ન જ રહે. વારેવારે રાવ આવે અને માર પડે પણ પછી કંઈ નહિ. પુત્ર પ્રત્યેનો પ્રેમ ફરી જાગી ઊઠે અને બધો મિજાજ ધોવાઈ જાય. એકના એક પુત્રની રક્ષા કાજે પિતા ઘણી વાર પ્રભુ પાસે યાચનાઓ કરતા. વિષ્ણુસહસ્રનામમાં પણ ઊંડી શ્રદ્ધા, એટલે આખો દિવસ એનો પાઠ પણ મોંમાં ગુંજતો જ હોય.

પિતાજીની ઈચ્છા તો પુત્રને ભણાવીગણાવીને મોટા અમલદાર બનાવવાની હતી. પણ લલ્લુજી ભણવામાં 'ઢ'. ગણિત તો હજી યે કાચું જ છે. ગોથાં ખાતાંખાતાં અંગ્રેજી ત્રણ-ચાર ધોરણ સુધી માંડ પહોંચેલા. પણ પિતા પુત્રનું જતન બહુ કરે. પરીક્ષાઓ ચાલતી હોય ત્યારે ખરે બપોરે જાતે જઈને પુત્રને મોસંબીનો રસ વગેરે પાઈ આવે.

વૈષ્ણવ મંદિરો કલાત્મક હોય છે, એટલે પિતાના સંગીતસંસ્કારની સાથે એમનામાં ચિત્રાત્મકતાની રુચિ પણ બાળપણથી જ પાંગરેલી. આ જોઈ પિતાજીના એક મુસલમાન મિત્ર લલ્લુજીને પોરબંદરની ભાવસિંહજી હાઈસ્કૂલના જાણીતા કલાશિક્ષક માલદેવજી રાણા પાસે લઈ ગએલા. માલદેવજીએ લલ્લુજીની કલ વૃત્તિને બરાબર પિછાની, અને એમના જ પ્રોત્સાહન તથા સહાયથી લલ્લુજીએ ડ્રૉઇંગની પરીક્ષાઓ પાસ કરેલી ને ચિત્રાલેખનની પ્રાથમિક ભૂમિકાઓની સારી તાલીમ મેળવી લીધેલી. માલદેવજીએ વડોદરાના કલાભવનમાં શિક્ષણ લીધેલું. ચિત્રજ્ઞાન સાથે એ ફોટોગ્રાફી પણ કરતા ને વિદ્યાર્થીઓને બધું બતાવતા. પ્રભાવશાળી કદાવર શરીર, માથે ફેંટો, સુરવાલ ને શેરવાની પહેરે; ભેટમાં તલવાર પણ રાખે. જોતાં જાણે કોઈ રાજવંશી લાગે. આજે યે પોરબંદરમાં વૃદ્ધાવસ્થામાં હોવા છતાં તેઓ લોકસેવામાં રત રહે છે.


હિન્દુ સમાજમાં પુત્રને વેળાસર પરણાવી દેવાની માતાપિતાને ઝંખના રહે છે. એમાં લલ્લુજી તો એકના એક લાડકા પુત્ર, અને પિતાની ઉમર પણ મોટી. વળી વર્ષો થયાં ઘરની દશા પણ એકધારી એટલે પુત્રનાં લગ્ન નક્કી થયાં. મથુરા પાસે હાથરસનાં શ્રી ભગવતીદેવી સાથે એમનું લગ્ન નક્કી થયું. રમકડાં જેવાં પતિપત્નીની જોડી કોઈની પણ આંખ ઠારે એવી લાગતી. પુત્રવધૂ હજી તદ્દન નાદાન ઉમરની એટલે ઘરકામ રસોઈ વગેરે પણ આવડે નહિ. સાસુ પણ નહિ કે શીખવે. સસરાજીએ એ ભાર પણ ઉપાડયો. ઘૂમટાનો રિવાજ, એટલે પાછળ ઊભા રહે અને પુત્રવધૂને બધું સૂચવતા જાય. એ રીતે એમણે ધીરે ધીરે એમને ગૃહસંચાલનમાં પણ પારંગત બનાવી દીધાં.

એક વાર પોરબંદરના કોઇ અંગ્રેજ અધિકારીની તસવીર એમણે બનાવી આપી. કામ ઘણું સારું થએલું, પણ પેલાએ તો એને અંગ્રેજ કલાકારના કામ કરતાં ઊતરતી કોટિનું ગણાવીને વખોડયું, ને અહિવાસીજીને ચોટ વાગી ગઇ. પદ્ધતિસર કલાભ્યાસ કરવા જવાની એમને રઢ લાગી ને મુંબાઈ જવા મન તડપવા લાગ્યું. પણ મુંબાઈ જવાય કેમ? એક તો ત્યાંનો ખર્ચ પોસાય એમ નહોતો, ને પુત્રને આંખથી દૂર કરવા પિતા રાજી નહોતા. વળી એમને પોતાને ત્યાં પણ હવે તો એક પુત્ર હતો. પણ અહિવાસીજી વિચારમાં દૃઢ હતા. આખરે પિતાજી પાસેથી માત્ર ગાડીભાડું મેળવી મધુમંગલજી (જગન્નાથજીનું એક બીજું નામ) મુંબઈ આવ્યા અને ત્યાંના પ્રતિષ્ઠિત વૈષ્ણવ મંદિરના આચાર્ય ગોકુલનાથજી પાસે રહ્યા. હવેલીની સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ સાથે રહેવા–જમવાનું નક્કી થયું.


અને એમણે સવારસાંજ સખત મહેનત આદરી. કદીક જમવાનો સમય પણ ચૂકી જવાય, ત્યારે દહીંભાત કે ચણામમરાથી ચલાવી લે. પોસ્ટકાર્ડ સાઈઝના દેવદેવીઓના ફોટોપ્રિન્ટમાં રંગો ભરી આપીને કે પાટિયાં ચીતરીને પણ થોડો ખર્ચ કાઢી લેતા. દિવસ આખો અભ્યાસની સખત મહેનત પછી સૂવાની સગવડ પણ બરાબર નહિ. માકણનો ત્રાસ ભારે એટલે પૂરતી ઊંઘ મળે નહિ, અને એમ શરીર શોષાય. પણ પછી તો કેતકર માસ્તરે એમને ઠાકુરદ્વાર પર પોતાના વર્ગમાં જ રહેવાની સગવડ કરી આપેલી. આમ અનેક કષ્ટો વેઠી મધુમંગલજી ૨૧ વર્ષની વયે સરકારી સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ થયા.

આ ગાળામાં એક વેપારી કલાકારનો પરિચય પણ થએલો. એમની પાસે મધુમંગલજી પોર્ટ્રેઇટ (તસ્વીરાલેખન) શીખતા. તસવીર-કળા સાથે ગ્રાહકો પાસેથી પૈસા કઢાવવાની કળામાં પણ એ ઉસ્તાદ હતો. એ તો ઘણીવાર બીજી બધી લપ છોડીને માત્ર પોર્ટ્રેઇટ જ શીખી લઈ પૈસા પેદા કરવાની સલાહ મધુમંગલજીને આપતો. પણ નિર્વ્યાજ કલાસાધકને એ ક્યાંથી રુચે?

હવે એમની પ્રતિભાના સંકોરાએલા પટ એક પછી એક ખીલવા લાગ્યા. નસેનસમાં પ્રસરેલા ભારતીય સંસ્કારો કળામાં પણ પ્રકટ થવા લાગ્યા. ચીલાચાલુ ઢબના માસ્તરો એમની આગવી પ્રતિભાને



ગુરુ માલદેવજી રાણા



અહિવાસીજી પંચકેશમા

પિછાની તો ન શકતા, પણ ઉપરથી તુંડમિજાજી કરતા. પાશ્ચાત્ય કલાના જ પક્ષપાતી અધ્યાપકો અને સ્વ. ધુરંધર જેવાની પણ એમના પર અવકૃપા. પણ નમ્રતાની મૂર્તિ જેવા અહિવાસીજી તો ખંતથી ચૂપચાપ પોતાની સાધના કર્યે જાય. આખરે હિંદી ચિત્રકળાના પરદેશી અવધૂત સમા પ્રિન્સિપલ સૉલૉમન શાળાના આચાર્યપદે આવ્યા. એમણે અહિવાસીજીનું કામ જોયું, એની પાછળની ભારતીયતાને એમણે ઓ-ળખી અને પોતાની જ રીતે કામમાં મચ્યે રહેવા પ્રોત્સાહન આપવા માંડ્યું. પણ અન્ય અધ્યાપકોના અંતરાયો ઘટ્યા નહિ. અધૂરામાં પૂરું અહિવાસીજીને અંગ્રેજી બહુ આવડે નહિ. રાત્રિના વર્ગો ભરી ભરીને એમણે એ પણ શીખી લીધું. પરંતુ જીવનને બધી દિશામાં આમ વિકસાવવાની ઈચ્છા અને ઉદ્યમે શરીર તથા મન પર ઘણો બોજ વધારી મૂક્યો. એ કાળનાં એમનાં સંસ્મરણો તો પ્રકરણો માગી લે એટલાં છે. પણ ટૂંકમાં એટલું કે ગુરુજનો પ્રત્યે અતિ નમ્રતા દાખવી આ શરમાળ વિદ્યાર્થીએ અભ્યાસમાં અસાધારણ પ્રગતિ કરવા માંડી.

એક તરફ આવી ઉગ્ર અખંડ કલાસાધના ચાલી રહી છે ત્યારે બીજી બાજુ નાનકડું કુટુંબ દૂર સૌરાષ્ટ્રમાં એક ખૂણે વયોવૃદ્ધ પિતાની છાયામાં ઊછરી રહ્યું છે. એવામાં ત્રીજા વર્ષની પરીક્ષા પછી એકાએક પિતાની માંદગીના સમાચાર આવ્યા. તત્કાલ મુંબાઈ અને અભ્યાસ છોડી તેઓ પોરબંદર આવ્યા અને પિતાની સેવામાં લાગી ગયા. કુટુંબના નિભાવ માટે માસ્તર સાહેબ માલદેવજીની મમતાથી એક મુસ્લિમ શાળામાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. થોડા સમયમાં જ પિતાજીનું અવસાન થયું. ઘરનું છત્ર ગયું. અહિવાસીજીને તો એ માતા અને પિતા બંને હતા. એ ગરીબીભર્યાં છતાં સંતોષી જીવનની ઘણી યે વાતો સંભારતાં આજે પણ તેઓ ગદ્ગદિત થઈ જાય છે.

કુટુંબની બધી જ જવાબદારી હવે એમના એકલા પર આવી પડી. અનેક પ્રશ્નોની ગૂંગળામણ સાથે કલાના છોડી દીધેલા અભ્યાસને પૂરો કરવાની તીવ્ર ઈચ્છા પણ વારંવાર જાગૃત થઈ ઊઠતી. પણ બધું કોને કહે? કોણ સાંભળે? પણ ના, એક જણને એમની આ બધી અભિલાષાનો ખયાલ હતો. બચપણથી જ જેણે એમનો સાથ લીધેલો એ પત્ની આ બધું જાણતાં હતાં. એમણે અહિવાસીને સધિયારો આપ્યો. પોતે ગમે તેમ વેઠી લેશે એમ કહી એમણે અધૂરો મૂકેલો અભ્યાસ પૂરો કરી લેવા અહિવાસીજીને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા જ કર્યાં.

આથી બે વર્ષને અંતે ફરી એમણે મુંબાઈની કળાશાળામાં પગ મૂક્યો. એમને આવેલા જોઇ પ્રિન્સિપલ સૉલોમન ખૂબ રાજી થયા. શાળાના છેલ્લા વર્ષમાં એમને દાખલ કરી દઇને સ્કૉલરશિપની વ્યવસ્થા પણ કરી આપી. અને ફરી એમની કલાસાધના શરૂ થઈ ગઈ. સ્કૂલ ઑવ આર્ટનાં લગભગ બધાં જ પારિતોષિક એમણે પ્રાપ્ત કર્યાં. ઈ. ૧૯૨૬માં પ્રથમ કક્ષામાં પ્રથમ નંબરે આવી એ માટેનો સુવર્ણચંદ્રક મેળવી એમની તપશ્ચર્યાના શિખર પર કળશ ચડાવ્યો. એ જ વર્ષે સુરતમાં ભરાએલા કલાપ્રદર્શનમાં પણ એમને સુવર્ણચંદ્રક મળેલો. તે પછી બે વર્ષ માટે મ્યૂરલ ડેકોરેશન (ભીંતચિત્રો)ના વર્ગમાં જોડાયા ત્યારે પણ તેમની કામગીરી માટે મેયો ચંદ્રક એમને મળેલો. ઉત્તમ આલેખનશક્તિ માટેનું રૂ. ૬૦૦નું ડૉલી ખોરશેદજી ઈનામ પણ મળ્યું. એ ઉપરાંત સુંદર ચિત્રો માટેનો કાંસ્યચંદ્રક ને ૧૯૨૭માં મુંબાઈ આર્ટ સોસાએટીમાં સ્વામી હરિદાસના ચિત્ર માટે રૌપ્ય ચંદ્રક પણ મેળવેલો.

ત્યારના પ્રતિષ્ઠિત વિવેચક શ્રી કનૈયાલાલ વકીલે ભારતીય કલાનો પુરસ્કાર કરવા માટે અનેક અભ્યસનીય લેખો લખીને તેની ઠીકઠીક પિછાન કરાવી હતી. તેમણે તથા પ્રિન્સિપલ સૉલોમને મળીને ભારતીય કલાની પ્રતિષ્ઠા વધારી. એમના બંનેના સંપર્કનો લાભ અહિવાસી-



ભારતીય કલાકાર

જીને પણ સારી પેઠે મળતો. એ સૌની જહેમત અને ભારતીય કલાના યોગ્ય પક્ષપાત તથા પ્રસારને પરિણામે નવી દિલ્હીના વાઈસરૉયના રાજભવનનાં સુશોભનનું એક કામ મુંબાઇની સ્કૂલ ઑવ આર્ટને સોંપાયું.

સૉલોમને હવે અહિવાસીજીને કળાશાળામાં ચિત્રશિક્ષક તરીકે ખેંચી લીધા અને તેમના હાથ નીચે હિન્દી પ્રણાલીના ચિત્રકામનો વર્ગ ખોલ્યો. મુંબાઈની ચિત્રશાળામાં હિંદી ચિત્રકળા-શિક્ષણનો એ સૌ પહેલો પ્રબંધ. બગીચામાં ઝાડનાં ઝુંડ વચ્ચે ઊભેલા લાકડાના બાંધેલા બે ખંડોમાં એમનો એ શિક્ષણવર્ગ ચાલતો. તેમને નિજી ઢબે કામ કરવા સરકારી શાળામાં સગવડો ને સ્વતંત્રતા મળી.

દિલ્હીનું કામ શરૂ થયું. અહિવાસીજીએ તે માટે કરેલું ચિત્ર એટલું તો સુંદર થયું કે પછી તો સમગ્ર કામ સ્કૂલ ઑવ આર્ટને જ મળ્યું. સૉલોમન પણ એ જોઇને પ્રસન્ન થયા. એ ચિત્રમાં એક સ્ત્રી માચી પર બેસીને ચિત્ર આલેખે છે. એ માચી સ્કૂલના ભંગારમાં ક્યાંક ઊંચે પડી હતી. અહિવાસીજીની નજરે એ ચડી ત્યારે ભીંત પર ચડીને આલેખી લીધેલી. સૉલોમન તો એ જોઈ ખુશ થઈ ગયા.

શુદ્ધ ભારતીયતાની તો તેઓ અત્યંત નજીક છે. સુંદર ગોદડી કે અંગરખી ને માથે જુદીજુદી પાઘડી પહેરે ત્યારે સ્વયં એક ભારતીય ચિત્ર જ લાગે. એમના પિતાજીની એમણે કરેલી એક તસવીર ભારતીય છબિચિત્રાલેખનનો ઉમદા નમૂનો છે. ઇંગ્લંડના એક પ્રદર્શનમાં એ ખૂબ વખણાએલું અને પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમે ખરીદી લીધું.

આ સમયનો ગાળો યે સરળ તો નહોતો જ. અનેક સંકટો અને સંઘર્ષો વચ્ચે જીવનયાત્રા ચાલતી હતી. કુટુંબને પણ હવે મુંબાઈ લાવી વસાવ્યું હતું. પ્રથમ તો ઘર પણ છેક બોરીવલીમાં મળેલું. એ કાળે તો એ સ્થળ તદ્દન ઉજ્જડ ગામ જેવું હતું. ઘરવખરી ને જોઈતી ચીજો પણ કૉલેજમાંથી છૂટી, બજારમાં રખડીને ખરીદી જવી પડતી હતી. આ રીતે ઘેર પહોંચતાં મોડું થઈ જતું. રજાના દિવસો સિવાય બાળકો







ઉપર: કિશોર જગન્નાથ; જમણી બાજુ: પોરબંદરમાં મંદિરના કીર્તનકાર; છેડે પત્ની તથા બાલિકા સાથે

પિતાનું લાલનપાલન પણ પામી શકતા નહિ. પગાર પણ ટૂંકો. છતાં આ સંકટમય દિવસોમાં યે પત્નીએ ખૂબ કરકસર અને કુનેહથી ઘરનો વહેવાર ચલાવેલો. એમના એ પરિશ્રમ, ત્યાગ અને વ્યવહારકુશળતાથી અહિવાસીજીના જીવનમાં થોડી સરળતા થતી.

બીજી બાજુ કળાશાળામાં વર્ષોથી રૂઢ થઇ ગએલા 'ઍન્ટમી' અને 'વૉશ મેથડ'ના શિક્ષણોની સામે ભારતીય પદ્ધતિઓને સ્થાપવાનું કાર્ય પણ ભગીરથ હતું. ભારતીય ચિત્રની એ કાળની વ્યાખ્યા પણ ઘણી મર્યાદિત હતી. છતાં એમણે એક આગવું વાતાવરણ ઊભું કરી ભારતીય વિષયોનું સાહિત્યપાન કરાવી ભારતીય ચિત્રશૈલીની સ્થાપના કરીને એક નવી દુનિયાનું સર્જન કર્યું હતું.

એમના એ વર્ગમાં નીચે બેસવાનું. ભારતીય ચિત્રોના ઢગલા વચ્ચે સાહિત્યની રસભરી વાતો ને ચિત્રોના મર્મની ચર્ચા ચાલતી જાય ને સાથે ચિત્રકામ ચાલ્યા કરે. સંસ્કૃત સાહિત્ય ને વ્રજભાષાના પદલાલિત્યની ત્યાં છોળ ઊડતી હોય, અધ્યાત્મતત્ત્વની ચર્ચા ચાલતી હોય અને તેમાં કોઇ પણ રૂઢ પદ્ધતિના બંધન વગર મુક્તપણે વિદ્યાર્થીઓ કામ કરતા જાય. અને એ રીતે દરેક વિદ્યાર્થીની પોતીકી પ્રતિભા વિકસતી. પોતાની આગવી રીતે જ એમણે આ વર્ગનું સંચાલન કર્યું. એમની એ આત્મીયતામાંથી ભારતીય કળા પ્રત્યે શ્રદ્ધાશીલ એવા સ્કૂલ ઑવ આર્ટના ઘણા અગ્રગણ્ય વિદ્યાર્થીઓનું ઘડતર થયું.


ધીરેધીરે આ વર્ગની પ્રતિષ્ઠા જામતી ગઈ. આર્ટ સ્કૂલનાં મુલાકાતીઓને માટે પણ ફેંટો, શેરવાની ને ખેસ પરિધાન કરેલા અહિવાસીજી તથા એમના વર્ગની મુલાકાત જાણે એક અનિવાર્ય પ્રથા બની ગઇ. અહીં એક પ્રસંગ યાદ આવે છે. કલાચાર્ય શ્રી નંદલાલ બોઝ એક વેળા મુંબાઇ આવેલા ત્યારે કલાવિદ્યાલયની મુલાકાતે પણ આવેલા. અહિવાસીજીનું શિક્ષણકાર્ય જોઈ એમણે એમને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા અને 'બંગાળ સ્કૂલ સાથે ગુજરાતમાંથી કોઇ પણ હિંદી કળાની મશાલ લઇને ઊભા રહે એવા હોય તો તે ભાઈ અહિવાસી જ છે' એવો અભિપ્રાય એમણે વ્યક્ત કર્યો. અન્ય અધ્યાપકો તો સમસમી ગયા. કોઈએ અહિવાસીજીને યદ્વાતદ્વા કહ્યું પણ ખરું. આ બધાથી એમને ખૂબ રંજ થયો. પ્રિન્સિપલ સૉલોમનને આ વાતની જાણ થઇ ત્યારે પેલા ભાઇને એમણે સારી પેઠે ધમકાવ્યા અને અહિવાસીજીને બોલાવીને ઘણું સાંત્વન આપ્યું. વિદ્યાર્થી અવસ્થામાં તેઓ ખાદી પહેરતા એ સામે પણ શાળામાં ઘણી હેરાનગતિ ભોગવવી પડી હતી. શાળાના એક પ્રદર્શનમાં એમને ગવર્નરનું પારિતોષિક મળવું હતું તે પણ ત્યાંના મેળાવડામાં જાહેર કરાયું નહોતું. પણ અહિવાસીજીની નિશ્ચલતા અને નમ્રતામાં જરા યે ફરક પડયો નહોતો. એમણે તો સ્વદેશી વધુ અપનાવ્યું અને દાઢી યે વધારી. વિરોધીઓએ એમને આગળ આવવા ન દીધા, પણ જેમનામાં સ્વયંશક્તિ છે, સત્ય પરત્વે નિષ્ઠા છે એ સ્વયં પ્રકાશે છે જ.

નિકટના વિદ્યાર્થીઓને તેઓ ઘણીવાર યાદ કરે છે. શરૂઆતના સમયના જમુ સંપત નામના એક ખૂબ સુંદર અને ઝડપી કામ કરનારા વિદ્યાર્થીના એકાએક થએલા અવસાનનો એમને ઊંડો આઘાત લાગેલો. હજી યે તેઓ એને ઘણી વાર પ્રેમથી સ્મરે છે. વિદ્યાર્થીઓને એમણે ઘણીવાર આર્થિકથી માંડી માનસિક વિટંબણાઓમાં અનેક વખત પ્રેમથી સહાય કરી છે. એમનામાં રહેલી સુપ્ત વિશિષ્ટતાઓને એમણે જગાડી છે, પ્રોત્સાહનો અને સુયોગ્ય માર્ગદર્શનોથી વિકસાવી છે ને ભારતીયતાથી એને સીંચી છે. એમની પાસેથી સાહિત્યનું રસપાન કરવું એ યે એક લ્હાવો છે. કોઇ પણ સારા ગ્રંથની નાડ એમની પાસેથી મળે. ભારતીયતાનો સાત્ત્વિક રસ એમના પ્રત્યેક લખાણમાંથી નીતરતો જોવા મળે. આર્થિક સ્થિતિ બહુ સદ્ધર નહિ છતાં કલાનુરાગ પણ એવો કે કોઇ પણ ઉમદા ચીજ ખરીદવા યોગ્ય લાગે તો જરૂર લઇ જ લે. રમકડાં, શિલ્પ, ચિત્રો અને પુસ્તકોનો એમનો સંગ્રહ નાનકડો છતાં ઘણો મહત્ત્વનો છે.

વૈષ્ણવ સંપ્રદાયના મર્મગ્રાહી પ્રતિનિધિ સમા તેઓ કોઇ પણ પ્રકારના જડવાદને ન અનુસરતાં પરંપરાથી કુટુંબમાં ચાલ્યા આવતા પુષ્ટિમાર્ગને સમજપૂર્વક અપનાવી રહ્યા છે. હૃદય રૂના પોલ જેવું ગભરુ. ઠાકોરજીની પૂજાનો મહિમા એમને મુખેથી સાંભળીએ કે એમને સેવાપૂજા કરતા નજરે જોઈએ ત્યારે જ એનો ખયાલ આવે. એ સેવાના પણ અનેક પ્રકારો. એમાં ભારોભાર કળાનો સંચાર પણ ખરો જ. ભગવાનના સ્વરૂપનું એક માતાની પેઠે લાલનપાલન કરે. વૈષ્ણવ સં-

પ્રદાયના આચાર્યોએ ખૂબ સૂક્ષ્મતાથી આ બધાંનું બંધારણ કરી એમાં કળાને ઓતપ્રોત વણી લીધી છે. ઠાકોરજીનો શણગાર, વસ્ત્ર-પરિધાન, ઠાકોરજીના વાઘા, આસપાસનાં પિછવાઇ-પાથરણાં વગેરે ઋતુઓ અનુસાર રંગનાં જ જોઈએ. બે ઋતુઓના સંધિકાળે જુદાજુદા રંગોની પણ વિવિધ મિલાવટવાળાં વસ્ત્રો વગેરે ખૂબ જ સમજપૂર્વક તેઓ કરે. એમના આ નિત્યક્રમમાં ભારતીય કળાના આત્માનું દર્શન થાય છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય, વિઠ્ઠલપાદશ્રી, હરિરાયજી વગેરે વૈષ્ણવ આચાર્યોના સાહિત્યની રસલ્હાણ પણ એમની પાસેથી માણવા જેવી છે.

આ પરંપરાના વારસદારનાં ચિત્રો પણ ભક્તિ ને ભાવથી તરબોળ બને એ સ્વાભાવિક છે. કૃષ્ણનામકરણ, મીરાં, સ્વામી હરિદાસ, શિયાળો, સંદેશ, રાધા, સારથી અને એવાં બીજાં અનેક ચિત્રોમાં એમની આ ભક્તિસભર કલાઉપાસનાની સિદ્ધિ જોવા મળે છે. આમાં યે 'મીરાંનું પ્રયાણ' નામક એક ચિત્ર એમને વધુ ગમતું. એને વિષે એ કહેતા કે 'થોડામાં વધુ કહેવું એવી મારી મનોવૃત્તિ છે. આ ચિત્રમાં થોડામાં વધારે છે.' મીરાં ઊંટ પર હાથમાં ગિરિધરની મૂર્તિ ધરીને ઉન્નત મસ્તકે બેઠી છે. એ ધ્યાનસ્થ છે. ગિરિધરમાં ચિત્ત પરોવી દુનિયાથી અલિપ્ત બની ગએલી મીરાંનો ભાવ એમાં ઉતાર્યો છે. લંડનની રૉયલ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાંથી ખરીદીને ભારત સરકારે એ ચિત્ર ચીનને ભેટ આપ્યું છે. આ જ રીતે મુંબાઇના પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝિયમમાં, બનારસના ભારત કલાભવનમાં, લખનૌ મ્યૂઝિયમમાં, દિલ્હીના નૅશનલ મ્યૂઝિયમમાં પણ એમનાં ચિત્રો રાખવામાં આવ્યાં છે અને કલ્યાણજી કરમશી દામજી, પતિયાળાના મહારાજા, ડૉ. જયકર, શ્રી હઠીસિંહ, ગૌસ્વામી શ્રી ગોકુલનાથજી વગેરેના સંગ્રહોમાં એમનાં ચિત્રો સંઘરાયાં છે.



૧૯૪૨ની રાષ્ટ્રીય લડતને સ્મરણાંકિત કરતું ચિત્ર : 'હિંદ છોડો'નો લોકનાદ

એમનું આત્મબળ પણ ભારે. હાથ લીધેલું કામ પૂરું કરવું જ, અને એ યે અમુક કક્ષાનું જ થવું જોઈએ એવો એમનો આગ્રહ; અને આત્મવિશ્વાસ પણ ખરો જ. ઈ. ૧૯૫૫ અને '૫૭માં લલિતકલા અકાદમીએ એમને બાદામી અને સિત્તનવાસલની ગુફાઓનાં ચિત્રોની પ્રતિકૃતિઓ કરવાનું કામ સોંપેલું ત્યારે એમણે ડ્રૉઇંગ, રંગ અને ટોન વગેરે મેળવવામાં જે સિદ્ધિ દર્શાવી હતી તે અમારે માટે તો એમના અપાર જ્ઞાન અને કૌશલની પ્રતીતિરૂપ હતી. એમના એ ઉત્કૃષ્ટ કાર્ય બદલ અકાદમીએ એમને સુવર્ણચંદ્રક આપ્યો છે. આ બધી અનુકૃતિઓ દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં રાખવામાં આવી છે.

પચ્ચીસ વર્ષની અખંડ સેવા પછી સ્કૂલ ઑાવ આર્ટમાંથી જ્યારે તેઓ નિવૃત્ત થયા ત્યારે વિદ્યાર્થીઓએ ખૂબ ગદ્‌ગદિત થઇ એમને વિદાય આપી. પણ એમની નિવૃત્તિ પછી આજે હવે ત્યાં ભારતીય ચિત્રકળાનાં દર્શન થતાં નથી. એમની રસમનો એમના જવા સાથે જાણે ત્યાં અંત આવી ગયો દેખાય છે. ઈ. ૧૯૫૬ સુધીની એમની એ અખંડ સેવા બદલ એમને ખાસ વેતન પણ મળતું નહોતું. કુટુંબની અનેક ઉપાધિઓ, સખત પરિશ્રમ અને અભ્યાસકાળ દરમિયાન વેઠેલી વિટંબણાઓએ એમના શરીરને જાણે ઘસી નાખ્યું. છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી તો હવે એમની તબિયત પણ બગડી છે.

સ્કૂલ ઑાવ આર્ટમાંથી નિવૃત્ત થયા ત્યારે ભવિષ્યની કંઈ નિશ્ચિતતા ન હોવા છતાં યે ઈશ્વર પ્રત્યેની એમની અવિચળ શ્રદ્ધા એવી ને એવી જ હતી. અને એ શ્રદ્ધા ફળી પણ ખરી. બનારસ હિન્દુ યુનિવર્સિટીના કળાવિભાગના સંચાલન માટે એમને નિમંત્રણ મળ્યું અને એમની અત્યાર સુધીની ઘોર તપશ્ચર્યા જાણે ફળતી લાગી. યુનિવર્સિટીના ભારત કલાભવનના માનાર્હ અધ્યક્ષ રાય શ્રી કૃષ્ણદાસજી અને કલામર્મજ્ઞ અને વિવેચક તથા પ્રકાંડ વિદ્વાન શ્રી વાસુદેવશરણ અગ્રવાલજી જેવાને એમને માટે પૂર્ણ માન છે, અને એટલે જ ત્યાંના ચિત્રકળાવિભાગનું સંચાલન એમને સોંપાયું છે.

ચિત્રકળા અને સંગીત ઉપરાંત વ્રજભાષાનું એમનું જ્ઞાન એટલું તો ઊંડું છે કે અમુક બાબતમાં તો તેઓ પ્રમાણ ગણાય છે. કીર્તનોનો એક ગ્રંથ પણ એમણે પ્રકટ કર્યો છે. મેરઠમાં ભરાએલા વ્રજસાહિત્ય સંમેલનના તેઓ પ્રમુખ પણ નિમાએલા. એ જ રીતે ઈ. ૧૯૪૯માં જૂનાગઢમાં અને છેલ્લે હમણાં ૧૯૬૧માં કલકત્તામાં ભરાએલા ગુજરાતી સાહિત્ય-પરિષદ-સંમેલનોના કલાવિભાગનું પ્રમુખસ્થાન પણ એમને અપાએલું. આ ઉપરાંત, મુંબાઇમાં ચાલતા 'ધ યંગ આર્ટિસ્ટ એસોસીએશન'ના સંચાલક તરીકે અને ત્યાર બાદ દસેક વર્ષ સુધી ગુજરાત કલામંડળના પ્રમુખ તરીકેની કામગીરી પણ એમણે બજાવી છે. એમના હાથ નીચે તૈયાર થએલા વિદ્યાર્થીઓમાં સર્વશ્રી યજ્ઞેશ્વર શુક્લ, સ્વ. ભાનુ સ્માર્ત, મોરારજી સંપત, કુમી દાલાસ, ગુલાબબેન હઠીસિંગ, વજુભાઈ ભગત, હીરાલાલ પટેલ, રસિક રાવળ, જગુ પીઠવા, ગોકુલદાસ કાપડિયા, કારિયા, રણવીર સકસેના, પ્રાણનાથ માગો, યુસુફ ધાલા, કે. કે. જસવાણી વગેરે અગ્રગણ્ય ગણાય.

ઈશ્વર એમને ભારતીય કળાની સેવા કરવા દીર્ઘાયુ આપો.

વનસૃષ્ટિની રોમાંચક લીલા વર્ણવતી એક શિકારકથા

જાંબુડાની ડાળ પરથી

લેખક • સનતકુમાર ભટ્ટ

કોઈની કલ્પનામાંયે ન આવે કે મારી સામે પડેલા 'પાંદડાં'ના ઢગલામાં વાઘનું મારણ પડયું હશે. એ ઢગલો જોતાં જ મને કાંઇક શંકા તો થઈ હતી જ એટલે પાંદડાંને બંદૂકથી જરા આઘાંપાછાં હઠાવીને ખાતરી કરી લીધી. એક કાળિયારનું શબ વાઘે ઢાંકી રાખ્યું હતું. કાળિયાર જેવા ચપળ પ્રાણીને પકડનાર વાઘની ચપળતાનો ખયાલ મને તુરત આવી ગયો.

હવે વાઘ ભૂખ્યો થશે ત્યારે આ જગાએ જરૂર આવવાનો. મેં ચારે તરફ નજર નાખી. વાહ રે વાઘ! શી તારી ચતુરાઇ! નજીક ચારે તરફ એને સંતાવાં જેવી કરમદીનાં ઝુંડ હતાં. તેની બાજુમાં થઇને અરધો માઇલ દૂર આવેલી નદીને જઈ મળતી એક કેડી જેવું હતું. આ તરફ એક માત્ર જાંબુડો સીધો ઊગ્યો હતો. તેની પાછળ પાંચ-પાંચ ફૂટ ઊંચું સૂકું ઘાસ પવનમાં હિલોળતું દૂર સુધી પથરાયું હતું. દૂર પચાસ ગજ ઉપર લાંબી પડેલી એક ટેકરી હતી. તેનો ઢાળ આ તરફ જ હતો.

મારી નજર જાંબુડા પર ઠરી. થડ પર બારેક ફૂટ સુધી તો મોટી ડાળ ન હતી. હું ઉપર ચઢયો ને જોયું તો પૂરતી મજબૂત કહેવાય એવી એકે ડાળ ન હતી, છતાં મારો ભાર ઝીલી શકે એટલી મજબૂત તો હતી જ. પરંતુ જો વાઘ વિફરે અને છલંગ મારે તો તેના વજનનો ભાર અને મારો ભાર વેઠવાની તાકાત તો તેનામાં નહોતી જ.

પણ બીજો ઉપાયે ન હતો. મેં ઊંચેની એક ડાળ પર દોરડું બાંધ્યું અને મારે બેસવાની ડાળ સુધી લંબાવ્યું. પછી મારી બેઠક બરાબર જોઈ લીધી. કયાં પગ ટેરવવા, કઇ તરફ મોં રાખવું, બંદૂક કયાં રાખવી, નિશાન તાકતાં કઇ કઇ ડાળીઓ આડી આવશે વગેરે જોઈ લીધું. કઈ દિશામાંથી વાઘ આવવાનો સંભવ છે તેની કલ્પના પણ કરી લીધી. અને તે પ્રમાણે નિશાન લેવાય તે માટે આડી આવતી ડાળીઓ તોડી તોડી એકઠી કરી દોરીથી બાંધી બીજી એક ડાળી પર લટકાવી દીધી. આવી સાવધાનીની જરૂર હતી. કદાચ મારા હાથ અડેલી એ ડાળીઓ નીચે પડી હોય અને વાઘના સૂંઘવામાં આવે તો એ ચકોર પ્રાણી ચેતી જાય અને મારી તપસ્યા નકામી જાય.

બધી તૈયારી કરી રહ્યો ત્યારે સૂર્ય ટેકરી પાછળ ઊતરી ગયો હતો. તેની તળેટીનાં વૃક્ષોમાં પક્ષીઓએ કિકિયારણ મચાવી દીધું હતું. સસલાં ને નોળિયા ઠેકાઠેક કરતા પોતપોતાનાં દર તરફ વળી રહ્યાં હતાં. પાછળના ઘાસમાં થઇને થોડી વારે પાંચેક હરણાંનું ટોળું ઠેકડા મારતું પસાર થઈ ગયું. સહુ આવતી રાત્રિના ઓળાનો અણસાર પામી જઈ રક્ષણ મેળવવા ઘર ભણી વળી રહ્યાં હતાં.

મેં ચાર બિસ્કિટ ખાઈ લીધાં. બંબલીમાંથી પાણી પી લીધું, છેલ્લી ચૂંગી પી લીધી. બંદૂક બરોબર તપાસી લીધી, અને જાંબુડા પર ચઢી જઈ મુકરર જગ્યાએ ગોઠવાઈ ગયો. ઉપરથી લટકતું દોરડું કમરે બાંધી લીધું. રખેને વાઘ તરાપ મારે ને તેના ભારથી નબળી ડાળી મને લઇને તૂટી પડે તો! એટલે દોરડું બાંધ્યું હોય તો અદ્ધર લટકી રહેવાય.

મારું અનુમાન હતું કે અંધકાર છવાયા પછી વાઘ નદીએ પાણી પીવા જશે ને ત્યાર પછી નિરાંતે મારણ પર આવશે, એટલે એને આવવાની હજી વાર હતી, પણ આવશે જલદી. કદાચ બીજું કોઈ પ્રાણી તેનો ભક્ષ જોઈ જાય અને ચટ કરી જાય એવી દહેશત પણ એને હોય. આથી મારે હજી એકાદ કલાક સુધી તો ફિકર કરવા જેવું ન હતું.

તમરાંનું સંગીત શરૂ થઈ ગયું. પૂર્વમાં ચંદ્રોદયનો ઉજાસ ફેલાવા લાગ્યો. કલાકમાં તો તે પ્રકાશ મારણ ઉપર પડશે અને મારા કાર્યમાં સરળતા કરી આપશે એવી મારી ગણતરી હતી.

દૂર દૂર ગામનાં કૂતરાં ભસતાં હતાં અને તેના જવાબમાં શિયાળવાં લાળી કરી વાતાવરણને ભયંકર બનાવી રહ્યાં હતાં. સામેના એક શિમળા પરથી ઘુવડ ઘુરકી રહ્યું હતું. બીજાને ભલે એ અવાજ બિહામણો લાગતો હોય; મને એની ગંભીરતામાં ઘેરી માદકતા જણાતી હતી. બધું જ બિહામણું હોય ત્યારે જે માણસ બીકને ભૂલી જાય છે તેને અમાપ આનંદનો અનુભવ થાય છે. જે એ આનંદ અનુભવી શકે તે જ એક જગ્યા પર બેસીને શિકારની વાટ જોવામાં રાત આખી ગુજારી શકે.

દખ્ખણાદો પવન વાતો હતો. જાંબુડાનાં પાન એકમેકને ભેટીને કિલકિલ હસી રહ્યાં હતાં. ચંદ્રના પ્રકાશથી જંગલમાં ફેલાએલી ઘેરી-આછી તડકી છાંયડીથી તેની ભયંકરતા વધુ ગાઢ બનતી હતી.

દખણાદિ પવનથી હું જરા બેચેન હતો. કેમકે એ મારી ગંધ ઉત્તર તરફ લઈ જતો હતો, ને વાઘના આવવાની સંભાવના પણ એ તરફથી જ હતી. કદાચ એ ચેતી જાય અને ન આવે તો? વળી ચારે બાજુ કોતર ને કરમદીનાં ઝુંડ વાઘને સંતાઇને આવવાની અનુકૂળતા કરી આપતાં હતાં.

કલાક તો નહીં પણ એ પછી જ્યારે ચંદ્ર આકાશમાં બે-એક વાંસ ઊંચે ચઢયો હશે ત્યારે દૂરથી પંખીઓના માળામાં સળવળાટ થતો સંભળાયો. એ સળવળાટ ધીમેધીમે કોતરની નજીક આવતો ગયો. હું સાવધ બની ગયો, વનરાજ નજીકમાં જ હતો તેની મને ખાતરી થઈ ગઈ. દિશા પણ ધારી લીધી, બંદૂક પર હાથ મૂકયો ને અવાજની દિશામાં આમતેમ તીણી નજરે જોવા માંડયું પણ પવનમાં ડોલતી કરમદીના હલનચલન સિવાય કોઈ જીવસંચાર દેખાયો નહિ. પાએક કલાકે કંટાળી મેં જ્યારે ફરી મારી આંખ મારણ તરફ ફેરવી ત્યારે હું ઠરી જ ગયો. મારણની નજીકની કરમદીમાં બે ઝીણા દીવા એકી ટશે મારી તરફ ટાંપી રહ્યા હતા. રાજવીની હાજરીનો પ્રતાપ હવે મને સ્પર્શી ગયો. કોઈ મહાપુરુષની હાજરીમાં આપણે જેમ વામણા લાગીએ છીએ અને કાંઈ બોલી શકતા નથી તેમ આ વનરાજની હાજરીથી પણ જંગલમાં સઘળે ચૂપકીદી છવાઈ ગઈ.

સહુથી વધુ તો મને એ નવાઈ લાગી કે હું આટલાં પાદડાંમાં લપાઇને ઊંચે બેઠો હતો છતાં વાઘ કયારે આવ્યો અને કયારનો મને જોતો બેઠો હતો તેનું મને ભાન જ ન રહ્યું! હું જડવત્ ત્યાં જ ચોંટી રહ્યો. બંદૂક ઉઠાવવાનું હલનચલન કરતાં વાઘ અદ્રશ્ય થઇ જશે એની મને ખાતરી હતી.

બીજો અડધો કલાક ગયો, સામેના બે દીવા ઉઘાડવાસ થતા મારી સામે જ ખોડાઈ રહ્યા હતા. હું પણ નજર ખસેડવાની હિંમત કરી શકયો નહિ. આ તો ભયંકર સજા, કયારે પાર આવશે? પછી એકાએક મને લાગ્યું કે વાઘ પેટે સરતો સાવધાનીથી મારણ તરફ ખસતો હતો. વાઘથી ભૂખ જીરવાઈ નહિ ને જોખમ ખેડીને પણ એ મારણ પર સરી આવ્યો. હું મનમાં રાજી થયો. ચંદ્રના પ્રકાશમાં એની કેસરી ચળકતી ચામડી પરના રૂપાળા કાળા પટ્ટા મોહક લાગતા હતા. ઘડીક વારમાં તો માંસ ચીરાવાના અને ભયંકર તાકાતવાન (અનુસંધાન પૃષ્ઠ ૭૨)

આત્મકથાનક-૨

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર મ. રાવળ



તેમની પહેલી નિમણૂક ઘોળા જંકશનના સ્ટેશન પર રૂપિયા ૧૫ થી થઈ. તે જ દિવસે બીજી રેલવેમાંથી જુનિયર સ્ટેશન માસ્તર તરીકે સૉલોમનની અને એક જૂના સિગ્નલર માસ્કરિનસ નામના ગોવાનીઝની નિમણૂક પણ થઇ હતી. એક નાનચંદ વનમાળી પણ તેમની સાથે હતા, જે પાછળથી એ નોકરી છોડી ભાવનગર હાઈસ્કૂલમાં શિક્ષક થએલા અને હેડમાસ્તરના પદ સુધી પહોંચેલા. ઘોળામાં જેવુંતેવું હાથે રાંધીને ચલાવી લેવું પડતું. પાણી પણ હાથે ભરી લાવવાનું હતું અને વાસણ પણ જાતે જ માંજવાનાં હતાં.

થોડા વખત પછી કુંકાવાવ, ત્યાંથી ગઢેચી (ભાવનગર પરા) અને ત્યાર બાદ ભાવનગરના રેલવે સ્ટેશન પર તેમની બદલી થઈ. ત્યાં તેમને શ્રી હરગોવિંદભાઇ પંડયા અને ઓધવજીભાઇ બધેકાનો પરિચય થયો. શ્રી હરગોવિંદભાઇને તેમણે ટેલિગ્રાફીમાં પ્રવેશ કરાવ્યો. પાછળથી એ બંને શ્રીમન્ નથુરામ શર્માના શિષ્યમંડળમાં જોડાયા ત્યારે આ મૈત્રી વધુ દૃઢ થઈ. એ બંને મિત્રો રેલવેમાં આગળ જતાં ઘણે ઊંચે દરજ્જે ગયા હતા અને તેમના મૈત્રીસંબંધોનો લાભ પછીની પેઢીને મળ્યો હતો, તેની વાત આગળ આવશે. પાછળથી મહાશંકર પોસ્ટખાતામાં ગયા ત્યારે તેમણે શ્રી હરગોવિંદભાઇને પોતાની સાથે ખેંચી લેવાનો ઘણો આગ્રહ કરેલો, પણ કેટલાંક કૌટુંબિક કારણોસર હરગોવિંદભાઇએ કાયમ માટે રેલવેની નોકરી જ પકડી રાખેલી ને ભાવનગરના સ્ટેશન માસ્તરને દરજ્જે પહોંચેલા. હાલનું ભાવનગર સ્ટેશન તે વખતે બંધાયું નહોતું. તળાવ પાસે થોડાં છાપરાંમાં સ્ટેશનનું કામ ચાલતું.* ભાવનગરથી મહાશંકરની બદલી ફરીવાર ઘોળા અને કુંકાવાવ થઇ ને ત્યાંથી જેતલસર જવાનું થયું. તે પછી ઝિન્ટે તે સિગ્નલર તરીકે જૂનાગઢ ગયા.

૪ રેલવેથી છૂટા થયા

ઈ. ૧૮૮૨માં મહાશંકર રાવળ જૂનાગઢમાં સિગ્નલર થયા તે સમયે શેરગઢ રાજ્યના મૈયા લોકોને જમીન-ગરાસની બાબતમાં અન્યાય થતાં તેઓએ બંડ કરેલું. જૂનાગઢ રાજ્યના અમલદારો લશ્કર લઈ સામે ગએલા તેમાં કેટલા ય મૈયા લોકો માર્યા ગએલા. આ બાબત સરકાર તરફથી તપાસ-કમિટી નીમાઈ તેના તાર વારંવાર મુંબાઇ થતા. ત્યારે જૂનાગઢ રાજ્યના પોલિટિકલ ખાતાવાળાએ તાર ઑફિસેથી બાતમી મેળવવા ઘણા પ્રયત્નો કરેલા અને પૈસાની લાલચો પણ આપેલી, પણ મહાશંકર રાવળ મક્કમ રહ્યા અને કંઈ જ ખબર બહાર જવા ન દીધી. આ વાત ખાતાના વડા મિ. લીચની જાણમાં આવી તેથી તેમના પર તેનો સારો ભાવ બંધાયો.

જૂનાગઢ રાજ્યમાં ઘણા અમલદારો સાથે અરબ દીવાન સાલેહિન્દી પણ હતા. કેશોદ પાસેના ગામમાં મૈયા લોકોનો ગરાસ હતો. તેઓ મૂળ-ગરાસિયા હતા, તેથી રાજ્ય તરફથી ઈ. ૧૮૮૨માં વેરા નંખાતાં તેમણે વાંધો ઊઠાવ્યો. કારભાર નાગર મુત્સદ્દીઓના હાથમાં હતો. ભાવનગરના માણેકલાલ બાપાલાલ નાયબ-દીવાન હતા. પ્રજામાં હિંદુ-મુસલમાનની એકદિલી હતી. મૈયા લોકોએ રિસામણું કરી ગામ છોડી દીધું અને બહાર ટેકરી પર પડાવ નાખ્યો. વાટાઘાટમાં તેઓ માન્યા નહિ તેથી રાજ્યે એજન્સીને જાણ કરી મૈયા લોકો હથિયાર ઉઠાવશે એવો ભય દર્શાવ્યો. તે વખતે પોલિટિકલ એજન્ટ કર્નલ બાર્ટન અને પ્રાંત ઑફિસર કર્નલ વૉટસન હતા. ધારી પાસે માણેકવાડામાં તેમનું થાણું હતું. (પ્રાંત ઑફિસરે પાછળથી જેતલસરનું થાણું બનાવ્યું હતું.) એજન્ટે જણાવ્યું કે મૈયા લોકો બિનકાયદા હોય તો રાજ્ય તેમના સામે પગલાં લઇ શકે. એ પરથી પોલીસ ઉપરી સુલેમાન ફોજ લઈ ઊપડ્યા ને રાતોરાત જઇને સૂતેલા લગભગ પચાસેક મૈયા લોકોની કતલ કરી. રાજ્યના સિપાઈઓ તેમનાં માથાં ભાલા પર ભેરવી જૂનાગઢમાં દાખલ થયા. સુલેમાનને નવાબસાહેબે ખિતાબ આપ્યા.

આ બનાવોની જાણ મુંબાઈમાં થઈ. બૅરિસ્ટર વાડિયાએ વિનાફીએ મૈયા લોકોનો કેસ હાથમાં લઈ લીધો અને સરકારમાં ફરિયાદ કરી. મુંબાઇ સરકારે તથા ઇન્ડિયા ગવર્નમેન્ટે નવાબનો ઊધડો લીધો. હકીકતો જાહેર થતાં એજન્સીની બેપરવાઈ બહાર પડી. એજન્સીના કર્નલ વૉટસન અને બાર્ટન વચ્ચે પણ ખટપટ હતી. આ બધાની ધમાધમી તાર પર ચાલી. પરિણામે કર્નલ બાર્ટનને નોકરી પરથી દૂર થવું પડ્યું. કર્નલ વૉટસન તેમની જગ્યા પર આવ્યા. સાલેહિન્દી તથા તેમના હાથ નીચેના માણેકલાલ બાપાલાલ અને સુલેમાન જમાદારને ગડગડિયું મળ્યું. નવાબની તોપોનું માન ૧૫માંથી ૧૧નું થયું. મૈયાઓના ઓર-



પિતાશ્રી મહાશંકર ભગવાનલાલ રાવળ ઈ. ૧૮૯૩માં

---

*કાઠિયાવાડ(હાલ સૌરાષ્ટ્ર)માં પહેલી તારઑફિસ ધોલેરામાં થઈ હતી અને પાછળથી ભાવનગર દરબારે તાર લાઈન બાંધવાનો ખર્ચ આપીને પોતાને ત્યાં તે આણી હતી. એ વખતે કરાર એવો થયો હતો કે ભાવનગરની એ તારઑફિસની ઊપજ દરબારે લેવી અને સ્ટાફનો ખર્ચ પણ દરબારે જ આપવો. એવો જ કરાર મહુવા તારઑફિસ માટે પણ ભાવનગર રાજ્યે કરેલો અને પાછળથી જામનગર રાજકોટ રાજ્યોએ પણ એવા કરારથી પોતાને ત્યાં તારઑફિસો દાખલ કરાવેલી પરંતુ કોઇને કદી ખૂટ આવેલી જ નહિ. પછી એવા કરારો કોઈ સાથે થયા નહિ.



સિપાઈઓ મૈયા લોકોનાં માથાં ભાલા પર ભેરવી
જૂનાગઢમાં દાખલ થયા

તોનું સમાધાન કરવું પડયું. એ મામલામાં તારમાસ્તર મહાશંકર રાવળ મહત્ત્વનું પાત્ર બનેલા. દરેક પક્ષ માહિતી મેળવવા કરગરતો, ખુશામત કરતો અને લાલચો આપતો, પણ એ બધાથી તે બચતા.

એવામાં કાઠિયાવાડ ડિવિઝનના પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટ ગિરધર મહાદેવ નગરકર* જૂનાગઢ આવ્યા. તે વખતે સરકારે તાર અને પોસ્ટ ઑફિસ ભેગાં કરવાનો ઠરાવ બહાર પાડયો હતો, એના અમલ માટે સર્ક્યુલર (પરિપત્ર) કાઢવાનો હતો તે સારુ પોસ્ટ માસ્તર તુલસીદાસને લઈને નગરકર તાર-ઑફિસમાં મહાશંકર રાવળ પાસે આવ્યા. તેમણે તાર વિષે માહિતી પૂછી ને થોડી નોંધો કરી લીધી. ત્યાં ટેબલ ઉપર પડેલો ટેલિગ્રાફ કોડ તેમણે જોયો અને તેમાં રાવળના કરેલા સુધારા જોઈ ચકિત થયા. એણે કહ્યું 'તમે મારા ખાતામાં આવો તો હું તુરત જગ્યા આપું'. પોસ્ટ માસ્તર તુલસીદાસ કહે: 'સરસ તક છે, હા જ પાડી દ્યો.' તે પરથી મહાશંકર રાવળે રેલવેમાંથી તુરત રાજીનામું મોકલી આપ્યું અને પોસ્ટની નોકરી સ્વીકારી.

૫ પોસ્ટ ખાતામાં

તા. ૩-૮-૧૮૮૪ના રોજ તેઓ મૂળ ૧૫ રૂપિયાના રેલવેના જ પગારથી બાબરાના સબ-પોસ્ટ માસ્તર તરીકે નિમાયા; પણ ત્યાં ફક્ત ત્રણ જ દિવસ રહ્યા, એટલામાં તો પાલીતાણાના સબ-પોસ્ટમાસ્તર તરીકે માસિક રૂા. ૨૫)ના પગાર પર જવાનો હુકમ આવ્યો; અને પાલિતાણામાં પંદરેક દિવસ થયા ત્યાં રાજકોટની કમ્બાઈન્ડ (પોસ્ટ સાથે જોડાએલી) તાર-ઑફિસમાં રૂા. ૪૦)થી નિમણૂક થઈ! આમ એકાએક ટૂંક સમયમાં બે પ્રોમોશન મળવાનું કારણ તેમના કામની તથા તેમની વફાદારીની મિ. લીચ ઉપર પડેલી છાપ જ હતી.

પણ રાજકોટમાં આવ્યા પછી એમને અધૂરા ભણતરની ખોટ સાલવા લાગી. એ વખતે તો એ ખાતાને એટલી ગરજ હતી કે મૅટ્રિક થયા વગરનાને પણ લેતા. એટલે ત્યારે તો કોઈને ખયાલ પણ નહોતો કે ટપાલખાતામાં ગ્રૅજ્યુએટો પણ નોકરી લેવા આવતા થશે અને વધુ કેળવણીવાળા માણસો સાથે પોતાને ઊભા રહેવાનું મુશ્કેલ થશે. પણ મહાશંકર રાવળે ખાનગીમાં આગળ અંગ્રેજી ભણવા માંડયું. સારાંસારાં વ્યાકરણોનો અભ્યાસ કર્યા પછી જુદીજુદી જાતનાં પુસ્તકો વાંચી નાખ્યાં. તેમને ઇતિહાસગ્રંથો ખાસ વાંચવા ગમતા. એ પછી સુશિક્ષિત માણસોનો પરિચય કરી જ્ઞાન ને વાતચીતનો મહાવરો વધાર્યો.

એ સમયમાં ટાઈપ-રાઈટરોનું સ્વપ્નું પણ નહોતું, એટલે વકીલો પોતાના કાગળો સારા હસ્તાક્ષરવાળાઓને નકલો કરવા આપતા. મહાશંકર રાવળના અક્ષરો સારા હતા, એટલે તેમણે તે કામ કરવા માંડયું: તેમાંથી કમાણી પણ થતી અને લખાણની પદ્ધતિ તથા નવા નવા શબ્દોનું જ્ઞાન પણ મળતું. બીજી તરફ ટેલીગ્રાફી(તારવિદ્યા)સંબંધી પુસ્તકો વાંચવા માંડયાં તેથી પોસ્ટ ખાતાના બીજા સિગ્નલરો કરતાં તેમનાં અનુભવ અને શક્તિ વધી ગયાં. તે સાથે વળી એજન્સી વકીલની પરીક્ષામાં બેસવાની ઈચ્છા થઈ, એટલે પીનલ કોડ વગેરે કાયદાનું પણ વાંચવા માંડયું. પરંતુ એવામાં તાવની બીમારી લાગુ પડી અને વકીલની પરીક્ષામાં બેસવાનો કોડ પૂરો થયો નહિ.

ટેલીગ્રાફી સંબંધે ઊંડું જ્ઞાન મેળવવાની ઇંતેજારીથી તેમણે સૈદ્ધાન્તિક તેમજ કાર્યસાધક પુસ્તકો (ઇલેક્ટ્રિસિટી, મૅગ્નેટિઝમ વગેરે પર) વાંચ્યાં. ટેસ્ટિંગ માટે ટ્રિગોનોમેટ્રીનું પુસ્તક મેળવી તેમાંથી ત્રિપ્રમાણની માહિતી મેળવી ને ઍલજીબ્રા (બીજગણિત) પણ શીખવા માંડયું.

એમની રાતદિવસની મહેનત અને ઑફિસની વ્યવસ્થા જોઈ અંગ્રેજ ઑફિસર ખુશ થયા. તેમણે એમને મુંબાઈ જઈને ટેલીગ્રાફીના ઊંચા વર્ગમાં અભ્યાસ કરવા સલાહ આપી, તે પરથી એમણે પોસ્ટ માસ્તરને જનરલને અરજી આપી. પણ તે વાતવાતમાં વાંધા પાડતા. આખરે ઈ.સ. ૧૮૮૭ના નવેમ્બરમાં તેમણે નિરાંતના અભ્યાસ માટે



કર્નલ એલ. સી. બાર્ટન
પોલિટિકલ એજન્ટ કાઠિયાવાડ
૧૮૭૮ થી ૧૮૮૩



કર્નલ વિલિયમ સ્કૉટ
ઍક્ટિંગ પોલિટિકલ એજન્ટ
કાઠિયાવાડ • મૃત્યુ ૩૦-૭-૧૮૫૩

* આ શ્રી નગરકરને એ વખતે પગાર રૂા. ૪૦૦) મળતા હતા. મૂળ તો એ પોસ્ટના થેલા બાંધનાર કૂલી હતા. એક પાદરી સાહેબે તેમને અંગ્રેજી શીખવ્યું અને આપબળે વધીને તે માથેરાનમાં પોસ્ટ માસ્તર થયા. ત્યારે ઘડો લઈ ડુંગર પરથી છેક નીચે રોજ પાણી લેવા જવું પડતું. તેમનું એ દૃષ્ટાંત જુવાન મહાશંકરને બહુ પ્રેરણા આપનારું બન્યું.

પોતે જ પોતાની બદલી મહુવાના હેડ સિગ્નલર તરીકે સરખા પગારે કરાવી. રાજકોટનાં સ્મરણો પૈકી એક એ હતું કે એક વાર એક જુવાન વિદ્યાર્થી પૂછવા આવેલા, કે મારો (મોહનદાસ કરમચંદ ગાંધીનો) મુંબાઇથી કોઈ તાર છે? ગાંધીજીને તેમણે આ સ્વરૂપે તે વખતે જોયા હશે. તે પછી કદી જોવા મળ્યા નહોતા. પણ ગાંધીજીના મોટાભાઈ સાથે તેમને અંગત પરિચય તથા નાતો બંધાયો હતો.


મહુવા ગયા પછી ટેલીગ્રાફીનો અભ્યાસ વધાર્યો. એવામાં મુંબાઈથી પરવાનગી આવી અને હાયર ટેલીગ્રાફીના વર્ગ માટે તે મુંબાઈ ગયા. પણ ત્યાંનો ઈન્સ્ટ્રક્ટર તેમના કરતાં વધુ જાણતો નહોતો. એ હકીકત તેમણે સુપરિન્ટેન્ડેન્ટને જણાવી અને મુંબાઈની સેન્ટ્રલ ટેલીગ્રાફ ઑફિસમાં ટેસ્ટિંગ ઑફિસર પાસે શિક્ષણ લેવાની માગણી કરી. પણ એ વાત ટેલીગ્રાફ ખાતાને પસંદ આવી નહિ. તે સમયમાં ટેલીગ્રાફીનું ઊંચું જ્ઞાન ધરાવનારા મોટે ભાગે ગોરા નિષ્ણાતો જ હતા. તેમની વચ્ચે એક દેશી; ને તે ય વળી પોસ્ટ સિગ્નલર જેવી ઊતરતી પાયરીનો માણસ ઘૂસીને તેમના ઊંચા પ્રયોગોનો ભેદ પામે તે તેમને રુચ્યું નહિ. એટલે ટેલીગ્રાફ ખાતાના ઉપરીએ લખી મોકલ્યું કે જાણવા જેવું મિ. રાવળે જાણી લીધું છે અને ટેસ્ટિંગનું કામ શીખવનાર કોઈ ફાલતુ માણસ નથી. આ વાત પોસ્ટમાસ્તર જનરલ મિ. ફેન્શૉએ જ તેમને રૂબરૂ બોલાવીને કહી અને સલાહ આપી કે હાલ ટેસ્ટિંગ શીખવાનો મમત કરવો નહિ અને પાછા મહુવા જવું. ફેન્શૉ તો તેમના સાહસથી ખુશ હતા પણ ટેલીગ્રાફ ખાતું જ વિરુદ્ધ પડયું. આથી નિરુત્સાહ બની તે પાછા મહુવા ગયા અને ફરી એ પ્રકરણ ચલાવ્યું નહિ.

૬ મહુવાના પ્રસંગો

મહુવામાં હવે તેમને પોસ્ટ માસ્તરની જગ્યા મળી. તળાજાને રસ્તે મહુવા જવાનું હતું એટલે કુટુંબને લેવા મોખડકા (પાલિતાણા પાસે) ગયા. પાછા વળતાં સૌ તળાજા નજીક આવ્યાં, ત્યાં શેત્રુંજી નદી બે કાંઠાના પૂરે વહેતી હતી. આથી કુટુંબને પાછું મોખડકા મોકલી દીધું અને પોતાને વખતસર સરકારી નોકરી પર હાજર થવાનું હતું, એટલે મહાજન પાસેથી એક ઘોડું મેળવી યાહોમ કરી પૂરમાં ઝુકાવ્યું! ઘોડું તાકાતવાળું હતું તેથી પૂર વીંધીને સામે પાર નીકળી ગયું અને



યા હોમ કરી પૂરમાં ઝંપલાવ્યું



વૈદ્યરાજ ધીરજરામભાઈ (ધીરાકાકા)
પ્રખ્યાત ઝંડુભટ્ટના પટ્ટશિષ્યોમાંના એક

પોતે તળાજા પહોંચી ગયા. ત્યાં ટેકરી પર ગામની શાળા હતી તેના માસ્તરે પ્રેમપૂર્વક સ્વાગત કર્યું, અને તેણે જાતે અડદની દાળ અને ભાખરી બનાવી જમાડયા તે જીવનભર યાદ રહ્યું.

બીજે દિવસે મુસાફરી કરી સાંજે મહાજનના છાપરિયાળી ગામે પહોંચ્યા અને ત્યાં આરામ લીધો. સવારમાં બીજું ઘોડું માગ્યું, પણ બધાંએ કહ્યું કે છે એના જેવું ઘોડું બીજું એકે નથી. તેણે રાતનો આરામ લીધો છે તે ચાલી શકશે. બીજે દિવસે અગિયારે તો નોકરી ઉપર હાજર થવાનું હતું, એટલે કૂચ કર્યા વિના છૂટકો નહોતો. જમીનમાં ઠારોઠાર ભોરાં પડી ગયાં હતાં. ભૂલેચૂકે પગ પડે તો અંદર સમાઈ જ જાય. ત્યાં મોતીલાલ નાનાભાઈના માણસ કાળીદાસ રાજગોર હતા. તેમણે રોકાવા આગ્રહ કર્યો અને કહ્યું કે મહુવામાં મોટી રેલ આવી છે ને જવા જેવું નથી. છતાં ઇશ્વર પર શ્રદ્ધા રાખી ભોમિયો લઈ તે આગળ વધ્યા. વરસાદ ઝીકયે રાખતો હતો પણ મજબૂત ઘોડું રંગ રાખી રહ્યું હતું. અંતે વખતસર મહુવા પહોંચ્યા. રેલ તો ત્યારે ઊતરી ગઈ હતી, પણ તેની ભયાનકતાની નિશાનીઓ દેખાતી હતી. પોસ્ટ ઑફિસના લોકો મકાન ખાલી કરી બહાર ઊંચા ભાગમાં નીકળી ગયા હતા.

૭ ધીરાકાકા

મહુવામાં તેમને ઝંડુ ભટ્ટજીના એક પટ્ટશિષ્ય ધીરજરામ વૈદ્યનો પરિચય થયો. પોતાને વૈદકનો શોખ હતો એટલે બંને ગાઢ મિત્રો બન્યા, તે એટલે સુધી કે વચ્ચે ધીરાભાઇને કુટુંબના પ્રસંગે જામનગર જવું પડયું ત્યારે એક મહિના સુધી તેમનું દવાખાનું મહાશંકર રાવળે ચલાવ્યું હતું. ધીરજરામ સમર્થ ચિકિત્સક અને પ્રયોગસિદ્ધ વૈદ્ય હતા. એક વખત એક માણસના ગૂમડાનો ખાડો રુઝાતો નહોતો તે માટે કસાઇવાડે જઈ બકરાની અંદરની તાજી ચામડી લઈ આવી ટાંકા મારી તેને આરામ કર્યો હતો એવી તેમના વિષે વાત છે. થોડાં વર્ષો પછી તે ભાવનગર દરબારના રાજવૈદ્યનો અધિકાર પામ્યા હતા તેના પ્રસંગો આગળ આવશે.



બે સહાયકો તરફ તેનું કાંડું ફગાવી સંકેત કર્યો કે હવે તમે સંભાળી લેજો, અને તરત પ્રાણ છોડયો.

રેલની આફત પછી થોડા જ વખતમાં મહુવામાં ધૂમ કૉલેરા ફાટી નીકળ્યો. માણસો ટપોટપ મરતાં હતાં. ગોપનાથની જગ્યામાં શ્રી-નાથજીથી એક સાંચોરો બ્રાહ્મણ ત્યાંના વહીવટદાર હરિસિંહજી ગોહેલ પાસે કંઈ ઉઘરાણા માટે આવેલો. તેને કૉલેરા થયો છે એવા ખબર મળતાં ધીરાકાકા ને મહાશંકર રાવળ તેની પાસે ગયા. જોયું તો બ્રાહ્મણ છેલ્લી ઘડીએ હતો અને વાચા બંધ થઈ ગઈ હતી. તેની જુવાન સ્ત્રી એક તરફ મુંઝાએલી દુ:ખી થતી બેઠી હતી.

'ધીરાભાઈ, હવે આપણાથી આને અદ્ધર મૂકીને જવાશે નહિ' મહાશંકર રાવળે કહ્યું. બ્રાહ્મણે છેલ્લી ઘડીએ બેરીને પાસે બોલાવી પણ બોલી શક્યો નહિ; એટલે આ બે સહાયકો તરફ તેનું કાંડું ફગાવી સંકેત કર્યો કે આને તમે સંભાળી લેજો. અને તુરત પ્રાણ છોડયો.

વૈદ્ય અને પોસ્ટ માસ્તર ગામમાં ફરી બીજા બ્રાહ્મણોને બોલાવી લાવ્યા અને મૃતને સ્મશાન પહોંચાડી અગ્નિદાહ આપ્યો. ઘેર પહોંચ્યા પછી વૃદ્ધ માતુશ્રી જવલબા આગળ બાઇને બેસાડી કહ્યું કે એને આ-શ્વાસન આપો. બાઇનું કોઈ સગું છે કે નહિ તે પૂછતાં જણાયું કે જામ-નગરમાં તેનાં માતા-પિતા હતાં. ત્યાં તાર કરીને ખબર આપ્યા અને ત્યાં જવું હોય તો ટિકિટ અપાવી દેવાની વાત કરી; પણ બાઈ તો હાબી પડી કે 'મારા પતિનું ઉત્તરકાર્ય કરીને જ જવું છે.' એટલે એ વખત-ના આ તાર-ટપાલમાસ્તર જે કોઈના ઘરનો જરા જેટલો ઉપકાર પોતાના માથે ન લે, તે આજે ફાળો કરવા નીકળ્યા; અને વેપારીઓએ પણ બે-ત્રણ કલાકમાં ત્રણસો જેટલા રૂપિયા કરી આપ્યા. પેલી બાઈ પાસે જે કોઈ ખરખરો કરવા આવે તેને એકએક સીધું મોકલી આપવાનું કહ્યું, ને સદાવ્રતનાં ત્રીસેક સીધાં ગોપનાથનાં મેળવ્યાં. તેમાંથી બ્રાહ્મણ પાછળ બ્રહ્મભોજન કરાવ્યું. બાઇએ પોતે તો કશું લેવા ના પાડી. તેના નિમિત્ત ભેગાં કરેલાં નાણાં કોઈ પાછાં તો ન રાખે, તેથી રૂ. અઢીસોની હૂંડી તેના ગામની કરાવી આપી અને તેના પિતાને ત્યાં તેને વિદાય કરી.

૮ પુણ્યનું ફળ

મહુવાની ઘણી વાતોમાં કદી ન ભુલાય એવો બનાવ ઘરનો જ બન્યો. એક વખત ઊજમબા પુરુષોત્તમ માસનાં સ્નાન કરવા માટે પોતાની સંબંધી અનેક સ્ત્રીઓ તથા સાથે રહેતાં વૃદ્ધ વિધવા ફઇબાને લઇને મહુવાના દરિયાકિનારે ગએલાં. બધાં ભવાની માતાજીના મંદિર-ના કાંઠે સ્નાન કરવા ગયાં. તેમના પ્રથમ બાળક રતિલાલને ફઇબા સાચવતાં હતાં. મહુવાનો દરિયો મુંબાઈ જેવી સુંદર રેતીભર્યો ઢાળવાળો છે. સ્ત્રીઓનાં ટોળેટોળાં ઊછળી આવતાં મોજાંમાં ઉમંગથી મહાલતાં હતાં. ફઇબાને થયું કે બાળકને પણ જરા છબછબિયાં કરાવું. એમ કરીને તેમણે હાથ નીચો કર્યો. ત્યાં તો ભરતીનું એક મોટું ચડતું મોજું આવ્યું તેથી ફઇબા ગભરાઇ ગયાં અને છોકરો તેમના હાથમાંથી છૂટી ગયો! ગયો તે ગયો જ! મોટી ચીસ નાખીને ફઈબા છાતી કૂટવા લાગ્યાં. તમામ સ્ત્રીઓમાં તેમની હાય પહોંચી ગઈ અને બધી પાણીમાં બાળકને શોધવા હાવલાં દેવા માંડી.

ઇશ્વરની ઘટના અકળ હોય છે. બીજું એક વધુ પ્રચંડ મોજું આવી પહોંચ્યું ને તેમાં હાવલાં દેતી એક બાઇએ પોકાર્યું : 'છોકરો આવ્યો—પાછો આવ્યો!' આમ કહીને મુંઝાએલા બાળકને તેણે ઊંચો કર્યો અને ફઇબાએ ગાંડા થઇને દોડીને છોકરાને બાથમાં લઈ લીધો : 'હાય હાય, મારા જીવતરમાં આગ લાગી ગઈ હતી. બાઈ, તારી સો પેઢીનું કલ્યાણ થજો.' ઊજમબા તો બેભાન જેવાં થઈ ગયાં હતા તે હોશમાં આવ્યાં. ઘેર કેવો ઠપકો મળશે તેનો ખયાલ પણ મનમાં થરથરાટ કરાવતો હતો. સૌએ સંતલસ કરી કે ઘેર જઇ કોઇએ કંઈ બોલવું નહિ, પણ સાથે આ-વેલા પટાવાળાએ પોસ્ટમાસ્તરને બધી વાત કરી નાખેલી. તેમણે ઘર-માં આવી કહ્યું કે 'પાણી મેલો કે આવે ઠેકાણે છોકરાને લઇને જવું નહિ.'



છોકરો આવ્યો! પાછો આવ્યો!

મહુવા હતું ભાવનગરથી ૬૮ માઈલ દૂર, અને તે કાળે પગરસ્તે જતાં-આવતાં અગવડ પણ બહુ પડતી * એક વખત ઊજમબાને કેટ-લાંક બાઈ સથવારા સાથે ગાડામાં ભાવનગર મોકલ્યાં. વચમાં તળાજા-માં રાત રોકાવાનું હતું. તળાજાનો ડુંગર દેખાતો થયો ત્યાં સાંજ પડી ગઈ. અંધારું થાય તે પહેલાં તળાજામાં દાખલ થઈ જવા ગાડાવાળો ઉતાવળે હાંકવા લાગ્યો, પણ સંધ્યા વીતી ગઈ તો યે તળાજા બે માઈલ દૂર રહ્યું. એટલામાં ગાડા પાછળ બુકાની બાંધેલા ચાર જણ આવતા જણાયા. ગાડાવાળો સમજી ગયો. તેણે ધીમેથી કહ્યું : 'બેનો, પાછળ કાકા આવે છે, સંભાળજો.' અંદર ત્રણ સોનારણો અને ચોથાં ઊજમબા એમ ચાર બૈરાં જ હતાં સોનારણો ઘરેણાંથી ભરપૂર હતી. ઊજમબા પાસે કાનમા સોનાનાં ઠોળિયાં અને પગમાં રૂપાનાં ભારે કડલાં હતાં. તેમણે ગાડા ઉપર બાંધેલા પાલાના અંધારામાં ઠોળિયાં અને કડલાં ઉતારી ગાડામાં પાથરેલાં ગોદડાં નીચે ઘાસ પાથર્યું હતું તેમાં ઉતારી દીધાં. પેલાઓ નજીક આવી રહ્યા હતા એટલે બોલાય તો નહિ, પણ પેલી બાઈઓના હાથ પકડીપકડીને ઈશારા કર્યા; પરંતુ તેઓ કાંઈ સમજે નહિ અને 'શું કો'છો? શું કો'છો?' એમ મોટેથી પૂછ્યા કરે. પણ મોટેથી વાત થાય એવું તો હતું નહિ. (અનુ૦ પૃષ્ઠ ૬૮ ઉપર)

*(હાલ ધોળા–ઢસા રેલવે માર્ગે ૧૨૭ માઈલ થાય છે.)

ગજબની પ્રજા

ચન્દ્રવદન મહેતા

હું લંડન ઊતર્યો. ત્રણ મહિનામાં ત્રીસ કુહાકડાઓ માર્યા એમાંનો આ દસમો. ટ્રેઈનમાંથી ઊતરી ટિકિટ બતાવી બહાર નીકળીએ, એમ એકને બદલે બે ઠેકાણે પાસપોર્ટ બતાવી બહાર નીકળ્યા એટલામાં સામાન ઘસડાઇને બહાર આવ્યો જ છે, ને બસના પૈસા ભરી આપ્યા કે બસમાં ગોઠવાયા જ છીએ. એરોડ્રામ ઉપર ઝાઝી વાર જ નહિ. અહીંની પ્રજાને વખતની ભારે કિંમત છે.

જેવી છે તેવી, પણ ગજબની આ પ્રજા છે. માની, સ્વમાની, જરી ગુમાની, પણ ભારે સ્વસ્થ. સમંદર ઊલટી જાય, આસ્માનમાંથી આગ ઝરતા અંગારાનો વરસાદ થાય, જમીન ડુંગરમાં પલટાય, પણ આ પ્રજામાં, જ્યાં પણ એ ખડી હોય ત્યાં, આટલો સરખો યે હાહાકાર ન થાય, એવી સ્વસ્થ. પણ આપણે તો અહીં નટ-નાટક ને નાટકશાળા સાથે કામ છે, એ પ્રજાની બીજી ખૂબી ને ખાસિયતો સાથે સંબંધ નથી.

અરે, કેમ સંબંધ નથી? દુનિયાના એક અને અનોખા એવા નાટકકાર શેક્સપીઅરે જ તો લાખલાખ વાર ટાંકી બતાવવામાં આવતી ઉપમા લલકારી છે: 'રંગભૂમિ એ સંસારનો અરીસો છે.' અને અહીંના એ અરીસામાં તરેહવારરીતે એ પ્રજા પોતાની ખૂબીઓ, ખાસિયતો ખામીખાંપણો પ્રગટ કરે એ તો કુદરતી છે. વળી એ ભલા ભાઇ શેક્સપીઅરે ડેનમાર્કના હૅમલેટને, વેનીસના શાઇલૉકને, ઈટાલીમાંના રોમિયોને, કાળમીંઢ ઓથેલોને, એમ દેશદેશાવરનાં પાત્રોને જે પ્રગટાવ્યાં એને પગલે ચાલી શેક્સપીઅરની જમાતમાં બેસનારા કૈંક લેખકોએ શાંગહાઈથી માંડી સાનફ્રાન્સિસ્કો સુધીના વિસ્તારમાંનાં પાત્રોને પ્રગટ કરવામાં કંઈ મણા રાખી નથી. ટેનિસને અકબરને અને ડ્રાઇડને ઔરંગઝેબને પોતાનાં નાટકોમાં વણ્યા છે, એમ ભારતના ગૌતમ બુદ્ધથી માંડી આજ સુધીના કૈં રાજામહારાજા અને એમના ગાદીત્યાગ સુધીના પાત્ર પ્રસંગો આ લોકો પ્રગટાવતા રહ્યા છે.

અહીં સુખ એક કે ભાષા આવડે. નસીબદાર, ૧૯૦૧માં જન્મ્યા એટલે; ૧૯૬૦-૭૦માં જન્મ્યા હોત તો એટલી પરદેશી ભાષા જાણવા પણ ન મળત! હું આમાં કંઈ મોટાઇની ફિસિયારી નથી મારતો, નસીબની જ ચારી કહું છું. અગાધ સાગર જેટલી વિસ્તરેલી અને ઊંડી એ ભાષા. નાનકડી ટેસ્ટ-ટ્યુબમાં એનાં બે બિન્દુ ભરી એનું અણુએ અણુમાં પૃથક્કરણ કરવામાં યે મજા આવે એવી, અને હિમાલય જેવડા પહાડી હિમગિરિઓ એના સાગરમાં તરતા જોવાની લિજ્જત આવે એવી એ ભાષા: નમણી, રળિયામણી, મુલાયમ, તાજગીભરી, સશક્ત, ચિત્રાત્મક, ઘણું ખેડાએલી, હજી ખેડાતી રહી છે એવી એ ભાષા. એવી, યા એથી પણ વધારે મુલાયમ, સુકોમળ, સુરીલી, મદીલી, મનને મુગ્ધ કરે અને વળી પ્રફુલ્લિત કરે એવી બીજી ભાષા જાણી-સાંભળી તે ફ્રેન્ચ, અને એને પડખે બેસે એવી ત્રીજી એ અસ્પાનિયા. જો એક માણસ આ ત્રણે ભાષા ભણી જાણે, અને એને ચોથી સંસ્કૃત આવડતી હોય, તો એનું જીવ્યું ધન્ય, સાર્થક. સાહિત્યસૃષ્ટિમાં જે જાણવાનું છે એ તો એ જાણે જ. એને સ્વર્ગ પછી છેટું રહ્યું જ ક્યાં?

અંગ્રેજી ભાષાનો વાગ્વિસ્તાર યા વાગ્વૈભવ કુદરતી રીતે વધતો રહે છે, કારણ દરરોજ એમાં નવાનવા શબ્દો ઉમેરાતા જાય છે, જૂનવાણી શબ્દો અર્થ બદલતા રહે છે, નવાનવા શબ્દો રચાયા કરે છે. ક્રિયાપદ નામ થાય, નામનું ક્રિયાપદ થાય. નિયમ તોડે, એ માટે નવા નિયમો ઘડાતા રહે અને એમ ભાષા સતત સજીવન અને જાગ્રત રહે. તાજેતરમાં એક રસ્તા ઉપર હું જતો હતો, ત્યાંથી એક ભાઈ નીકળ્યા. એણે સામેથી આવતાં બહેનને ફટકાર્યું 'કેમ, ક્યાં ફૂટો છો?' (બીબાધર ભાઇ, મુદ્રારાક્ષસ ન ઊભો કરતા; 'ફ'ને બદલે 'ક'નું બીબું મૂકી, 'કૂટો છો' ન છાપતા!) કુદરતી રીતે કોઈ પણ એ બહેન તરફ જુએ એમ મેં પણ જોયું. તો એ હતી અતિ સુંદર ચપળ ચબરાક બાલિકા. પેલા ભાઈ તો ભમરડા જેવા, ભગાના ભાઈ જેટલું ભણેલા લાગ્યા. કવિતા અને એના કલેવરને ખડાષ્ટક યોગ જ, એ વળી આવી નમણી બાલિકાને 'ફૂટો છો' કહે—જાણે પંથ ઉપરથી બીજી દિશામાં કળી ફૂટતી હોય એમ ઉદ્દેશે, એ તો નવાઈ જ ને? પણ એ ઓચર્યાં. ક્યાંક સાંભળ્યું હશે, એ અહીં વધાર્યું, પણ ગોઠી જાય એવું, વાટમાં બેસી જાય એમ ગુંજી નીકળ્યું. હું મારે રસ્તે પડ્યો (ગુજરાતમાંના એક ગામના રસ્તાની આ વાત છે) અને વિચારે ચડ્યો: ક્યાં 'ફૂટો છો' એટલે ક્યાં 'જાઓ છો' એ બીજી કેટલી રીતે આપણે કહીએ છીએ, યા કહી શકીએ?

ક્યાં? ક્યાં ઊપડ્યા? ક્યાં ઊડ્યા? કેમનું ધૂમવા? કોની અડફટે? ક્યાં વહ્યા? ક્યાંની પટ્ટી? ક્યાં છાપો? ક્યાં હલ્લો? ક્યાં સવારી? ક્યાં ગતિ? ક્યાં દોડ્યા? ધપ્યા, વહ્યા, ઝળક્યા, ફરક્યા, એમ જાતજાતનાં ક્રિયાપદોનો ઉપયોગ કર્યે જાઓ, મઝા આવશે. યાદી તો બનાવો! હવે આપણા સંસારમાં આજ ઘડી સુધી ક્રિકેટ તો છે, ટેસ્ટ મેચો તો રમીએ છીએ, સરકાર અભિનંદનના સંદેશાઓ આપે છે અને વળી ઈલ્કાબોથી પણ નવાજે છે. તો કહીએ કે ક્યાં બાઉન્ડરી?



થીઑડોર બિકેલ

બિકેલે કરેલા પાઠની યાદી સાંભળીને મારી તો સૅન્ડવિચ મોંમાં જ રહી ગઇ! ડૉક્ટર, બદમાશ, સબમરીનનો અફસર, યુનિવર્સિટી પ્રોફેસર, પોલીસમેન, કર્નલ, વેપારી, રખડેલ... એવા કિસમકિસમના પાઠ એણે કરેલા. ઉમર ૩૫ની, પણ પાઠ કરેલા ૨૫ થી ૮૨ સુધીનાના. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, હિબ્રૂ, સ્પૅનિશ અને રશિયન ભાષા એને આવડે, અને ઈટાલિયન, હિંદી, પોર્ચુગીઝ, રૂમાનિયા, હંગેરિયન, અરેબિયન ગીતો લલકારી જાણે. ગીટાર વગાડવામાં કુશળ...

ઑફ કે ઑનની? પૂર્વ કે પશ્ચિમની? વિજ્ઞાન, એરોપ્લેન, રેલવે જાતજાતની વધતી જતી સૃષ્ટિનાં ક્રિયાપદોને બીજા અર્થમાં ગૂંથ્યા જઇએ, જેમ કળીનું ફૂટવું, એમાંથી 'ફૂટો છો' કહ્યું, તેમ વરસાદનું ક્રિયાપદ લઈ ક્યાં ટપકવાનો? એમ કહીએ. સિંહ ત્રાટકે એમ ક્યાં ત્રાટકવાના, હાથી રસળે એમ ક્યાં રસળવાના, એમ વિવિધ અર્થવિસ્તારનાં ક્રિયાપદોને વિવિધ પ્રકારના ઘાટમાં ઘૂંટીએ, ગૂંથીએ તેમતેમ ભાષાની ચિત્રાત્મકતા વધતી રહે એ સ્વાભાવિક છે, એમ અંગ્રેજી ભાષામાં દુનિયાભરની ભાષાઓનાં નામ, વિશેષણ અને ક્રિયાપદો અંગ્રેજાતાં જાય છે. એનું પ્રતિબિંબ રંગભૂમિ ઉપર પણ જોવા-સાંભળવા મળે છે.

પણ લંડન આવવાનું કંઈ કારણ? ગઈ વખત—દસેક વર્ષ પહેલાં તો એમ અમસ્થા ફરવા જ નીકળી આવ્યા હતા એ રીતે જોવા ઊતર્યા છો? ના. અહીં અમે (અમે એટલે અમે એકલા) બ્રિટિશ કાઉન્સિલના મહેમાન હતા. અમારી ઇચ્છા અહીં નાટ્યશિક્ષણ કેમ અપાય છે એનો અભ્યાસ કરવાની, ને એ સંસ્થાઓની મુલાકાત લેવાની; ઉપરાંત તળાવે જાય તો તરસ્યો કોણ પાછો ફરે, એ હિસાબે અહીંનાં નાટકો જોવાની; એટલે આપણે એ જ લક્ષ્ય ધ્યાનમાં રાખી આગળ ચાલીશું. નાટ્ય-શિક્ષણની સંસ્થાઓ અને નટ-નાટકો. ત્યારે નાટકશાળાઓનું શું? અલ્લાયો! અહીં વળી નવી નાટકશાળાઓ કેવી? આ તો નટ-નાટકની ભૂમિ. ઇંગ્લંડની નાટ્યસૃષ્ટિમાં મહત્ત્વ એક જ વાતનું છે, ને તે અભિનયનું, સ્વસ્થ અભિનયનું, ભારોભાર સચોટ સાકાર સ્પષ્ટ અભિનયનું. ભરત વ્યાખ્યા બાંધે છે તેમ, અર્થને સંશયરહિત નિર્ણયાત્મક દૃશ્ય રૂપે વ્યક્ત કરવો. તસુભર વધારે નહિ, તલભાર ઓછો નહિ, બરાબર ઘટિત, માફકસર, જેટલો જોઈએ એટલો જ અભિનય. અભિનય થકી જ નાટક ઊગરે, ઉદ્ધરે. એ કસબ કે એ કલા, એ ચાતુરી કે એ વિદ્યા, અંગ્રેજોએ કેવળ હાથ જ નથી કરી, હૈયે જ નથી ધરી, પણ લોહીમાં ફરતી કરી દીધી છે. મન તો છે માંકડું. એને સંયમમાં લાવવાનું અત્યંત મુશ્કેલ છે. યોગીઓ મન ઉપર કાબૂ લાવી શકે છે, અભિનયની ક્રિયા પૂરતા અંગ્રેજો યોગી છે, એમનાં મન થકી એ ધાર્યો અભિનય કરાવી શકે છે: પોતાની જાતને પલટી નાખવી, એનું સ્વરૂપ બદલી નાખવું, નવો સ્વાંગ આપવો, પોતે છે તેવા નહિ પણ બીજું ધાર્યું રૂપ ધરી તે પ્રમાણે વર્તવું, એ કીમિયામાં ઇંગ્લંડના નટો પારંગત છે. નટ ન હોય તેવાને પણ થોડેઘણે અંશે એ કલા અહીં આત્મગત છે.

સ્વાંગ સજવાના ટેબલ આગળ બેસી, અરીસામાં એ જોવા મથે છે—પોતાની જાતને નહિ, પોતે જેનો સ્વાંગ સજે છે તેને. એની જ વિચારધારા પ્રમાણે એ પોતાના મનને પલટાવે છે, જેમજેમ એ પોતાની જાતને ભૂલતો જાય છે તેમતેમ એ પોતાની અસલ છુપાએલી જાતને વધારે ને વધારે સુરક્ષિત માને છે. એને વાહવાહ જોઈએ છે પોતા માટે નહિ; પોતે જેનો સ્વાંગ સજ્યો છે તેને માટે, જે પોતાની સમક્ષ બેઠી છે એ સાચી મનાતી મેદની તરફથી પોતે જે ખરેખાત નથી એને માટે. કહો એ એક પ્રકારના યોગની સાધના નહિ?

નવા નાટકની ભજવણી શરૂ કરી હેડમાસ્તર સાહેબોએ, ઇંગ્લંડ ફ્રાન્સ જર્મની ને ડેનમાર્કમાં, પંદરમી સદીની આસપાસ; નાટકને મલકાવ્યું-બિરદાવ્યું રાજારાણીઓએ; ઇંગ્લંડને આલમભરમાં કીર્તિ અપાવી શેક્સપીઅરે. રશિયામાં નાટક નહોતું, તે ઇંગ્લંડથી નાટક ભજવવા એક ટોળકી જર્મની ગએલી એની નકલ કરનારી મંડળીએ જઇ મૉસ્કોના શાહી મહેલમાં નાટકનાં બી વાવ્યાં, એ જૂની હકીકત છે. ચારસો વર્ષ પહેલાંની એ વાત. પણ દોઢસો વર્ષ પહેલાંની વાત એ છે કે અંગ્રેજ ટોળકીઓએ ભારતમાં આવી શેક્સપીઅર-શેરિડન ભજવ્યા, બંગાળી મરાઠી ગુજરાતી તમિળ તેલુગુ કન્નડમાં શેક્સપીઅર ઊતર્યો, ને નાટકનાં બી રોપાયાં. આ પણ હકીકત છે. હિન્દીમાં તો નાટક હતું જ નહિ. ઉર્દૂમાં ભારોભાર શેક્સપીઅર પાંગર્યો એ જાણીતી વાત છે. આઠસો હજાર વર્ષે નાટકને ભારતમાં સજીવન કરવામાં અંગ્રેજ નટોનો મહત્ત્વનો ફાળો છે એ જાણીતી વાત છે. મુંબાઈના સેક્રેટરિયેટમાંના 'મુંબાઇ અને વેસ્ટર્ન ઇન્ડિયા' નામના જેમ્સ ડગલસના પુસ્તકમાં ભારતમાં બંધાએલી પહેલી નાટકશાળાનો એક સ્કેચ છે. એની બાંધ્યા સાલ છે ૧૭૫૦, ને ૧૭૭૦માં એની મરામત; ૧૮૦૬માં પહેલું નાટક ભજવાયાની જાહેરાત, ૧૮૦૬થી ૧૮૩૬ સુધીના ત્રીસ વર્ષના ગાળામાં બેતાળીશ અંગ્રેજી નાટકો ભજવાયાની નોંધ છે.

લંડનના એર ટર્મિનસ ઉપર પહોંચ્યા, ત્યાં તો હાથમાં બ્રિટિશ બનાવટની છત્રી, જાણીતા સ્કૉટિશ ઊનનો ડગલો અને પ્રખ્યાત વેલ્સની ટોપી ધારણ કરી બ્રિટિશ કાઉન્સિલના વાણોતર સાહેબ સત્કારવા હાજર ઊભા હતા. બસમાંથી નીચે ઊતરતાં અસલ ભારતના પણ હાલ દારેસ્સલામના નિરંજન પંડ્યાએ મને પકડી પાડ્યો અને કાઉન્સિલના વાણોતરે કબજો લઈ, હાઇડપાર્ક સામે આવેલા પાર્ક કોર્ટ હોટલમાં ઉતારી કાગળિયાંનો ઢગલો હાજર કરી દીધો.

કબજો એટલે કબજો. હોટેલમાં આજે આરામ કરો; કાલ સવારથી કાઉન્સિલના ગાઇડ ગાડી લઈ હાજર થશે તે કાગળમાં લખ્યા પ્રમાણે ફરવા-ફેરવવા લઈ જશે. તૈયાર કરેલા કાર્યક્રમમાં કંઈ ફેરફાર કે સૂચનાઓ હોય તો તે કરવા પહેલી તકે કાઉન્સિલની ઑફિસમાં ચા-નાસ્તા બાદ જવાનું. એ મુજબ નાટકો અને નાટ્યશિક્ષણની સંસ્થાઓ જોવાનો દિવસે દિવસનો, બપોર-રાતનાં જમણ સુદ્ધાંનો, વચગાળે આપણા મિત્રોને મળવું હોય તો તેની વ્યવસ્થાની સગવડ સાથેનો કાર્યક્રમ નક્કી કરી દીધો. નાટકોની પસંદગી તો મેં કરી રાખી હતી, પણ હું ત્યાંના નટ-નાટકો વિષે જાણું એના કરતાં એ દફતર મારે વિષે વધારે જાણે, એટલે એ દફતરમાંના નાટ્યવિભાગના ખાતાના વડા પાસે મને લઈ જવામાં આવ્યો. ત્યાં એ મહાશય તો નીકળ્યા સ્ટીવન ટૉમસ, હેલસિન્કીમાં ઇંગ્લંડ તરફથી હાજર રહેલા પ્રતિનિધિ, એક જમાનામાં ત્યાંની રંગભૂમિ પરના અચ્છા ખેલાડી, બાળપણથી જ નાટકના શોખીન. એમણે લાખ લાખ ટકાની સૂચનાઓ ન કરી હોત તો હું કચરાપટ્ટી નાટકો જ જોત, અને ઘણા હીરા ઘોઘે જઈને પાછા આવે છે એમ હું યે આવત. રાતે એને ઘેર. રાંધી જમાડે એની વહુ સારા (કે સરાહ). પ્રખ્યાત હૅમ્પસ્ટેડ હીથ આગળની સુંદર જગ્યામાં એનું નાનકડું રમકડા જેવું ઘર. કોણ જાણે કેમ, જમતાં જમતાં મારાથી પુછાઇ ગયું કે આ ઘર સરસ છે; તમારું કે ભાડે? તો મિ. ટૉમસ કહે 'આ ઘર મારી વહુનું; આપણે બંને એના મહેમાન છીએ!' ઇંગ્લંડમાં મને 'ગિનેસ' પીવો ગમે. પણ ટૉમસે તો આઈ. પી. એ.નો ગ્લાસ ભર્યો. આઇ.પી.એ. એટલે ઇન્ડિયન પેઈલ એઈલ. ટૉમસ કહે કે 'અમે ભારત છોડી અહીં આવ્યા, પણ અમારી ત્યાં હકૂમત ચાલતી ત્યારે ત્યાંના સાહેબો માટે અહીંથી ખાસ બનાવટનો બીઅર જતો. એ બ્રાન્ડનું નામ ઇન્ડિયન પેઈલ એઈલ. સાપ ગયા અને લિસોટા રહ્યા, લ્યો આ લિસોટો ગટગટાવો.' હાથે રાંધેલી ખાસ ખાસ બનાવેલી રસોઈ જમ્યા. અંગ્રેજ નારીઓ આમ તો ક્યારે ય લજામણી જેવી નમણી દેખાતી નથી, (અલબત્ત, 'કે કૅન્ડેલ' જેવા અપવાદ બાદ કરતાં) પણ સરાહ ભારેની નાજુક. અને એ કાવ્ય લખતાં તો જાણે, પણ એને કાવ્ય વાચન સરસ આવડે; એટલે નટ નાટક અને નાટકશાળા માણવાની મઝા નટ અને કાવ્ય વાંચનારી કવયિત્રીથી શરૂ થઈ.

'તમે આ આવું સરસ કાવ્યવાચન ક્યાંથી જાણો? જન્મથી?'

'અરે હોય?' સ્ટીવન ટૉમસે મોંમાંથી જાણે શબ્દોને લસોટી, ગોળમટોળ લખોટી જેવા બનાવી, પાટણની જસમા ઓડણ કે ધારાનગરીની રૂપસુન્દરી જેવી કોઈ નમણી ગુજરાતણ કોરા સફેદ સ્વચ્છ પાથર્યા લુગડા ઉપર એક અંગૂઠે અને બે આંગળીએ ચોખા-ખીચાની એકેક બબ્બે અજમા છાંટવાળી તાજમહાલમાંની ભલભલી ભૂમિતિની માપબંધીએ કોતરેલી આરસમાંની આકૃતિઓને હરાવે એવી હારમાળાઓમાં વડીઓ મૂકતી હાર પર હાર બનાવતી રહે, એમ વાક્યો ઉપર વાક્યો ઉચ્ચાર્યાં. 'આહાહા! આ તે નટ!' મેં કહ્યું.

'તમે એને સાંભળો તો ખરા'—મિસિસ ટૉમસ એટલેકે સરાહ બોલી. મારા ઉતાવળિયા સ્વભાવને મનમાં ને મનમાં બે બાણાવી, અને આ ભવે હું આ મારી ક્ષતિ નહિ સુધારીશ તો કયા ભવે સુધારીશ એનો પશ્ચાત્તાપ કરવાની યે પૂરી તક મળે તે પહેલાં સ્ટીવન ટૉમસે આગળ ચલાવ્યું: 'જન્મથી નહિ, નનનો-નો-નો-નો! તાલીમથી, અવાજની કેળવણી લઈ, કાવ્યવાચનના અનેક પાઠ ભણી, આ કલા એણે કંઠગત કરી છે. મેં એને એક વાર પૂછેલું, 'ડુ યૂ લવ્હ મી? આઈ લવ્હ યૂ.' ત્યારે નારી સ્વાભાવિક રીતે હા પાડે એમ કરવાને બદલે 'હા રે, ઑફ કોર્સ, આઈ લવ્હ યૂ', એમ જ્યારે કહ્યું ત્યારે આપણે બન્દા તો એના અવાજનો રણકો સાંભળીને જ ઠરી ગયા હતા!'

'ફક્ત અવાજ જ સાંભળીને?'

'તમે, મિ. મહેતા, ભલેને એવી ટકોર કરો; પણ એ અવાજ, એના નિર્મળ વિશુદ્ધ સરળ હૃદયમાંથી જ ટપકતો હતો.' ત્યાં તો સરાહ બોલી, 'પણ એણે મને એ પ્રેમનો પહેલો સવાલ પૂછ્યો ત્યારે હું એના સુરીલા સાદ પર કેવી રીતે આફરીન થઈ ગઈ હતી તે વિષે તો તમે પૂછો!'

અવાજ, સાદ, નાદ, સ્વર, સૂર, નાભિકમળમાંથી નીકળે ત્યાંથી માંડીને જીભની આગળ હવાના પગથારમાં એને વડી તરીકે પટક લઈ ને ગોઠવે, એ આખી ક્રિયાનો વૈજ્ઞાનિક અભ્યાસ આ પારંગત ધણીધણિયાણીએ કર્યો હતો, અને નટનટીની તાલીમનું પહેલું પગથિયું એ હતું, એ હું ત્યાં શીખ્યો.

બંને જણાં પોતાની નાનકડી ગાડીમાં મને મારે ઉતારે મૂકવા આવ્યાં. રસ્તો લાંબો. એ દરમ્યાન અમે ઘણી વાતો કરી. જે જે સંસ્થાઓમાં મારે જવાનું હતું તે સંસ્થાઓમાં શું અને કઇ રીતે જોવું એની પણ ટૉમસે સૂચનાઓ આપી. પદ્ધતિ અને વ્યવસ્થા, એ બે શબ્દો મારા જીવતરના શબ્દકોશમાં તો હતા જ નહિ; એ શબ્દો એની સાત પેઢીના વંશવારસા સાથે જાણ્યા.

બીજે દિવસે સવારે ડેવિસ સ્ટ્રીટમાં એટલેકે બ્રિટિશ કાઉન્સિલમાં મિ. ટૉમસની ઑફિસમાં હું જાઉં છું ત્યાં એની સેક્રેટરી મને એક ખૂણામાં લઈ જઇ ત્યાંના ટેબલની સામે ખુરશી પર ગરમ કૉફી પીવા બેસાડે છે અને ઘડીભરમાં અલોપ થઈ જાય છે! પણ નજર સામે અડીખમ કડીબદ્ધ થોથાં પડ્યાં છે. એ ઉઘાડતાં જોયું તો આખી બારાખડી પ્રમાણેનો નટ-નાટક-નાટકશાળાનો શબ્દસંગ્રહ! નટ ઍન્ડરસન જુઓ તો એની જન્મમરણની તિથિથી માંડી એણે ભજવેલા પાઠોની યાદી, જીવન-ઝરમર, એટલું જ નહિ પણ એનો બાપ યા એની મા, અને એનાં માબાપ, એમ આડાઅવળી લીટીમાં ગોઠવેલું વંશવૃક્ષ, અને સાલવારી વગેરેની અથથી ઇતિ સુધીની હકીકત છાપેલી મોજૂદ. ખાસ્સાં બાર મોટાં થોથાં; અને એમાં વધારો થઇ શકે-નવાં છપાએલાં પાનાં ઉમેરી શકાય એવી વ્યવસ્થા. એમાં આ લોકે ગણતરી કરી એવા સ્પષ્ટ નિર્ણયો ઘટાવી બતાવ્યા છે કે બીરબોમ, કે ટ્રી, કે કીન, કે ગૅરિક, કે સિબિલ થૉર્નડાઇક કે ગિલગુડ, કોઈ પણ પ્રખ્યાત નટનટી લ્યો તો એમાંનાં પોણા ભાગનાં નટનટીમાં અભિનયકલાનો વારસો વંશપરંપરાગત, પેઢી દર પેઢી ઊતરતો, વિકસતો આવ્યો જણાય છે.

નહિ માનો? છપાએલાં થોથાં પણ હાજર છે. 'હૂ ઇઝ હૂ ઇન ધ થીએટર' એ એક જ અઢી હજાર પાનાનું છાપેલું થોથું જુઓ; બારે માસના દરેક દિવસનું ફક્ત નાટ્ય સંબંધી જ કૅલેન્ડર. ૧લી જાન્યુ: ઍલન ટેરીને ગ્રાન્ડક્રૉસ મળ્યો. ૨૭ જાન્યુ: એમ કૅમ્બલ, જેમ્સ બૅરી, હેનરી ઇરવિંગ, નેલ ગ્વીન, પૅટ્રિક કૅમ્બલ, ડેવિડ ગૅરિક, એડમન્ડ કીન, બીરબોમ, બૅરીમોર વગેરે પ્રખ્યાત નટોએ મેળવેલા વિક્રમોની તવારીખ ઉપર તવારીખ, છેક ૩૧મી ડિસેમ્બર સુધી! દરેક નટનટીના જીવનનો ટૂંકો ઇતિહાસ, ભજવાએલાં નાટકોની યાદી, લંડનનાં થીએટરોની બેઠકોના નકશા; ઘેર બેઠાં જે ટિકિટ રીઝર્વ કરાવવી હોય તે કરાવી શકાય. નટોનાં જનમ-મરણની તારીખો, સો કે હજારવાર ઉપરાંત ભજવાએલાં નાટકોની યાદી,—એવીએવી તો એટલી વિગતો ભરી છે કે એ બધી જ જો લખવા બેસીએ તો બે હજાર પાનાં તો આ એક થોથામાંથી જ અહીં ભરવાં પડે. એમાં જે પ્રખ્યાત નટનટીનાં વંશવૃક્ષો આપ્યાં છે, તે પણ જોવાં જેવાં છે. ટેરી કુટુંબ લો: તો ઍલન ટેરી, એનો છોકરો ગૉર્ડન ક્રેગ, ને એનો છોકરો રૉબિન ક્રેગ-બધા જ નટો. એમ બૅરીમોર કુટુંબ જોવા બેસીએ તો તેમાં યે આ કસબ પેઢી દર પેઢી કેવો ઊતરી આવ્યો છે તે જાણવાની મજા પડે. ત્રણચાર પેઢી સુધી અભિનયકલા લોહીમાં ઊતરતી ચાલી આવે એવા યે ઘણા દાખલા છે. જૉન ગિલગુડ અને એનો ભાઈ વાલ ગિલગુડ બંને નટો. વાલ પરણ્યા નટી બાર્બારા ડીલનને. જૉન ગિલગુડનાં માશી નટી, દાદી નટી, દાદીના બાપ બેન્જામિન ટેરી અને મા સારા બૅલાર્ડ બંને નટનટીઓ. કેટલી મહેનતનું આ પરિણામ! સંશોધનવૃત્તિની હદ! આપણે ત્યાં પણ એ જ રીતે નાયક ભોજક ને મીર કુટુંબોમાં, પેઢી દર પેઢી આ કસબ ઊતરી આવેલાના ઘણા દાખલા મોજૂદ હશે; પણ આટલી ઝીણવટથી એનો અભ્યાસ હજુ આપણે ત્યાં શરૂ પણ થયો નથી એવી દશા છે. કઇ સાલમાં કયું નાટક અને કોણે ભજવ્યું એનો ચિતાર તો હજી આપણે વિક્ટોરિયા મ્યૂઝિયમમાં જોઇશું; હમણાં તો આ વાતને અહીંથી પડતી મૂકી આગળ ચાલીએ.

મિ. ટૉમસની યાદીમાં મારે એક નામ ઉમેરવાનું હતું તે 'માઉસટ્રૅપ' નાટકનું. એટલા જ માટે કે સાત વર્ષથી સતત એ નાટક લંડનમાં ભજવાતું ચાલે છે. ત્રણેક હજાર ઉપર નાઈટ થઇ ગઈ હતી. આપણે ત્યાં ૨૫ શો થતાં તો મિનિસ્ટરોને બારણે એમને નોતરવા દોડીએ છીએ; આ તો ત્રણ હજારવાર! સાત વર્ષથી ચાલુ 'માઇ ફેર લેડી' હજારવાર, 'વેસ્ટ સાઇડ સ્ટોરી' આઠસો વાર, એવાં સેંકડો વાર ભજવાતાં નાટકો તો એક કરતાં વધારે. પણ આગાથા ક્રિસ્ટીનું આ એક નાટક માઉસટ્રૅપ, —એમાં પહેલી રાતે પાઠ કરનારામાંથી પણ થોડાઘણાં તો બદલાઈ ગયાં હશે છતાં જોવાનું મન થતાં એ–જોવાનું નક્કી કર્યું.

બ્રિટિશ કાઉન્સિલના મહેમાનીના રસમરિવાજ જાણવા જેવા છે. ત્યાં ઊતર્યા ત્યારથી (હોટેલમાંથી ધોવાનાં કપડાં લઈ બહાર જતો હતો કે તરત ત્યાંના ખાતેદારે બૂમ પાડી) કપડાં પણ એજ લઈ લે અને ધોવડાવી આપે! કોઈ મિત્ર મળવા આવે એને જમવા બેસાડું અને એની છૂટક રકમ આપવા જાઉં તો હોટેલના મૅનેજર સાફસાફ કહી દે કે 'ટિપ્સ' સુદ્ધાં જતી વખતે તમારે કોઇને આપવાની નથી. તમે મહેમાન છો, ગમે તેટલા મહેમાનોને જમવા બોલાવી શકો છો. ટૂંકમાં એક પેનીનો પણ ખર્ચ કરવા દે નહિ. નાટક જોવા જતાં ટિકિટ તો આણી આપે, પરંતુ સાથે પણ કોઈ આવે જ એવો બંદોબસ્ત પણ કરી આપે, યા આપણે કોઈને સાથે લઈ જવા હોય તો એની ટિકિટ

લાવી દે. સાથે જેનો બંદોબસ્ત કરે, એ કાં તો કાઉન્સિલના જ કોઈ અધિકારી હોય, યા નાટક વિષેના ખાસ જાણકાર હોય.

લંડનનું વેસ્ટ એન્ડ અને તેની સાથે સંકળાએલો પિકાડિલી ભાગ એટલે નાટકશાળાઓનો ચોકો! ઢગલાબંધ થીએટરો! એની ટિકિટો જોઇતી હોય તો ઠેરઠેર મળે, તમે જે હોટેલમાં રહેતા હો તે પણ આણી આપે. કાઈસની એક પેઢી તો લંડનનાં શું પણ આખા ઈંગ્લંડનાં થીએટરોની ટિકિટો મેળવી આપે. અહીં હિન્દુસ્તાનમાં બેઠા હો, અને થોડા દિવસ કેડે ઈંગ્લંડ જવાના હો અને ત્યાં નાટક જોવા માગતા હો તો લંડનનાં અને લંડન બહારનાં ગામોમાં ચાલતાં નાટકોની ટિકિટોનું તો નક્કી કરી આપે, પણ લંડનથી માન્ચેસ્ટર કે બર્મિંગહામ જ્યાં નાટક ચાલતાં હોય એની તથા રેલવેની ટિકિટોનું ને ત્યાં રાત રહેવું પડે એમ હોય તો ત્યાંની હોટેલનું પણ નક્કી કરી આપે. અલબત્ત, કેટલાંક લોકપ્રિય થએલાં નાટકોની ટિકિટો ત્રણચાર મહિના આગળથી વેચાઈ જાય અને ન મળે એ જુદી વાત છે.

ત્યારે? 'માઉસટ્રૅપ' જોવા ગયા. ના આરે, તમને નાટકોના સાર લખી કંટાળો નહિ આપું. એવાં તે કેટલાં નાટકોના સાર લખાય? વળી માગો તે નાટકોના સારની બારાખડી પ્રમાણે ગોઠવેલી છાપેલી ચોપડી જ્યારે જોઇએ ત્યારે મળે છે. પણ સાર વાંચવાથી જ જો નાટક જોવાની મઝા પડતી હોય તો નાટક જોવા જાય પણ કોણ? 'માઉસટ્રૅપ' છે થ્રિલર નાટક; ભડકાવનારું-ધડકાવનારું, શરૂઆતથી છેડા સુધી જીવને તાળવે ચોંટાડેલો રાખે એવું નાટક. ફક્ત પાંચ જ પાત્રોનું, પણ સાત વર્ષથી ચાલે છે. પ્લૉટ જાણનારા એટલેકે એક વાર જોઈ ગએલા પણ બીજી વાર જોવા આવે છે, એ વાર્તાપ્રવાહને માણવા નહિ પણ કથાવસ્તુને અભિનયમાં સાકાર થતી જોવા માટે. ત્યાંના લગભગ દરેક નાટકની એ ખૂબી છે. અભિનયકલાનો આ દેશ—નાનીમોટી ક્રિયામાં અભિનયનો ડંકો વગાડનારા નટોનો આ દેશ. નાટકશાળા હોય ખંડેર જેવી. બાંધણી જૂનવાણી, ઠાઠઠેરો મામૂલી, રંગરોગાન નજીવાં, નાટકો પણ પરાંકોટિનાં નહિ, છતાં એના પ્રાણરૂપ અભિનય કરવામાં નટનટીઓ એક્કાં.

નાટકશાળા આગળ મને એક મિ. થીઓડોર બિકેલની ઓળખાણ કરાવવામાં આવી. આજના મારા એ સાથીદાર હતા. લંડનમાં હવે કેટલાંક નાટકોમાં એક નાનો અને એક મોટો એમ બે ઇન્ટરવલ પાડવામાં આવે છે: મોટા વિરામ દરમ્યાન રાતનું વાળુ આટોપવું હોય તો ત્યાં બિચાર સૅન્ડવિચ, કૉફી કે ચૉકલેટ-ચીઝથી કરી લેવાય. ચીઝની લિજ્જતદાર સૅન્ડવિચ અને જિંજરનું ગ્લાસ ગળે ઉતારતાં ઉતારતાં બિકેલે 'માઉસટ્રૅપ'માં એક વાર પોતે કામ કરેલું એ જણાવ્યું. પછી? પછી તો બિકેલે કરેલા પાઠની યાદી સાંભળી મારી તો સૅન્ડવિચ મોંમાં જ રહી ગઈ! ડૉક્ટર, બદમાશ, સબમરીનનો અફસર, યુનિવર્સિટીનો પ્રોફેસર, પોલીસમૅન, કર્નલ, વેપારી, રખડેલ, એવા કિસમકિસમના પાઠો એણે કરેલા; પણ ખૂબી તો એ કે, 'ડૉક્ટર' એટલે ડચ ગામડાનો ડૉક્ટર, વેપારી એટલે ચીનનો જ વેપારી, એમ જર્મન, અમેરિકન, રશિયન એમ જુદાજુદા દેશની વ્યક્તિઓના પાઠ કરેલા. એની ઉમર ૩૫ની, પણ પાઠ કરેલા ૨૫થી ૮૫ સુધીની ઉમરનાં પાત્રોના! અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, હિબ્રૂ, સ્પૅનિશ ને રશિયન ભાષા એને આવડે, અને ભાષા જાણ્યા વિના પણ ઇટાલિયન, હિન્દુસ્તાની, પોર્ચુગીઝ, હંગેરિયન અરેબિયન ગીતો લલકારી જાણે. ગીટાર વગાડવામાં કુશળ. ફિલ્મોમાં પણ કામ કરે. કૈંક નાટકોમાં ભાગ લીધેલો. 'રૉયલ અકાદમી ઑવ ડ્રામૅટિક આર્ટ'માં ભણેલો. સર માઇકલ રેડગ્રેવ અને સર લૉરેન્સ ઑલીવીઅર સાથે નાટકમાં ઊતરેલો—એમણે વખાણેલો. વીએનામાં જન્મેલો, લંડન-ન્યૂ યૉર્કની રંગભૂમિ ઉપર ઝળકેલો, ૧૯૫૮માં તો ફિલ્મમાં ઊતરી મુખ્ય નાયકની સાથે કામ કરતાં ઉત્તમમાં ઉત્તમ ઉપનાયકનું ઑસ્કાર ઇનામ એણે જીતી લીધેલું.'

'તારું સારામાં સારું પાત્ર કયા નાટકમાં, બિકેલ?'

'રોપ ડાન્સર્સ'માં.

'ને આટઆટલા પાઠ ભજવવામાં ફતેહ મેળવ્યાનું મુખ્ય કારણ?'

'પાત્રને જીવતું બનાવવામાં. પાત્ર જેવું સજીવ હોય તેવું રજૂ કરતાં લોક જાણતા હોય એવી, યા એમને ગમે એવી, તે પાત્રની ખાસિયતો. ખૂબીઓ ઉપસાવવામાં.'

'રૉયલ અકાદમીમાં જ આ બધું શીખ્યો?'

'ના રે, ત્યાં તો પૉલિશ થયું, પણ પૅલેસ્ટાઈનમાં ૧૯૪૩માં તલઅવીવમાં હબીમાહ થીએટરમાં શિખાઉ તરીકે રહ્યો હતો. એ ત્યાંનું જૂનું થીએટર છે; અને સાથે ત્યાં તાલીમશાળા પણ છે. ત્યાં, માનશો? અઢાર મહિના મહેનત કરી, ત્યારે એક વાર તખ્તા ઉપર ઊતરવા દીધો! પછી અભિનય શીખવા લંડન આવ્યો અને નસીબ જાગ્યું.'

'એટલે, બિકેલ?'

'સ્ટ્રીટકાર નેઈમ્ડ ડિઝાયર'માં સર લૉરેન્સે ઉતાર્યો. પછી તો પૈસા જ પૈસા! અમેરિકામાં વર્ષના લાખેક ડૉલર કમાયો.'

'એકલો જ છે તું? પરણ્યા—'

'મને કોણ પરણીને સુખી થાય? દિવસમાં ત્રણ તો હું એર ફ્લાઇટ કરું. એક ઈઝરાઈલી છોકરીને પારી(સ)માં મળ્યો, ન્યૂ યૉર્કમાં પરણ્યો, અને પછી અમે છૂટાં થયાં. એ બિચારીનો શો વાંક? મારી રખડપટ્ટી કંઈ ઓછી છે? અભિનયકલા એ જ મારી મહોરદાર.'

બિકેલ માટે મને ટૉમસે ઘણી વાત કરી હતી. એ મારી સાથે જ હૉલૅન્ડ આવવાનો હતો, એટલે એને મળવાની મઝા આવી. સંખ્યાબંધ ટેલીવિઝન પ્રોગ્રામ અને નાટક-ફિલ્મોમાં સાથેસાથે કરવાના કૉન્ટ્રૅક્ટ કરતાં કોઈએ એને પૂછ્યું આ બધું કરતાં તારાથી કેમ પહોંચી વળાશે?' બિકેલનો જવાબ ભારે સૂચક ને અર્થગંભીર હતો: 'બધું જ થશે, અને સહેલાઈથી; કારણ આવતે વર્ષે જ હવે આપણે ઊંઘીશું.'

અભિનયકલાની સિદ્ધિ મેળવવા જીવનવિસ્તાર કેટલો વિશાળ કરવો પડે, કેટકેટલા અનુભવોમાંથી પસાર થવું પડે ને રાતદિવસની, ભૂખતરસનો વિચાર કર્યા વિનાની કેટલી તાલીમ ઉત્સાહ-ઉમળકાથી લીધા કરવાની હોય, એના વિચારોમાં જ તો હું વમળાએલો રહ્યો.

નાટક પૂરું થતાં પણ અમે પિકાડિલીના એક રૅસ્ટોરાંમાં જઇ બેઠા. મારાથી ૨૫ વર્ષ નાના આ જુવાનિયાએ દુનિયા જોઈ નાખી હતી ને છતાં થીઓડોર બિકેલ નામાંકિત નટોની હરોળમાં હજી ઊભો નથી. પણ એની લગની અને એનો ચસ્કો જોતાં એ જરૂર મોખરે આવશે.

છેવટ સુધી 'માઉસટ્રૅપ'માં ખૂન કોણે કર્યું એનો કોયડો હું ઉકેલી શક્યો નહોતો. છેલ્લે અંત આવ્યો ત્યારે તો ઉકેલ સાવ સાદો જ નીકળ્યો; પણ ભજવનારાઓએ અઢી કલાક સુધી બધાના જીવ અદ્ધર લટકેલા રાખ્યા. (ચાલુ)

કબ્રસ્તાન પાસેથી પસાર થતાં મેં એક માણસને એક કબર પાસે ઘૂંટણિયે પડી ધ્રુસકેધ્રુસકે રડતાં સાંભળ્યો. વચ્ચે વચ્ચે તે બોલ્યા કરતો હતો, 'તમે કેમ ચાલ્યા ગયા? તમે કેમ ચાલ્યા ગયા?' લગભગ દસ મિનિટ સુધી તેણે આમ રડયા કર્યું. છેવટે હું તેની પાસે ગયો. અને પૂછ્યું 'તમારો શોક ઘેરો લાગે છે. કોઈ ઘણું આત્મીયજન મૃત્યુ પામ્યું લાગે છે. કોની છે આ કબર?'

'મારી પત્નીના આગલા ધણીની... ઓહ, તમે શા માટે ચાલ્યા ગયા... રે...?'

નવું સ્વતંત્ર થએલું આફ્રિકી રાષ્ટ્ર

ટાંગાનિકા

'મું ગુ ઇબારિશી ટાંગાનિકા'ના રાષ્ટ્રગીત સાથે પોતાના અને સમગ્ર આફ્રિકા ખંડના સર્વોચ્ચ શિખર કિલિમાંજારો પર સ્વતંત્ર્યની મશાલ પેટાવીને ગઇ ૯મી ડિસેમ્બરે લગભગ પોણી સદી ગોરાઓને તાબે રહ્યા પછી ટાંગાનિકા આઝાદ થયું.

બર્ટન અને સ્પેક નામના બે ગોરા શોધસફરીઓએ ઇ. ૧૮૫૮માં અહીં પ્રવેશ કરેલો ત્યારે આફ્રિકા ખંડ હજી અંધારામાં જ હતો. ઉજિજી સુધી તેઓ પહોંચેલા. આ જ સ્થળે ઇ. ૧૮૭૧માં સ્ટૅનલી અને ખોવાએલા ડૉ. લિવિંગ્સ્ટનની મુલાકાત થએલી. આરબો અને હિંદીઓ તો કદાચ એથી યે વહેલા ત્યાંના કંઠારથી માહિતગાર હતા. એ મુલકમાં કોકો અને આંબાનું વાવેતર પણ આરબે એ કર્યું હોવાનું મનાય છે. આજે પણ એ બંનેની પેદાશ સારી છે. આ સિવાય કૉફી કપાસ અને સિસલ તો ખેતીની મુખ્ય ઊપજ હોઇ ટાંગાનિકાના અર્થકારણમાં તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઉપરાંત કેળાની પણ અનેક જાતો થાય છે. ભૂમિ ને હવામાન ખેતીની અનેક પ્રકારની પેદાશને અનુકૂળ હોઈ સ્વતંત્ર ટાંગાનિકા હવે એ તરફ ઘણું લક્ષ આપવા ધારે છે.


આર્થિક રીતે ઘણી સારી આવક કરાવી શકે એવાં ખનિજો પણ ટાંગાનિકાની ભૂમિમાં ઘણાં પાકે છે. કોલસો, લોઢું, ત્રાંબુ અને સીસું કૅસિટેરાઈટ (ટિનની કાચી ધાતુ), સોનું, અબરખ અને હીરા સુદ્ધાં અહીં પાકે છે. ઇંગ્લંડનાં રાણી એલિઝાબેથ બીજાના લગ્નપ્રસંગે ટાંગાનિકાએ પોતાના આ ખાણનો જ એક અદ્વિતીય ગુલાબી હીરો ભેટ આપેલો. સ્વાતંત્ર્યદિન નિમિત્તે બહાર પાડેલી અનેક ટપાલ-ટિકિટોમાંની એક પર તેનું આલેખન આપ્યું છે. પણ આ મબલખ ખનિજો કાઢવા, એને શુદ્ધ કરી બજારમાં મૂકવા, એને લાવવા-લઈ જવા વગેરે માટે ટાંગાનિકામાં જોઇએ એવી સગવડો નથી, જોઈએ એવા માર્ગો અને રેલવે પણ નથી; અને એટલે જ આ બધાંના લાભ પૂરતા પ્રમાણમાં લઈ શકાયો નથી.

અહીંની પ્રાણીસૃષ્ટિનું વૈવિધ્ય પણ એવું જ છે. લગભગ બધી જાતનાં હરણાં, ચિમ્પાન્ઝી, વાંદરા, શાહમૃગ, સિંહ, દીપડા, જંગલી પાડા, ઝેબ્રા, ગેંડા, હાથી, હિપોપોટૅમસ અને જિરાફ વગેરે સાથે અનેક પ્રકારના ઝેરી સાપ, ઝેરી કીડીઓ ને અન્ય જીવડાં, તથા ભયંકર ત્સેત્સે માખી પણ અહીં જ થાય છે. જિરાફ તો ટાંગાનિકાનું રાષ્ટ્રીય પ્રાણી છે. જળ-જમીનના કાચબાઓ સાથે લગભગ દરેક મોટી નદીમાં મગરો પણ ખરા. લિન્ડી વિસ્તારમાં તો વિશાળકાય પૌરાણિક પ્રાણીઓનાં અસ્થિ પણ મળેલાં. ઈ. ૧૯૦૯માં જર્મનોએ આદરેલાં એ ઉત્ખનનોને બ્રિટિશોએ પણ ચાલુ રાખી ઇ. ૧૯૨૪માં કેટલીક ઘણી સારી શોધખોળો કરેલી.

લગભગ ત્રણ લાખ બાસઠ હજાર ચોરસ માઈલના વિસ્તારવાળો આવો આ વૈવિધ્યસભર મુલક ઈ. ૧૮૮૯માં જર્મનોએ પોતાના સંસ્થાન તરીકે જાહેર કરેલો. અત્યારે બેલ્જિયમના કબજા નીચેના રૂ-




સ્વાતંત્ર્યની રાતે આફ્રિકાના સર્વોચ્ચ શિખર કિલિમાંજારો પર પોતાનો રાષ્ટ્રધ્વજ સ્થાપતા અને એકતાની સૂચક મશાલ પેટાવતા સ્વતંત્ર ટાંગાનિકાના લેફ્ટનન્ટ ન્યીરેન્ડા.



એક એવી મશાલ, કે જે આપણી સીમાઓની યે પેલે પાર, જ્યાં હોય ત્યાં આપણા અનુગામીઓને આશાના એક કિરણ તરીકે દોરશે— ટાંગાનિકાની પ્રજાને એ મશાલ પેટાવીને કિલિમાંજારોના શિખર પર સ્થાપવી ગમશે.' આ શબ્દોના કહેનાર જુલિયસ ન્યેરેરે રાષ્ટ્રના બિનહરીફ નેતા અને ટાંગાનિકાના સૌથી પહેલા વડા પ્રધાન.








જેમ પ્રજાની જાતિઓમાં એમ અન્ય જીવસૃષ્ટિમાં પણ ટાંગાનિકામાં ઘણું વૈવિધ્ય છે. ઉપર ઘરમાખ કરતાં સહેજ જ મોટી પણ ભયંકર ઝેરી ત્સેત્સે માખી, ઝેબ્રા અને બાજુમાં સિંહયુગલ. આફ્રિકન સિંહોની કેશવાળી વધુ મોટી હોય છે.

આન્ડા–ઉરુન્ડી પણ એ વખતે ટાંગાનિકામાં જ હતાં. પ્રથમ વિશ્વયુદ્ધ પછી બ્રિટિશોએ પોતાનો કબજો અહીં જમાવ્યો ને રૂઆન્ડા-ઉરુન્ડી બેલ્જિયમે રાખ્યાં. બીજા વિશ્વયુદ્ધ પછી ટાંગાનિકા સંયુક્ત રાષ્ટ્રોના વાલીપણામાં ને બ્રિટિશ વહીવટ તળે આવ્યું. અને હવે આ બધી ધૂંસરીમાંથી છૂટી એ સ્વતંત્ર થયું છે. સત્તાફેરનો એમનો આ પ્રસંગ એની સીમાઓ પરના અન્ય પ્રદેશોમાં પ્રવર્તતી અશાંતિની સરખામણીમાં ઘણી જ શાંતિથી પતી ગયો છે. એનો ઘણોખરો યશ એના પ્રથમ વડા પ્રધાન જુલિયસ ન્યેરેરેને ઘટે છે.

આફ્રિકાના નવા નેતાઓમાં ન્યેરેરે પોતાની સાદી સમજ અને વાજબી તથા મધ્યમસરના વલણને માટે જાણીતા છે. જાતિના વડા ન્યેરેરે બુરિટોનાં ૨૬ સંતાનોમાંના એક એ જુલિયસ કામ્બરેગેનું બાળપણ વિક્ટોરિયા સરોવર પાસેની ઝાડીમાં રખડપટ્ટીમાં જ વીતેલું. બારમે વર્ષે બુટિમા છોડી મુસોમાની ખ્રિસ્તી મિશનની શાળામાં તેને ભણવા જવું પડયું. ત્યાંથી આગળ ટાબોરામાં માધ્યમિક શિક્ષણ લેવા સાથે તેઓ ધર્માંતર કરી કૅથૉલિક થયા. મિશનની પ્રેરણા અને



લાંબા દંતૂશળ અને મોટા કાન સાથે વિશાળ કાયાવાળા હાથી અને ભયંકર ભીમકાય ગેંડાનો પણ ટાંગાનિકાની પ્રાણીસૃષ્ટિમાં સમાવેશ થયેલો છે.

સહાયથી યુગાન્ડામાં અને ત્યાંથી ઇંગ્લંડમાં એડિનબરામાં ઉચ્ચ અભ્યાસ કરી સ્નાતક થયા (આફ્રિકન નેતાઓમાં ગણ્યાગાંઠયાએ જ આવું ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે) અને જીવનની શરૂઆત ટાબોરાની સેન્ટ મેરી મિશન સ્કૂલમાં ભણાવવાથી કરી. ઈ. ૧૯૫૪ થી રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૧૯૬૦માં ટાંગાનિકાના મુખ્ય પ્રધાન તથા છેલ્લે સ્વતંત્ર ટાંગાનિકાના પ્રથમ વડાપ્રધાન થયા. માત્ર ૩૮ વર્ષની જ ઉમર થતાં સુધીમાં એમણે મેળવેલી આ સિદ્ધિઓ એમની પ્રતિભાની કંઈક ઝાંખી કરાવે છે. હમણાં ગયા માસમાં જ એમણે પોતાના પક્ષને વ્યવસ્થિત અને ચેતનવંતો કરવા માટે વડા પ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. એમના અનુગામી તરીકે દફતર વિનાના પ્રધાન કાવાવા આવ્યા છે. બત્રીસ જ વર્ષની ઉમરના કાવાવા રાજકારણમાં પ્રવેશ્યા એ પહેલાં ફિલ્મઅભિનેતા તરીકે પણ સારી ખ્યાતિ પામી ચૂકેલા છે. કંઈક વધુ ઉદ્દામ વિચારસરણીના હોવા છતાં તેઓ પક્ષના નેતા ન્યેરેરે તરફ સંપૂર્ણ માન ધરાવે છે. એટલે મધ્યમ બાંધાના અને મુલાયમ સ્વભાવના ન્યેરેરે જ રાષ્ટ્રના બિનહરીફ નેતા છે. પૂર્વ આફ્રિકાના સમવાયતંત્રના તે હિમાયતી હોવા છતાં મહત્ત્વાકાંક્ષી બૃહદ્-આફ્રિકાની યોજનાઓની બાબતમાં અત્યંત સાવચેતીભર્યું વલણ રાખે છે. રાષ્ટ્રસમૂહમાં સભ્ય બનવા છતાં પોતાની વિદેશનીતિ એ સ્વતંત્ર જ રાખવા માગે છે અને પોતાના પ્રદેશમાં કોઈ પણ લશ્કરી મથક સ્થાપવા નહિ દે.

'ઉહુરુ ના કાઝી' (સ્વાતંત્ર્ય અને કાર્ય)એ એમના પક્ષ 'ટાંગાનિકા આફ્રિકન નૅશનલ યુનિયન' (TANU)નું મુખ્ય સૂત્ર છે. સખત પરિશ્રમ વગર તો ટાંગાનિકાની કશામાં ગણતરી નહિ રહે એમ તેઓ માનતા હોઈ સ્વાતંત્ર્યદિનના ઉત્સવ માટે પણ એમણે માત્ર એક જ દિવસ ફાજલ કર્યો હતો.

વૈવિધ્યસભર ટાંગાનિકાની પ્રજામાં અનેક જાતિઓનો સમાવેશ થાય છે. સવાસો જેટલી તો આફ્રિકન જાતિઓ જ ત્યાં વસે છે, જેમાંની મોટાભાગની પ્રજા બાન્ટુ બોલી બોલે છે. દરિયાકિનારા તરફ સ્વાહિલી બોલાય છે જે ત્યાંના મોટા ભાગના લોકો સમજી શકે છે. સુકુમા એ કદાચ સૌથી મોટી જાતિ છે. એ ઉપરાંત, ન્યામબેની, માકોન્ડે, ચાગા, ગોગો, હાયા, હટ, મસાઈ, વાકુરી, યાઓ, બાંગોની વાસાંબારા, સ્વાહિલી વગેરે અનેક જાતિઓના લોકો મળી લગભગ ૯૮ ટકા જેટલા આફ્રિકનોની અને તે ઉપરાંત, અરબ, હિન્દી અને યુરોપીઅનોની ત્યાં વસતિ છે. રાજકર્તા પક્ષ ('ટાનુ')માં પણ આ બધી જાતિઓના સભ્યો છે. સ્વતંત્ર ટાંગાનિકાની કાઉન્સિલમાં નવ



ટાંગાનિકાની રાષ્ટ્રસંજ્ઞા. કિલિમાંજારો ઉપર સ્થાપેલી આફ્રિકન યોદ્ધાની ઢાલમાં સૌથી ઉપર આફ્રિકાની ભૂમિ, પછી રાષ્ટ્રધ્વજના (લીલા, પીળા, કાળા, પીળા ને લીલા રંગના) પટ્ટા અને તેની નીચે ત્યાંની લાંબી કંઠારનાં દ્યોતક પાણીનાં મોજાં છે. સ્વાતંત્ર્ય અને જ્ઞાનનો પ્રકાશ આપતી મશાલ આ બધાંને આવરે છે. તેના પરની એકબીજાને સાંકળતી કડીઓ એકતા સૂચવે છે. ઢાલને ટેકવતા હબસી નરનારી ત્યાંની પ્રજાનાં અને તેમણે પકડેલા હાથીદાંત ત્યાંની પ્રાણી-સૃષ્ટિના દ્યોતક છે. પુરુષના પગ પાસે કપાસ ને સ્ત્રીના પગ પાસે મૂકેલો કૉફીનો છોડ ત્યાંની ખેતીની બે મુખ્ય પેદાશ દર્શાવે છે. મુદ્રાલેખના સ્વાહિલી ભાષાના શબ્દો 'ઉહુરુ ના ઉમોજા'નો અર્થ છે સ્વાતંત્ર્ય અને ઐક્ય. સમગ્ર રચના સહકારની ભાવનાનું સૂચન કરે છે.

આફ્રિકન, એક એશિયન ને બે યુરોપીઅનો છે અને એ સૌનું વય સરાસરી સાડત્રીસ વર્ષથી વધુ નથી. આ પચરંગીપણાને ન્યેરેરે ટાંગાનિકાના વિકાસ માટે જરૂરી પણ ગણે છે. એમનું કહેવું છે કે 'માણસનો રંગ કેવો છે કે એ કયા દેશમાંથી આવ્યો છે એ પ્રશ્ન ગૌણ છે. નાગરિક તરીકેના એના અધિકારો અને ફરજોનું જ મહત્ત્વ છે.'

વાલીપણાના વહીવટમાંથી સ્વતંત્ર થતો આ સૌપ્રથમ દેશ સમૃદ્ધિના પ્રમાણમાં હજી પૂરતો વિકસિત નથી એનું કારણ જેમ સગવડો અને સાધનોનો અભાવ છે એમ જ એનું શિક્ષણપ્રમાણ પણ પૂરતું નથી એ છે. હજી સુધી આખા ટાંગાનિકામાં ઉચ્ચ કેળવણીની કોઈ સગવડ નથી. એવા વિદ્યાર્થીઓને કેન્યા કે યુગાન્ડા જવું પડે છે અને એ માટે ટાંગાનિકાની સરકાર એ બંને પ્રદેશની કૉલેજોને આર્થિક સહાય પણ આપે છે. અત્યારે દૂર પરદેશમાં ટાંગાનિકાના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આફ્રિકન પ્રજામાં શિક્ષણના પ્રસારની અગત્ય ન્યેરેરે જ્યારે શિક્ષક હતા ત્યારના સમજતા હેઈ સત્તા પર આવતાં જ તેમણે એ દિશામાં પગલાં લેવા માંડયાં છે.

દારેસ્સલામ એ ટાંગાનિકાનું રાજધાનીનું શહેર હોવા ઉપરાંત ટાંગાનિકાના હિન્દી મહાસાગર ઉપરના લગભગ ૫૦૦ માઈલ લાંબા કિનારા પરનું અગત્યનું બંદર તથા આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પણ છે. અહીંથી છેક ટાંગાનિકા સરોવર સુધી રેલવે જાય છે. આ ઉપરાંત ટાંગા પણ સારું બંદર છે. લિન્ડી, ટાબોરા, કોરોગ્વે, કિલોસા, ડોડોમા, ઇરિંગા કિલ્વા વગેરે મોટાં ગામો છે. સમગ્ર આફ્રિકાનું ઊંચામાં ઊંચું (૧૯૫૬૫ ફૂટ) શિખર કિલિમાંજારો પણ ટાંગાનિકાની ઉત્તર-પૂર્વ સરહદમાં જ આવેલું છે. શાંત પડી ગએલા જ્વાળામુખીનું આ શિખર વિષુવવૃત્તની નજીક હોવા છતા તે પર બારે માસ બરફ રહે છે એના પરથી વહી આવતા હિમપ્રવાહમાંથી પંગાની નદી બને છે. દ્વિમુખી 'મેરુ' એ એનું બીજું ઊંચું શિખર (૧૪,૯૫૫ ફૂટ) છે. સરોવરોમાં ટાંગાનિકા, વિક્ટોરિયા અને ન્યાસા ઘણાં મોટા છે. આ ત્રણે સરોવરો પર મર્યાદિતપણે ટાંગાનિકાનો હક્ક લાગે છે. આમાં ટાંગાનિકા સરોવર તો લગભગ ૧૨,૭૦૦ ચોરસ માઈલમાં વિસ્તરેલું ને સમુદ્રની સપાટીથી ૨૫૩૬ ફૂટની ઊંચાઈએ છે. એની ઊંડાઈ ૪૭૦૮ ફૂટ (દરિયાની સપાટીથી પણ ૨૧૭૨ ફૂટ નીચે) છે. આ રીતે એ મીઠા પાણીનું દુનિયાનું મોટામાં મોટું સરોવર હોઈ મુખ્યત્વે સપાટ ઉચ્ચપ્રદેશવાળો આ દેશ આફ્રિકાના સર્વોચ્ચ અને સર્વનિમ્ન સ્થાનો ધરાવે છે.

પણ સ્વાતંત્ર્યનાં ગુલાબી સ્વપ્નોનાં ફળ જોવા માટે શ્રમનું સિંચન કરવું પડે છે. ન્યેરેરે આ હકીકતથી વાકેફ હોઈ કહે છે કે 'પ્રજાનો તત્કાળ અભ્યુદય કરવા મારી પાસે જાદુ નથી. છતાં તેમની થોડીક આશા હું પૂરી નહિ કરી શકું તો જરૂર હું પ્રજાનો ટેકો ગુમાવી બેસીશ.'

જો ન્યેરેરેની આ બીક સાચી પડે તો આફ્રિકાને એવો બીજો કોઈ સમજુ અને શાણો નેતા કલચ નહિ મળે. મુંગુ ઈબારિકી ટાંગાનિકા!



કૉફીના છોડ. કપાસની સાથે કૉફીની પેદાશનું યે ટાંગાનિકામાં આર્થિક દૃષ્ટિએ એટલું તો મહત્ત્વ છે કે એ દેશની રાષ્ટ્રસંજ્ઞામાં ને ઉહુરુ ટપાલ ટિકિટો (જુઓ અંક ૪૮૭) પર પણ તેમણે એને સ્થાન આપ્યું છે. એમાંથી એને ઘણી જ સારી આવક થાય છે.



દારેસ્સલામ એટલે શાંતિનું સ્વર્ગ. ટાંગાનિકાની એ રાજધાનીની સાગર કંઠારનું એક દૃશ્ય ઉપર આપ્યું છે.




'સિસલ એ તલવાર જેવા લાંબા પાંદડાંવાળી વનસ્પતિ છે. એને કાપીને છૂંદીને તેને સારી પેઠે તડકામાં સૂકવીને તેમાંથી ભીંડી પેઠે રેસા કાઢવામાં આવે છે જેમાંથી દોરડાં વગેરે બને છે.

ગાયનું, ભેંસનું, બકરીનું, ગધેડીનું તથા સેપરેટે વગેરે

વિવિધ પ્રકારનાં દૂધ

અને તેમના ગુણાવગુણની તુલનાત્મક સમજણ આપતો 'આહાર અને આરોગ્ય'ની લેખમાળાનો છવ્વીસમો હપતો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



(ગાયનું આઉ →

આપણા દેશમાં સામાન્યતઃ ગાય બકરીનું ને ખાસ કરીને ભેંસનું દૂધ વપરાય છે. પશ્ચિમના દેશોમાં માત્ર ગાયનું દૂધ વપરાય છે. આયુર્વેદમાં પણ જ્યાંજ્યાં દૂધનો ઉલ્લેખ આવે છે ત્યાંત્યાં ગાયનું દૂધ સમજવાનું છે.

ભેંસનું દૂધ પ્રોટીનો અને ચરબીમાં સમૃદ્ધ હોવા છતાં પીવા માટે સ્વાદિષ્ટ દૂધ તો ગાયનું છે. ભેંસના દૂધનો મોટો ઉપયોગ ઘી બનાવવા માટે છે. ભેંસનાં દૂધ માખણ ને ઘી વધારે ઊતરતાં હોવાથી આર્થિક ધોરણે તે વધુ ઉપયોગી છે, પણ ગાયની માવજત અને ઉછેરમાં કાળજી લેવામાં આવે તો તેના દૂધનો ઉતાર વધારે નીવડે એ નિઃસંશય છે. રશિયાએ વડા પ્રધાન શ્રી નેહરુને ભેટ આપેલી ગાય રોજનું એક મણ દૂધ આપતી હોવાનું કયાં જાણીતું નથી? બકરીનું દૂધ ખનિજ-દ્રવ્યોથી સમૃદ્ધ છે, પણ તેમાં કેટલાંક અદ્રાવ્ય ઍસિડો હોવાથી બાળ-કોનાં આહાર માટે અયોગ્ય છે. ગાયનાં દૂધ-દહીં-ઘી ભેંસનાં દૂધ દહીં-ઘી કરતાં વધુ પોષક તત્ત્વો ધરાવે છે અને પચવામાં હળવાં છે.

ગાયનું દૂધ

જુદાંજુદાં પ્રાણીઓનાં દૂધના ગુણો તો સામાન્ય છે. દૂધની સંર-ચનામાં અસર પાડનારી મુખ્ય બાબત ઢોરનું વેતર છે. દૂધમાં ફેરફાર મુખ્યત્વે ચરબીના પ્રમાણમાં રહે છે. ગાયના દૂધમાં ચરબીનું પ્રમાણ અઢીથી છ ટકા જેટલું છે. તેનું દહીં નરમ જામતું હોવાથી એનાં પ્રોટીનો પચવામાં સહેલાં છે. ભેંસના દૂધ કરતાં ગાયના દૂધમાં ચૂનો થોડો ઓછો હોવા છતાંય શરીરમાં તેનો પૂર્ણપણે ઉપયોગ થવાની વિશેષતા છે. ગાય-ના દૂધમાં પાણી ૮૭ ટકા એટલે કે ભેંસના દૂધ કરતાં છ ટકા વધારે છે. બન્ને દૂધમાં વિટામિન 'એ' સરખું છે. એક ઔંસ ગાયના દૂધમાંથી ૩૦ ઉષ્ણાંક ગરમી મળે છે તો ભેંસના દૂધમાંથી ૩૨ ઉષ્ણાંક. ગાયનું દૂધ ઝાંખા પીળા રંગનું અને પાતળું હોય છે તો ભેંસનું દૂધ બરફ જેવું ધોળું અને થોડું ઘટ્ટ હોય છે. વળી લીલોતરી ઘાસ કૅરોટિનથી સમૃદ્ધ હોઈ ઉનાળા કરતાં ચોમાસાનું દૂધ વધારે પીળાશપડતું હોય છે. પીળો રંગ-કૅરોટિન (વિટામિન 'એ'નું પૂર્વદ્રવ્ય)ને આભારી છે.

આહારમાં દૂધની કિંમત ઉષ્ણાંક માટે નહિ પણ રક્ષણાત્મક પદાર્થો માટે છે. આ દૃષ્ટિએ ગાયનું દૂધ ચડિયાતું છે, કારણકે ગાયના દૂધના દરેક ઉષ્ણાંકમાં ભેંસના દૂધના એટલા પ્રમાણ કરતાં પોણા બે ગણા રક્ષણાત્મક પદાર્થો આવેલા છે. ઊછરતા બાળકોની વૃદ્ધિ ને આરોગ્ય માટે અને વધારે ખોરાક લેવાની મનાઈવાળાં રોગીજનોને ગાયનું દૂધ વધારે પથ્ય નીવડે છે. વળી તે સસ્તું અને કરકસરભર્યું છે તે વધારામાં.

ધાવણાં બાળકોને માના દૂધની અવેજીમાં આપી શકાય એવું કોઈ દૂધ હોય તો તે ગાયનું છે. માનવ દૂધમાં ગાયના દૂધ કરતાં ઓછાં પ્રોટીન ને ચરબી, પણ વધારે પાણી ને શર્કરા છે. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે કે 'ત્રીસ વર્ષની ઉમર પછી માતાના ધાવણમાંથી ખનિજ દ્રવ્યો ઘટે છે. પૌષ્ટિક ને પુષ્કળ આહારથી ધાવણનાં ચરબી અને શર્કરા વધે છે તો અપૂરતા ખોરાકથી કેસિન ને ચરબી ઘટે છે. સ્તનપાન દરમિયાન જોકે પ્રોટીનો ઘટે છે પણ ચરબી ને શર્કરાનાં પ્રમાણ સ્થાયી રહે છે. ચરબી કૅસિન ને શર્કરાના પ્રમાણ અને સંરચનામાં તફાવત હોવા છતાં ય માનું ધાવણ ગાયના દૂધ કરતાં શ્રેષ્ઠ છે. ગાયના દૂધ કરતાં ધાવણનાં કોકડાં નાનાં બાઝે છે. ધાવણનાં ખનિજદ્રવ્યોમાંથી લગભગ ૮૦ ટકા અભિશોષાય છે. ધાવણમાં વિશિષ્ટ આથવણો છે જેનાથી દૂધનું પાચન ને શોષણ સરળ બનવા સાથે તેનું અભિશોષણ અને શરીરમાં ધારણ પણ સારું થાય છે.

ગાયના દૂધને ધાવણ જેવું બનાવવા માટે તેમાં થોડું પાણી ઉમેરવું જરૂરી છે. ગાયના દૂધમાં ચરબી વધારે હોઇ તે યોગ્ય રીતે હળવી ન બનાવાય તો બાળકના આંતરડાંમાં બગાડો થાય છે. બાળકોની ચરબી પચાવવાની તાકાત મર્યાદિત છે. વધારે પડતી ચરબી આંતરડાંમાં આથવણરૂપમાં પરિણમી મળ વાટે નીકળી જાય છે. આની સાથે ખનિજદ્રવ્યો પણ તણાઈ જતાં હોવાથી બાળકમાં અપૂર્ણ પોષણની સ્થિતિ આવી પડે છે. વળી જો વધારે પાણી ઉમેરાય તો ચરબી અને શર્કરાનું પ્રમાણ પણ ઘટે છે.

ગાયનું દૂધ ગરમ કરીને બાળકને આપવું. ગરમ કરવાથી દૂધનાં જીવાણુઓ નાશ પામે છે. ઉપરાંત દૂધનાં મોટા કોકડાં બાઝતાં નથી. ધાવણ કરતાં ગાયનું દૂધ જલ્દી આમ્લિક બને છે પણ એમાં ચૂનાનું પાણી ઉમેરવાથી અલ્કલિગુણ જળવાઇ રહેવા સાથે હોજરીની અમ્લતાનું પણ થોડું શમન થઈ દૂધ સુપચ્ય બને છે.

ગાયના સવારના અને સાંજના દૂધમાં ચરબીના પ્રમાણમાં ફેર રહે છે. સવારના કરતાં સાંજનું દૂધ વધારે ચરબીવાળું હોય છે. વળી દોહવાતા દૂધની શરૂઆતમાં ઓછી ચરબી હોય છે. ઋતુ અનુસાર વિટામિન 'એ' અને 'ડી'ના પ્રમાણમાં પણ ફેર રહે છે. લીલોતરી ઘાસ ચરતી ગાયના દૂધમાં આ વિટામિનો વધારે હોય છે.

ગાયના દૂધ વિષે આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓના મત જોઇએ: 'ગાયનું દૂધ સ્નિગ્ધ, ભારે, રસાયન, શીતલ, રસ તથા પાકમાં મધુર, જીવનીય અને પિત્તને ટાળનાર છે.' (સુશ્રુત-સૂત્રસ્થાન: ૪૫·૪૭) 'સ્વાદિષ્ટ, શીતળ, કોમળ, ચીકણું, ગાઢું, સૌમ્ય, પિચ્છિલ, ભારે, મંદ ને ચિત્તને પ્રસન્ન કરનાર છે. ઓજ વધારનાર, જીવનીય દ્રવ્યોમાં સર્વ-શ્રેષ્ઠ અને રસાયન છે.' (ચરક: સૂત્રસ્થાન ૨૧૪-૧૫) 'ધાવણ વધાર-નાર, સર્વદા સેવન કરનારના સઘળા રોગો તથા જરાને શાંત કરનાર છે

(जरा समस्त रोगाणां शान्ति कृत्से विना सदा) કાળી ગાયનું દૂધ વાયુ હરનાર અને અધિક ગુણવાળું છે પીળી ગાયનું દૂધ પિત્ત તથા વાયુ હરનાર છે. ધોળી ગાયનું દૂધ કફ કરનાર અને ભારે છે. રાતી અને કાબરી ગાયનાં દૂધ વાયુ હરનાર છે. નાનાં વાછડાંવાળી તથા વાછડાં વગરની ગાયોનું દૂધ ત્રણે દોષોને હરનાર, તૃપ્તિ આપનાર અને બળ વધારનાર છે.' (ભાવ પ્રકાશ : દુગ્ધવર્ગ). '(ગાયનું દૂધ) મેધ્ય છે, સર છે, થાક, ફેર, મદ, નિસ્તેજતા, દમ, ઉધરસ, મનની પીડા, બહુ તરસ, ભૂખ, જીર્ણજ્વર, મૂત્રકૃચ્છ ને રક્તપિત્ત આ અગિયાર રોગો મટાડે છે.' (વાગ્ભટ્ટ) અથર્વવેદના ૧-૨૨-૧ના મંત્રમાં રાતી ગાયનાં દૂધ-દહીં-ઘી વગેરેના સેવનથી હૃદયરોગ અને પાંડુરોગ મટતા હોવાનો ઉલ્લેખ છે.

કાશ્યપ સંહિતાના ભોજનકલ્પ નામના અધ્યાયમાં ગાયના દૂધની વિશેષ મહત્તા ભારોભાર વર્ણવેલી છે. એમાં દૂધની ગુણગાથા વદતાં 'આત્માને બળદાતા, પવિત્ર, મંગળ કરવાવાળું, આયુવર્ધક, શરીરની કાંતિ વધારનાર, વાળ વધારનાર, હાડકાં સાંધનાર અને યૌવનપ્રદાતા' વગેરે અનેક ગુણો લખી ગુણોના સાર રૂપ એક સૂત્ર લખ્યું છે કે 'क्षीरात्परं नास्ति च जीवनीयम् ॥९०॥ (દૂધ જેવો બીજો જીવનદાતા પદાર્થ નથી) અને આવું કીમતી દૂધ આપનાર ગાયને ચરાચર વિશ્વના આધારરૂપ (गाव: प्रतिष्ठा सचराचरस्य ॥९९॥) કહી બિરદાવી છે.

આર્યોએ ત્રણ માતાઓ સ્વીકારી છે : ગોમાતા, ભૂમાતા અને ગંગામાતા અગર લોકમાતા (નદી). આ ત્રણેય લોકોને પોષનારી છે. ખેતી શોધનાર ભારતદેશ ખેડૂતોનો મુલક છે. ભૂમાતા ને લોકમાતા એકઠાં મળી અનાજ પકવે છે જે માનવીને અન્ન અને પશુઓને ઘાસચારો પૂરાં પાડે છે. ગાય-બળદની ઊંચી ઓલાદ ઉપર ખેતી નિર્ભર છે તો ગાયનું દૂધ પોષણદાતા અને આરોગ્યપ્રદ છે. ધર્મશાસ્ત્રકારોએ દેવકાર્યોમાં ગોદુગ્ધને અતિ પવિત્ર હવિદ્રવ્ય ગણાવ્યું છે તો દેહશુદ્ધિ દ્વારા શરીરનાં પાપનાશ કરવા પંચગવ્ય (દૂધ, દહીં, ઘી, છાણ ને ગોમૂત્ર)ના પ્રાશનની આજ્ઞા કરી છે. આમ ગાય સર્વ વાતે મંગળમય હોઈ પૂર્વ કાળમાં બધાં ધનોમાં ગોધન સર્વશ્રેષ્ઠ મનાતું હતું. ગહર્ષિ વસિષ્ઠનું વચન છે કે गाव: प्रतिष्ठा भूतानां गाव: स्वस्त्ययनं महत् ॥ ગાય માનવજીવનનું અવલંબન છે. ગાય કલ્યાણનું પરમ નિધાન છે.

ખેતી અને આભીરના ઉદ્યોગો (Dairy Industries) ઉપર નભતા પ્રાચીનોએ ભેંસ કરતાં ગાયને શ્રેષ્ઠ ગણી છે, કારણ ગાયનું દૂધ સાત્ત્વિક છે. ભેંસ કરતાં ગાય વધારે સ્વચ્છ અને તંદુરસ્ત છે. સરખું દૂધ દેતી ગાય કરતા ભેંસને લગભગ બમણો ચારો ને દાણો આપવો પડે છે. વસુકી ગયા પછી વિયાતાં ભેંસને ગાયના કરતાં દોઢોથી બમણો વખત લાગે છે. ટૂંકામાં ભેંસના કરતાં ગાયના દૂધનો ઉત્પાદન-ખર્ચ ઓછો છે. આવાં કારણોને લીધે પ્રાચીન અર્થવ્યવસ્થામાં ગાયનું પ્રધાન સ્થાન હોઈ આર્યોએ ગાયને કામધેનુ અને વિશ્વની માતા (गावो विश्वस्य मातर: ॥) તરીકે ઓળખાવી છે. સંભવ છે કે સમયના વહેણમાં વિસારે પડેલી ગાયની પ્રતિષ્ઠાનું—શ્રી કૃષ્ણભગવાને બાળલીલામાં પુન: પ્રતિષ્ઠાન કર્યું હતું. શ્રી વિનોબા ભાવે ભારતવર્ષની સભ્યતાને 'ગોસેવા' નામે ઓળખાવે છે.

હજારો વરસોથી સમજાએલું ગાયનું આ મહત્ત્વ હવે આપણે ત્યાં માત્ર ખાલી શબ્દોમાં રહ્યું છે. સવારમાં ભટકતી ગાય દેખી તેને દૂરથી પાણી અને કંકુના છાંટા નાંખી પૂજનારા હજુ પડ્યા છે, પણ તે રખડતી ફરતી કચરો ને ઓખર ખાય તેની કોઈને પડી નથી. ઘણાને ગાયનું દૂધ પાતળું પડે છે ને શહેરોમાં ગાયનું ચોખ્ખું દૂધ મળવું મુશ્કેલ છે.

આપણે ખાવામાં ઘટ્ટ દૂધ પસંદ કરતા હોઈને સાડા ત્રણથી ચાર ટકા ચરબીવાળા ગાયના દૂધ કરતાં છથી આઠ ટકા ચરબીવાળું ભેંસનું દૂધ શ્રેષ્ઠ લેખીએ છીએ, પણ જાણવા જેવું છે કે વધારે ચરબીવાળું દૂધ પચવામાં ભારે છે. પશ્ચિમના કેટલાક દેશોમાં તો અઢીથી ત્રણ ટકા ચરબીવાળું દૂધ પીવા માટે લેવાય છે ને વધારાની ચરબી કાઢી લેવામાં આવે છે. આ વાંચ્યા પછી નથી લાગતું કે ઘટ્ટ દૂધ વાપરવા પાછળની આપણી રૂઢ માન્યતા પાછળ કોઈ વૈજ્ઞાનિક સત્ય નથી?

ગાયના દૂધનો આહારમાં વપરાશ માનવજાતિના ઇતિહાસ જેટલો જૂનો છે. આ દીર્ઘ કાળ દરમિયાન આરોગ્ય અને માંદગીમાં દૂધનો બહુવિધ વપરાશ થવાથી કશ્યપ સંહિતામાં गवां क्षीरं रसायनम् ॥ (૨૨-૧૯) ઉદ્ગાર સહિત એનું મોટું મૂલ્ય આંકવામાં આવ્યું છે, તો શાસ્ત્રોમાં (ગાયના) દૂધને અમૃતની સંજ્ઞા આપેલી છે. યક્ષે પૂછેલા अमृतं किम्‌ના પ્રશ્નના જવાબમાં યુધિષ્ઠિરનો ઉત્તર गवाऽमृतम् (ગાયનું દૂધ અમૃત)નો હતો. આપણા દેશમાં અમૃત સમા સાત્ત્વિક ગાયના દૂધનો સાર્વત્રિક વપરાશ ફરી ક્યારે શરૂ થશે?

ભેંશનું દૂધ

હિન્દ, ચીન, ફિલિપાઇન્સ ને જાવા-સુમાત્રામાં ભેંશના દૂધનો વપરાશ છે; બાકી દુનિયાના બીજા ભાગોમાં ગાયનું દૂધ વપરાય છે.

ગાયના દૂધ કરતાં ભેંશના દૂધમાં વધારે પ્રોટીન (૪૩ ટકા) અને બેવડા કરતાં વધારે ચરબી (૮.૮ ટકા) હોવાથી એનું ઉષ્ણાંક મૂલ્ય ઘણું ઊંચું છે. શર્કરા (૫.૧ ટકા) ગાયના દૂધ જેટલી જ છે. ઘનપદાર્થો અને ચરબી વધારે હોવાથી તેમાં વધારે પાણી ભેળવાય છે. આથી તે સુપાચ્ય તેમજ સુમધુર પણ નથી. ચરબી અને પ્રોટીનસમૃદ્ધ આવા દૂધ સાથે ભેળવાએલું ગાયનું દૂધ નાનાં બાળકોના ખોરાક તરીકે અયોગ્ય નીવડે છે. શારીરિક શ્રમ કરનારને ભેંશનું દૂધ વધારે માફક આવે છે.

ગાયના દૂધ કરતાં ભેંસના દૂધમાં ૩૦ ટકા વધારે કૅલ્શ્યમ છે. ફૉસ્ફરસ પણ થોડું વધારે છે. ગાય ભેંશ ને બકરીના દૂધના ફૉસ્ફરસના ૮૦ ટકા શરીરમા વપરાય છે. આ દૃષ્ટિએ ફૉસ્ફરસના વધારે પ્રમાણવાળુ ભેંશનું દૂધ ઉત્તમ છે, પણ ગાયના દૂધ કરતાં ભેંશના દૂધમાં વિટામિન 'એ' થોડું ઓછું છે. ભારતીય કે યુરોપીય ગાયના દૂધ કરતાં ભેંશનું દૂધ વિટામિન 'સી'થી ઘણું સમૃદ્ધ છે.

મહર્ષિ સુશ્રુત ભેંશના દૂધ માટે આગવો મત ધરાવે છે: 'એ મધુર છે. જઠરાગ્નિને નષ્ટ કરનાર, નિદ્રા લાવનાર, શીત કરનાર અને ગાયના દૂધ કરતાં વધારે સ્નિગ્ધ અને ભારે છે.' (સૂત્રસ્થાન ૪૫ : ૫૨) મહર્ષિ ચરકનું કથન આવું છે : 'ગાયના દૂધ કરતાં ભારે ને શીતળ છે. તીક્ષ્ણ જઠરાગ્નિવાળાએ પીવું જોઇએ.' ભાવમિશ્ર લખે છે: 'વીર્ય વધારનાર, ભારે નિદ્રા આપનાર, કફકારી, ભૂખ ઓછી કરનાર અને ટાઢું છે.' કાશ્યપ સંહિતામાં આ દૂધને 'શરીરમાં જડતા લાવનાર' ગણ્યું છે.

ભેંશના દૂધમાં ચરબી વધારે છે એટલે દૂબળા-પાતળા લોકો માટે તે હિતકારી છે પણ જાડા, લોહીના ઊંચા દબાણ ને હૃદયરોગમાં કૉરૉનરી થ્રૉમ્બૉસિસથી પીડાતા લોકો માટે તે અપથ્ય છે. અનિદ્રાથી પીડાતા માટે ભેંશના દૂધમા પાવલીભાર જટામાસી ને પીપરી મૂળના ગંઠોડાનું ચૂર્ણ નાખી પીવાનો પ્રયોગ કરવા જેવો છે.

બકરીનું દૂધ

કદ, કિંમત, ખોરાક અને પાલનમા માફક પડતું આ પ્રાણી અમુક વર્ગના લોકોનું ખાસ પાલક પશુ છે. તેનું દૂધ બાળકો અને માંદાં માટે વિશેષ ગુણકારી લેખાય છે. ગાયના દૂધ કરતા એના દૂધમાં ચરબી વધારે (૪.૨૦ ટકા) પણ પ્રોટીન થોડું (૩.૬૨ ટકા) છે. શર્કરા ઓછી (૪.૦ ટકા) પણ વિટામિન 'એ' વિટામિન 'ડી' ને ખનિજ દ્રવ્યો થોડાં વધારે મળી એમાં દુર્લભ આયોડિન પણ છે. એમાં અદ્રાવ્ય એસિડોની છાંટ હોવાથી બધાં બાળકો માટે ઘણું માફકસર નથી ની-

વડતું. બકરીના દૂધનું ઉષ્ણાંક મૂલ્ય ૧૦૦ ગ્રામમાં ૮૪ છે: ગાય (૬૫) અને માનવ (૬૧)ના દૂધ કરતાં વધારે છે.

ચરબી અને પ્રોટીનોનું પ્રમાણ વધારે હોવા છતાં બકરીનું દૂધ ગાયના દૂધને ઘણી બાબતોમાં મળતું આવે છે. બકરીને સારો ચારો મળતાં દૂધમાં ચરબીનું પ્રમાણ વધે છે. આ દૂધની મોટી ખામી એ છે કે એમાં કઠીક ખરાબ વાસ આવે છે, જે ગરમ કરવાથી થોડી દૂર થાય છે.

બકરીના દૂધમાં ઔષધીય ગુણો સમાએલા છે. સુશ્રુતસંહિતા કહે છે કે 'ક્ષયરોગીઓને તે વિશેષ હિતકારી છે; અગ્નિ પ્રદીપ્ત કરનાર, હલકું, મળ બાંધનાર, દમ ખાંસી ને રક્તપિત્તનો નાશ કરનાર છે. બકરીનું શરીર નાનું છે, તે કડવું-તીખું ખાય છે, પાણી થોડું પીએ છે ને બહુ ફર્યા કરે છે, એનું દૂધ વ્યાધિઓનો નાશ કરનાર છે.'

ઘેટીનું દૂધ કેસિન-ચરબી (૬.૧૮ ટકા) અને શર્કરા (૯.૧૭ ટકા)થી સમૃદ્ધ હોઇ ઊંટડી અને ભેંશના દૂધ સિવાયનાં દૂધથી ચડિયાતું છે. આ દૂધમાં લોહનું પ્રમાણ સારું છે. ભાવમિશ્રનું કથન છે કે તે પથરી મટાડનાર, તૃપ્તિ આપનાર અને મૈથુનશક્તિ વધારનાર છે.

ગધેડીનું દૂધ

ડૉ. ઘોષ લખે છે કે બધા પ્રકારનાં દૂધમાં ચરબીની ન્યૂનતા હોવા છતાંય અકાળ અને નિર્બળ બાળકોના ઉછેર માટે ગધેડીનું દૂધ ગાયના દૂધ કરતાંય નિઃસંશય શ્રેષ્ઠ સાબિત થયું છે. બીજાં દૂધ કરતાં આ દૂધમાં ઓછાં પ્રોટીન (૧.૭ ટકા) અને ચરબી (૧.૦૨ ટકા) છે. પણ માનવદૂધની હરીફાઇમાં ટકી રહે એટલી શર્કરા (૫.૫૦ ટકા) તો તેમાં છે. જાણવા જેવું છે કે મજૂરીનું કામ ઉપાડનાર ખડતલ પ્રાણીઓનાં દૂધમાં ચરબી ઓછી હોય છે. ગધેડીનું દૂધ માનવ દૂધને ઘણું મળતું આવે છે. બધા પ્રકારનાં દૂધમાં તે ઘણું ઠંડક આપનારું ગણાય છે. પચવામાં સહેલું છે. ગાયના દૂધની જેમ હોજરીમાં તેનાં મોટાં કોકડાં બાઝતાં નથી, પણ ધાવણની જેમ નાજુક કોકડાં બાઝે છે. આથી નબળી હોજરી માટે તે ઘણું કીમતી નીવડે છે. બીજાં દૂધ કરતાં એમાં જીવાણુઓ થોડા હોય છે. ડૉ. ચંદ્ર કહે છે કે ગધેડાને ક્ષય થતો નથી. ધાવ ન મળતી હોય એવાં માતાવિહોણાં બાળકો માટે બીજાં દૂધ કરતાં ધાવણને ઘણું મળતું આવતું ગધેડીનું દૂધ પસંદ કરવા જેવું છે.

ફ્રાન્સ અને જર્મનીમાં ગધેડીનું દૂધ વિશેષ વપરાય છે. ડ્રેસડનમાં તેના વેચાણ માટે ખાસ દુકાનો છે. પણ આ દૂધનો ઉતાર ઓછો હોવાથી તે ઘણું મોંઘું પડે છે.

સેપરેટ દૂધ

દૂધમાંથી મોટા ભાગની ચરબી કાઢી લીધી હોય તે સ્કીમ્ડ કે સેપરેટેડ દૂધ છે. એમાં મૂળ દૂધનાં પ્રોટીન, શકરા અને ખનિજ દ્રવ્યો તો કાયમ રહે છે, માત્ર ચરબી ઘટે છે. (ગાયના દૂધની ૩.૮૦ ટકા ચરબીમાંથી માત્ર ૦.૧૫ ટકા કાયમ રહે છે.) ચરબી સાથે ચરબીદ્રાવ્ય વિટામિનો 'એ', 'ડી' અને 'ઇ' પણ જતાં રહે છે. આમ, એ વિટામિનો ભલે એમાં નથી હોતાં, પણ કૅલ્શ્યમ, લોહ અને ફૉસ્ફરસ ઉપરાંત બાકીનાં વિટામિનો તો જળવાઈ રહે છે. આથી સેપરેટ દૂધ એ પૂર્ણ દૂધના જેટલું જ પોષણદાતા છે.

તાજી શાકભાજી ઓછી ખાતા શાકહારીઓ જે દૂધ વાટે પ્રાણિજ પ્રોટીનો ન પામતા હોય તેમના માટે સેપરેટ દૂધ એ રોજિંદા આહારનું મૂલ્યવાન ખાદ્ય છે, અને એક શેર પૂર્ણ દૂધનો પૂરો લાભ દોઢ શેર સેપરેટ દૂધ ખાવાથી મળી રહે છે. આર્થિક સંજોગોને કારણે જે કુટુંબો આહારમાં દૂધ દેખતાં ન હોય તેમનાં બાળકો, સગર્ભાઓ અને ધવડાવતી સ્ત્રીઓ માટે આ સસ્તું મળતું સેપરેટ દૂધ આશીર્વાદ રૂપ છે. એનાં દહીં ને છાશ પણ ખાદ્ય-પ્રાણ યુક્ત છે. પૂર્ણ દૂધની છાશમાંથી મલાઈ કાઢી લીધા પછીની છાશ સંરચનામાં તો સેપરેટ દૂધના જેવી જ બને છે, તો પછી સેપરેટ દૂધની છાશ ખાવામાં શો વાંધો હોઈ શકે?

સેપરેટ દૂધમાં વિટામિન 'એ' ન હોવાથી બાર મહિનાની ઉપર સુધીનાં શિશુ માટે તે નિરુપયોગી છે, પણ ઊછરતી વયનાં બાળકો માટે તો તે કીમતી પૂરક આહાર છે. મેદોવૃદ્ધિ, કલેજાના રોગો, લોહીનું ઊંચું દબાણ વગેરે રોગોમાં ચરબી ન ખાવાની ચરી પાળવાની હોય તેમાં સેપરેટ દૂધની આહારોપયોગિતા મોટી છે.

રોજિંદા આહારમાં સેપરેટ દૂધના સમાવેશની વિરુદ્ધમાં બે વિચારો છે: એક તો તે 'પીલાયું' હોઈ નકામું છે, આ ભ્રમ છે. યંત્રદ્વારા પીસાએલાં ઘઉં બાજરી ને મકાઇનો લોટ આપણે નથી વાપરતા? તે આપણને સ્વીકાર્ય છે તો પછી યંત્ર વાટે તૈયાર થએલું સેપરેટ દૂધ ખાવા માટે આપણે કેમ કચવાઇએ છીએ?

બીજો વિચાર સેપરેટ દૂધમાં ચરબી થોડી હોવાથી તેનું પોષણમૂલ્ય નાશ પામેલું હોવાનો પ્રચલિત છે તે પણ ખોટો છે. સેપરેટ દૂધમાંથી માત્ર ચરબી અને વિટામિન 'એ' તથા 'ડી' જતાં રહે છે, બાકી દૂધનાં પ્રોટીનો વિટામિનો અને ખનિજદ્રવ્યો તો ખાસ્સાં જળવાઈ રહે છે. આહારમાં દૂધની ઉપયોગિતા પ્રાણિજ-પ્રોટીનો ને ખનિજક્ષારો માટે છે અને તે સેપરેટ દૂધથી સસ્તામાં મળી રહે છે.

સેપરેટ દૂધમાં પૂર્ણ દૂધનાં સ્વાદ ને સોડમ ન રહેવાથી વિરોધમાં વધારો થાય છે. વળી તે સસ્તું હોવાથી તેને ક્ષુદ્ર કે નકામું ગણવામાં આવે છે. હવા અને પાણીના ક્યાં પૈસા પડે છે? એટલા જ માટે કંઈ તેની અવજ્ઞા થઇ શકે? આવું જ સેપરેટ દૂધની બાબતમાં વિચારવું.

શાકાહારીઓને તો રોજિંદા આહારમાં પ્રાણિજ-પ્રોટીન મેળવવાનું એકમાત્ર સાધન દૂધ છે, અને પ્રાણિજ-પ્રોટીનમાં દૂધનાં પ્રોટીન શ્રેષ્ઠ છે. પ્રોટીન ઉષ્માપ્રદ અને રચનાપ્રદ બન્ને કામ કરે છે. શરીરની વૃદ્ધિ, વિકાસ અને ક્ષતિપૂર્તિ (સમારકામ) પણ તે કરે છે. ગરીબ શાકાહારીઓને પ્રોટીનો મેળવવા માટે સેપરેટ દૂધ એ સસ્તું અને અહિંસક સાધન છે. જ્યાં પૂર્ણ દૂધ ન પરવડી શકે ત્યાં પોષણની દૃષ્ટિએ સેપરેટ દૂધનો બીજો નંબર છે. લોકોએ સેપરેટ દૂધનું ખરું સ્વરૂપ અને તેનું સસ્તું પોષણમૂલ્ય જાણવાની ઘણી જરૂર છે.

આરોગ્ય જાળવવા માટે રોજિંદા આહારમાં દૂધનું મૂલ્ય જાણનાર શ્રી વિનોબા ભાવેએ પદયાત્રામાં તબિયત સારી રાખવાના પ્રશ્નના જવાબમાં ચાર બાબતો કહી છે: ઉકાળીને પાણી પીવાની, પૂરી ને ઊંડી ઊંઘ લેવાની, હરડેનું સેવન કરવાની અને ચોથી જે દૂધ ખાવાની, તે આ પ્રમાણે કહી છે: 'દૂધ ખાવાની કદી ના ન પાડવી જોઇએ. પેટ થોડું ભરાએલું છે અને થોડી જગ્યા બાકી છે એમ લાગે તો ભોજન છોડીને પણ દૂધ પી લેવું જોઇએ.'

અગાઉ પશ્ચિમના દેશોમાં સેપરેટ દૂધ ઢોરોને પીવડાવી દેવાતું હતું. આપણે ત્યાં તેમાંથી કેસિન કે દહીં-છાશ બનાવાય છે અગર ઢોળી દેવાય છે! હવે પશ્ચિમના દેશોમાં આ દૂધનો વિરોધ ઘટી ગયો છે. તેમાંથી બેકરીનાં ખાદ્યો, માંસની વાનીઓ, મીઠાઈ અને સેનેટોજન-લેક્ટોજન વગેરે પોષણદાયક ખોરાકો બનાવાય છે.

ચેકોસ્લોવાકિયા અને નેધરલૅન્ડમાં આ દૂધને લોકપ્રિય બનાવવા એમાં અઢી ટકા ચરબી આવી રહે એટલા પ્રમાણમાં પૂર્ણ દૂધ ઉમેરવામાં આવે છે. ધારો કે ગાયના દૂધની ચરબી ૩.૫ ટકા છે અને સેપરેટ દૂધની લગભગ ૦.૨ ટકા છે તો ૭૦ ભાગ ગાયના દૂધમાં ૩૦ ભાગ સેપરેટ ઉમેરાય છે. આ દૂધ 'સ્ટાન્ડ મિલ્ક' કહેવાય

સાહિત્યસંપર્ક


સાહિત્ય પરિષદનાં સ્મરણો
(રવિશંકર રાવળ)

બે વર્ષ પર અમદાવાદમાં બંગાળનું પ્રવાસી સાહિત્ય-સંમેલન સુંદર રીતે પાર ઊતરેલું. એ સંમેલનમાં કલા, સાહિત્ય ને સંગીતના બંગાળી વિભાગી પ્રમુખોની સાથે ગુજરાતના પણ એક એક તદ્‌વિદ્‌ને મહેમાન-પ્રમુખનું પદ આપી એમણે એ સમારંભને ગુજરાતની સાહિત્યિક પ્રવૃત્તિમાં સ્મરણીય બનાવ્યો હતો. એ વાત અને વિચારનો ધ્વનિ કલકત્તાના 'ગુજરાતી સાહિત્ય મંડળે' કેવો સરસ ઝીલી લીધેલો તે કલકત્તા સંમેલનની પાછળના ગુજરાતી પ્રજાના પ્રચંડ પીઠબળ ઉપરથી જણાતું હતું. એમણે પરિષદ-સમારંભ માટે ટૂંકી મુદતમાં જે યોજના અને વ્યવસ્થા કરી નાખી એથી સર્વ કોઈ આનંદ અને આશ્ચર્યથી મુગ્ધ થઈ ગયા.

કલકત્તાનું એ મંડળ ૧૯૩૪માં શ્રી ગગનવિહારી મહેતા અને શ્રી ચાંપશીભાઈ ઉદેશી ('નવચેતન'ના તંત્રી)ના પ્રયાસથી સ્થપાએલું. આ સમારંભે બતાવી આપ્યું કે ગુજરાતની સાહિત્યોપાસનાની એ સંસ્કારજ્યોતે ગુજરાતની નવી પેઢીના ત્યાંના વેપારીઓ, શિક્ષકો અને સન્નારીઓનાં મન ને પ્રવૃત્તિમાં નવી ચેતના અને પ્રભાવ પ્રકટાવ્યાં છે.

સંમેલન માટે ખાસ ઓછા દરે યોજાએલી રેલવે બોગીઓ પૈકી, તા. ૨૪મી ડિસેમ્બરે અમદાવાદથી ઊપડેલી પહેલી બોગીમાં સંમેલનના વરાએલા પ્રમુખશ્રી વિષ્ણુભાઇ ત્રિવેદી સુરતથી સપરિવાર જોડાયા અને એ લાંબા પ્રવાસમાં પ્રતિનિધિઓએ ચાલતી ટ્રેનમાં નાનાંનાનાં જૂથમાં વહેંચાઈ પરિચયો અને સાહિત્યવિનોદની મજા માણી. એમાં કાવ્યો રેલાયાં, અનુભવોના કિસ્સા છંડાયા, સાહિત્યમાં ઊગેલા નવા પ્રશ્નો પર ચર્ચાઓ થઈ, જૂની વાતોના તાર ઊખળ્યા. તે સાથે સ્ત્રીમંડળે ખાણીપીણીની નવીનવી તરકીબો ને નમૂનાથી અન્નપૂર્ણા નામ સાર્થક કરી બતાવ્યું.

આ સૌની વચ્ચે પ્રો. વિનોદ અધ્વર્યું અને તેમનાં પત્ની સુરંગીબહેને દિવસ ને રાત દરેક જૂથમાં જઇને મધુરકંઠે જોડગાન (ડયુએટ) સંભળાવી સૌને તેમના સુભગ દાંપત્યનું દર્શન કરાવ્યું. બંનેના કંઠમાં લયપૂર્ણ ગીતોનો ભંડાર ખૂટે નહિ એટલો હતો ને એકનો શબ્દ અટકે ત્યાં બીજાના કંઠમાંથી સ્વર સંધાઇ જતાં



કલકત્તામાં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૧મા સંમેલનના પ્રમુખ
શ્રી વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી
(સ્કેચ - રવિશંકર રાવળ)

શ્રી વિષ્ણુભાઈની સાહિત્યસેવા સતત છે, ઉજ્જવળ છે અને અનેરી પણ છે. એમના સાહિત્ય-વિવેચનમાં પણ સર્જનનાં તત્ત્વો છૂપાં રહેતાં નથી. એમનામાં ગુજરાત પ્રત્યે ઉત્સાહ અને ભક્તિ છે અને વિદ્વાનોચિત પીઢ તટસ્થતા છે. મારી પરિભાષામાં કહું તો એમનું સાહિત્ય આત્મનેપદી પણ છે અને પરસ્મૈપદી પણ છે. એનું મુખ્ય કારણ તેઓ જેટલા સાહિત્યપ્રેમી છે તેટલા જ સમાજપ્રેમી, માનવપ્રેમી પણ છે. સાહિત્યસેવા કે સાહિત્યચિંતન એમને મન બૌદ્ધિક વિલાસ નહિ પણ શારદાની ભક્તિ અને ઉપાસના છે. સ્વભાવે અને સંસ્કારે તેઓ અધ્યાપન-પરાયણ કેળવણીકાર છે. સાહિત્યસેવી કેવળ લોકરંજક થઈ શકે; કેળવણીકાર તો સમાજનો સેવક પણ છે. તે સંસ્કારનેતા પણ હોય છે. પ્રજાહિતચિંતક કેળવણીકાર ને અભિજાત સાહિત્યસ્વામી બંને શ્રી વિષ્ણુભાઈમાં એકત્ર થયા છે. —કાકાસાહેબ કાલેલકર

સૌને પ્રવાસમાં અમીવર્ષાનો આનંદ મળતો.

કલકત્તાના સ્વાગતમંડળે કલ્પનાનીત સ્વાગત અને સરભરા કર્યાં એ વાત તો હવે પરિષદના એકેએક પ્રતિનિધિના મુખે ગવાઈ રહી છે. ધારેલી સંખ્યા કરતાં ઘણા વધારે અતિથિઓ આવી પહોંચ્યા છતાં સ્વાગતમંડળે જરાપણ અકળામણ કે અભાવ થવા દીધા વિના સૌના મુકામ, નગરદર્શન, ભોજનપ્રબંધ અને શાન્તિનિકેતનનો પર્યટન-પ્રસંગ, તેમને જાણે હથેળીમાં રાખીને પાર પાડયા.



કવિ પ્રેમાનંદ નંદરબારમાં જેમને આશ્રયે રહેલા તે શંકરદાસ દેસાઈના આજના વંશજ શ્રી દેસાઈ પરિષદ્-પ્રમુખ શ્રી વિષ્ણુપ્રસાદનું તથા સૌ સાહિત્યકારોનું સ્વાગત કરવા નંદરબાર સ્ટેશને આવેલા. ડબ્બામાં શ્રી વિષ્ણુભાઈ તથા તેમનાં પત્ની.

પણ વધારે આશ્ચર્ય તો એ સંપત્તિ અને સાધનોની વિપુલતાને યે ઢાંકી દે એવું જે સંસ્કારદર્શન ત્યાં જણાયું તેનું હતું. સભાસ્થાનના દ્વારપ્રદેશ ને વિશાળ શ્રવણમંડપની રચનાએ સૌના મનમાંથી વાહવાહ બોલાવી હતી. બંગાળમાં સુશોભનકાર્યમાં પરંપરાથી પ્રવીણ કારીગરો પાસે જે દૃશ્યનિર્માણ ત્યાં કરાવ્યું હતું તે યાદગાર રહેશે.

ભવાનીપુરની ગુજરાતી શાળાના દરવાજાથી માંડીને ચોગાનનો આખો વિસ્તાર કલ્પનાયુક્ત શિલ્પરચના વડે એક નવી સૃષ્ટિ બની ગયો હતો. દરવાજાની બે બાજુ, વાંસડાના ચોકઠાં ઉપર ચડાવેલાં તાપડાં પર ગુજરાતનાં લાક્ષણિકસ્વરૂપોની મોટી તકતીઓ માત્ર ગંગા નદીના કાદવ વડે અર્ધ શિલ્પમાં ઉઠાવેલી, પણ રંગથી તેને ત્રાંબાની કે કાંસાની હોય એવી બનાવેલી. પ્રવેશદ્વાર પણ એવાં જ મામૂલી સાધનોથી બનાવીને તેના ઉપર લાલ રંગ આપી, જાણે પથ્થરનું હોય એવો દેખાવ કર્યો હતો. ગુજરાતના શિલ્પની આબેહૂબ પ્રતિકૃતિ તો નહિ, પણ તેનો આભાસ આપતું એ પ્રવેશદ્વાર કલકત્તામાં યે નવું ગણાયું હશે.

મંડપના અંદરના ભાગે દીવાલો પર ગુજરાતનાં પાત્રો ને પ્રસંગોનાં મોટાં ચિત્રો હતાં, તો એક બાજુ કલકત્તાનાં બે કલાપ્રવીણ બહેનોનાં ચિત્રો તેમની કુશળ હથોટીનો ખયાલ આપતાં હતાં. પણ સૌથી દંગ કરી દે એવો તો વિશાળ સભામંડપ હતો. પ્રમુખશ્રી વિષ્ણુભાઈએ ઉચિત રીતે તેને 'દીવાને આમ' કહ્યો હતો, એમ તેની છતનાં સુરમ્ય રંગવર્તુલો અને ભાત જોઈને માનવું પડે. કપડાના માત્ર લાલ-વાદળી લાંબા પટ્ટાઓને કોઈ ખૂબીથી આંટીઓમાં ગૂંથીને વ્યાપક અલંકારપૂર્ણતા પાથરી દીધી હતી. ત્રણેક હજાર માણસ કોઈ પણ જાતના આવરણ વગર રંગમંચ જોઈ શકે એવી ગોઠવણ હતી. રંગમંચની પાછળ મંદિરની કમાન અને શિખરના પ્રતીક જેવા મોટા આકારોથી ગુજરાતનું વાતાવરણ જામતું હતું.

આવા ભવ્ય સમારંભની પાછળ કલકત્તાની ધનિક વ્યક્તિઓ અને વેપારીઓનું મોટું પીઠબળ હશે એમાં શંકા નથી, છતાં એ સૌમાંથી નીતરી તો રહ્યો હતો સરસ્વતીની આરાધના સમી પરિષદ પ્રાંતનો આદર જ. ત્રણે દિવસ દરમિયાન રંગમંચ પર એકાદ પણ રાજકીય નેતા કે વરિષ્ઠ અમલદાર કે અગ્રણી શ્રીમંત યા ઉદ્યોગપતિને વિરાજતા જોયા નહિ, દરેક વખતે સાહિત્ય-પરિષદ સાથે સંબંધ ધરાવતી બે ત્રણ પ્રમુખ વ્યક્તિઓ, વિભાગી પ્રમુખો અને સ્વાગતાધ્યક્ષ તેમજ જરૂર પડતાં મંત્રીઓ સિવાય કોઈ જોવા મળતું નહિ.

વળી બંગાળમાં ભરાતા આ ગુજરાતી સાહિત્ય સંમેલન પ્રસંગે બંગાળના પ્રધાન સરસ્વતી ઉપાસકોનાં ત્યાં દર્શન થયાં એથી સમારંભની સાર્થકતા વધી. આ સંસ્કારભાવનાનું પાલન કરવામાં કલકત્તાના શ્રીમંત અને અગ્રણી જનોએ દાખવેલી સુજનતા અને વિનમ્રતાથી તેમના માટે માન અને સદ્ભાવ સહજ વધે છે. એ ધનિક વ્યાપારીઓની સંખ્યા ઘણા સારા પ્રમાણમાં મંડપમાં હતી અને તેમાંના ઘણા તો પરિષદનું કોઈ ને કોઈ સેવાકાર્ય સંભાળી રહ્યા હતા, છતાં કોઈએ આ પ્રસંગે પોતાના અધિકાર અને સ્થિતિનું લેશ પણ ગૌરવ કરવાની ચેષ્ટા કરી નહિ. એમાં (કેટલાક મહેમાનોને પણ બોધપાઠરૂપ એવો) કલકત્તાની ગુજરાતી પ્રજાની ખાનદાની અને સંસ્કારનો પરિચય થયો. ઉપરાંત કલકત્તાના પુરુષવર્ગ સાથે આતિથ્યમાં હોડ કરતાં ત્યાંનાં અભિજાત અને શ્રીમંત બહેનો તથા બાલિકાઓનાં સદ્ભાવ, ગમતા અને ગંભીરતાએ તેમને સૌનાં વંદનનાં અધિકારી બનાવ્યાં છે. યુવાન ને તરુણ સ્વયંસેવકવૃંદની તેજસ્વિતા, શિસ્ત ને સેવાતત્પરતાએ તો અતિથિઓને





ડાબી બાજુ: પરિષદ-સંમેલનના મંડપનું પ્રવેશદ્વાર; જમણી બાજુ: પટાંગણમાં સાહિત્યકારોનાં અર્ધશિલ્પ





ઉપર: દક્ષિણેશ્વરનું મંદિર–બેલુર; જમણી તરફ: સરોવરતીરે પ્રા. વિનોદ અધ્વર્યુ તથા તેમનાં પત્ની શ્રી સુરંગીબહેન

આભાર-પ્રસન્ન કરી દીધા.

ભાષણો, વ્યાખ્યાનો ને મંચ પરના કાર્યક્રમો પર ખૂબ સંયમ અને સંકોચ રાખવાની જરૂર પડી હતી, કારણકે પર્યટનો, રંજન કાર્યક્રમો, ઉદ્યાનમિલનો તથા યાત્રાઓ માટે સમયને ખેંચી રાખવો પડતો હતો. પ્રતિનિધિઓને ઘણા કાર્યક્રમો સાચવી લેવાનું મુશ્કેલ થયું હશે. કલકત્તામાં બીજાં ઘણાં આકર્ષણો હતાં, છતાં સ્વાગત સમિતિએ જોડાસાંકોના ટાગોર મહાલય, ત્યાંનું રવીન્દ્ર-પ્રદર્શન, બેલુર મઠ, નૅશનલ લાયબ્રેરી વગેરે સ્થળોની મુલાકાત ગોઠવી તેમની લહાણ પૂરી કરી હતી. કેટલાકે બંગાળી નાટકો પણ જોયાં. અને પરિષદના મંચ પર 'નૌકાડૂબી'નું નાટ્યસ્વરૂપ જોવા મળ્યું તેથી બંગાળી સંસ્કાર અને નાટ્યકળાનો એકીસાથે સુંદર પરિચય થયો.

પહેલે દિવસે કલકત્તાના ગુજરાતી સમાજ તરફથી 'સુવર્ણરેખા' નાટક રજૂ થયું. તેના લેખક, દિગ્દર્શક અને નટ શિવકુમારે તે માટે અપાર મહેનત લીધી હતી. વળી રૂઢિચુસ્ત સમાજમાં બહેનોને રંગમંચ ઉપર આવતાં કેટલો સંકોચ ને ટીકા સહન કરવાં પડે છે તે જાણીતી બીના છે; છતાં અહીં બહેનો તથા કેટલાક પીઢ વયના સજ્જનોએ પણ રંગમંચ માટે હિંમત બતાવી તે પણ બેશક ધન્યવાદપાત્ર છે. પરંતુ એ સૌના પ્રથમ પ્રયત્નની કચાશ ઉપરાંત નાટકનું વસ્તુ પણ વિશ્લેષણ માગે છે. અભિજાત કુટુંબોમાં કોઈ કોઈ કાળાં મેઢાં હશે; પણ તે સર્વસાધારણ બીના ન ગણાય. વળી રંગમંચ પર દારૂના પેગ ને પિસ્તોલોનો આશ્રય લેવાતો બતાવવાથી સમાજનાં નવાં દૂષણો ને થોડું મહત્ત્વ આપવા જેવું લાગે છે. નાટકનાં પાત્રોનાં નામો પણ ગુજરાતથી દૂરની હવા આપે છે. આવા પ્રસંગે તો કોઇ ભવ્ય, ઉદાત્ત અને પ્રશિષ્ટ વસ્તુવિધાનની અપેક્ષા રહે.

કલકત્તામાં વસતા નાટ્યરસિકોને અભિનય, વસ્તુ કે નેપથ્યરચના વિષે સૂચનો આપવાનાં હોય નહિ. કલકત્તાની રંગભૂમિ અને નાટ્યાભિનય ભારતભરમાં અગ્રગામી છે. તેના સીધા પાઠ લઈ કલકત્તાનાં મંડળો ગુજરાતને વધુ સંસ્કારે એવી આશા વ્યર્થ નહિ જાય.

પરિષદનાં વ્યાખ્યાનોમાંથી તો વિવિધ વિચાર-વાનગીઓ ઘણાં પત્રોએ આપી છે.

કલકત્તાનું આ સંમેલન માત્ર પાંચ-પંદર સાહિત્યકારોનું નહોતું પણ ત્યાંની પોણો લાખ જેટલી ગુજરાતી પ્રજાનું એક સરસ્વતી-સત્ર બન્યું હતું. બંગાળને પણ જાણ થઈ કે ગુજરાત સંસ્કારપ્રદેશે કેટલું સજાગ ને ઉત્સાહપૂર્ણ છે. આ પ્રસંગે કલકત્તાનાં પ્રમુખ અંગ્રેજી દૈનિકોએ પણ સાહિત્યપરિષદની ગુજરાતની પ્રમુખ વ્યક્તિઓએ આપેલી સાહિત્ય-સમાલોચનાઓ પૂર્તિ રૂપે પ્રકટ કરી હતી. એકંદરે ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨૧મું સંમેલન અપૂર્વ અને સ્મરણીય બની રહ્યું.

ભારત માતાના બે હસ્ત

બંગાળ અને ગુજરાત ભારત માતાના ડાબા–જમણા હાથ સમાન છે. બંનેનાં હવામાન અને પ્રકૃતિ ભિન્ન હોવા છતાં બંનેમાં માનવતા સરખી છે. બંને વિશે વંશશાસ્ત્રીઓ કહે છે કે તેમનું બળ સમાન છે. ગુજરાત-બંગાળ એક જ માનવવંશનાં જૂથ છે. આપણા જાતીય સંબંધો નિકટવર્તી છે. મધ્યકાલીન ઈતિહાસ કહે છે કે બને પ્રદેશમાં ધર્મપ્રચાર એકસાથે થયો હતો. સોળમી સદીમાં ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાય તો બંગાળમાં કૃષ્ણ ચૈતન્યનો ગૌડીય સંપ્રદાય આવ્યો. બંગાળમાં કાલી તો ગુજરાતમાં રાધાની આરાધના થવા માંડી. કૃષ્ણ બંને પ્રદેશમાં સમાન આરાધ્ય હતા.

વર્તમાન ગુજરાતની તેમજ બંગાળની લલિત કળાઓ (ચિત્ર-નૃત્ય-સંગીત) વચ્ચે પણ આધ્યાત્મિક એકવાક્યતા છે. ગુજરાત બંગાળે બે મહાન નર–ગાંધીજી ને ટાગોર–આપ્યા છે, એ બંને પરસ્પર પૂરક છે. બંને વચ્ચે એકવાક્યતા છે. બંને મોટામાં મોટી વિભૂતિઓ હતી.

આજે ગાંધીજીની ધરતીના પુત્રો અહીં આવ્યા છે તેમને હું બંગ સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે આવકારું છું. આ પરિષદથી ગુજરાત-બંગાળ વચ્ચે એક વધુ સાંકળ બંધાશે.

[બંગીય સાહિત્ય પરિષદના પ્રમુખ ને પશ્ચિમ બંગાળની વિધાન પરિષદના અધ્યક્ષ શ્રી સુનીતિકુમાર ચૅટરજીના પ્રવચનમાંથી]

શબ્દકથા : 'આગ'

માણસની જેમ શબ્દો પણ જૂથમાં રહેવાની ટેવવાળા છે. પરિણામે તેમની અસર અરસપરસ પડ્યા કરતી હોય છે. સંસ્કૃતમાં 'અગ્નિ' કે પ્રાકૃતમાં 'અગ્ગિ' નર જાતિનો શબ્દ છે, પણ તેમાંથી જ થએલો આપણો 'આગ' નારી જાતિનો છે. કારણ? સંગ તેવો રંગ. 'નારી', 'નદી', 'રતિ', 'ગતિ' જેવા શબ્દોનો મોટો વર્ગ સંસ્કૃત-પ્રાકૃતમાં નારી જાતિનો છે. એમની અસર નીચે બીજા ઇકારાન્ત શબ્દો પણ નારી જાતિના બનતા ગયા! થોડાંક ઉદાહરણ જોઇએ: સંસ્કૃત 'અક્ષિ' પ્રાકૃત 'અક્ખિ' (નાન્યતર જાતિ) ઉપરથી 'આંખ'; 'ધ્વનિ' (નરજાતિ) ઉપરથી 'ધૂન'; 'સુગંધી' (વિશેષણ) ઉપરથી નામ 'સુગંધ, અને તેની અસરથી 'ગંધ' 'વાસ' ને 'પીમળ' (મૂળ નર જાતિનો 'પરિમલ'); સંસ્કૃત 'ગિરિ' (પર્વત) ઉપરથી 'ગિર' (ગિરનારનો એક વિભાગ); 'સંધિ' (સંસ્કૃતમાં નર જાતિ, ગુજરાતીમાં નર તેમજ નારી); સંસ્કૃત 'રશ્મિ' તથા 'રાશિ' (નર જાતિ) ઉપરથી 'રાશ'; 'વિધિ' (સંસ્કૃતમાં નર જાતિ ગુજરાતીમા નર તેમજ નારી); તેમ જ 'ઉપાધિ', 'વ્યાધિ' વગેરે.

મૂળનો નર જાતિનો 'અગ્ગિ' ગુજરાતીમાં નારી જાતિનો 'આગ' બને છે, ને મૂળ તો નારી જાતિનો 'દેવતા' અર્થફેરે ગુજરાતીમાં નર જાતિનો 'દેવતા' કે 'દેતવા' (અગ્નિ, અગારા) બને છે—સંગતનો રંગ કેવાકેવા પલટા લાવે છે!

હરિવલ્લભ ભાયાણી

કેટલાંક શ્રેણીબદ્ધ પ્રકાશનો

પરિચય-પુસ્તિકાઓ

જ્ઞાન, વિજ્ઞાનતથા જીવનક્ષેત્રનાં અનેક પાસાંઓને સ્પર્શતી લોકપ્રિય શ્રેણીના વધુ મણકા:

બાળકો ક્યારે ગુના કરે છે? સામાજિક અનિષ્ટોમાંથી બાલમાનસમાં પ્રસરતા ઝેરની સામે ચેતવણી અને તેનો પ્રતિકાર સમજાવતી પુસ્તિકા. લેખિકા: હંસાબેન શેઠ. **કાર્ટૂનની કથા** કહેતી આ પુસ્તિકામાં ચિત્રકળાની એ અતિ ચોટદાર શાખાનો ઇતિહાસ, એના પ્રકારો અને એનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. લેખક: જયંતી પટેલ. **આફ્રિકામાં અંધારું નથી** ત્યાં તો હવે રાજકીય સ્વાતંત્ર્યની ભૂખ અને વિકાસનો જુવાળ ઊભરાઈ રહ્યો છે. તેની સમજણભરી માહિતી આપતી પુસ્તિકા, લેખક: મહેન્દ્ર દેસાઈ. **ટેલીવિઝન શું છે?** એ વિષેનો પરિચય: કરાવનાર હર્ષદરાય ભટ્ટ. **હજી ખાદી શા માટે?** ખાદીકાર્યનો પરિચય અને મહત્ત્વની સમજણ આપતી સાધિકાર પુસ્તિકા. લેખિકા: ઈન્દુમતી ચીમનલાલ **અવકાશની યાત્રા** વિષેના માનવીના પ્રયત્નોનો વિશદ પરિચય અને તેની શક્યાશક્યતાની રસિક સમજણ. 'વિજયગુપ્ત મૌર્ય' જેવા વિજ્ઞાનના સમજુદારની કલમે. **કૅન્સર શું છે?** એ વિષેની વિગતવાર છતાં સરળ સમજણ. લેખક: ડૉ. સુમન્ત શાહ. **બહેનો માટે આસનોનું** માર્ગદર્શન આપતી સચિત્ર પુસ્તિકા. લેખક: ભૂપતરાય મો. દવે. **કબજિયાત કેમ અટકાવશો?** અનેક વ્યાધિના જનક આ અનિષ્ટની વિસ્તૃત અને સરળ સમજણ તથા તેના ઉપાયો દર્શાવતી ઉપયોગી પુસ્તિકા. લેખક: મહેરવાન ભમગરા. **મરાઠી સાહિત્યમાં ડોકિયું** કરાવી તેનો ઇતિહાસ અને વિકાસ સમજાવતી પુસ્તિકા. લેખક: નારાયણ જોષી. **દીવ, દમણ અને ગોવા** ભારતના ચહેરા પરથી હવે સાફ થઈ ગએલા એ ત્રણે ચાંદાનો ઇતિહાસ, ત્યાંની સંસ્કૃતિ અને પોર્ટુગીઝોના તેને ચાલુ રાખવાનાં કરતૂતો તથા તેના શરૂના મુક્તિસંગ્રામોની માહિતી. લેખક: દિનકર મહાત્મે. **દાંતની સંભાળ** રાખવા માટેનું ઉપયોગી માર્ગદર્શન આપતી પુસ્તિકા. લેખિકા: કોકિલા દેસાઈ. **નેપાળ** સીતાના એ પિયરનો, છેક પ્રાચીન કાળથી તે અત્યાર સુધીનો ઐતિહાસિક, ભૌગોલિક, સાંસ્કૃતિક ને સામાજિક ટૂંકો પરિચય આપતી પુસ્તિકા. લેખક: દિવાકર નિગુડકર. **વિમાન કેવી રીતે ઊડે છે?** તેની વિસ્તૃત સમજણ આપતી સચિત્ર પુસ્તિકા. લેખક: મનુભાઈ મહેતા. **નક્ષત્ર-પરિચય** કરાવતી આ પુસ્તિકા ખગોળ જેવા અઘરા વિષયને પણ સાથે આપેલાં આલેખો ને આકાશના નકશાઓથી રસબતર બનાવી દે છે. લેખક: છોટુભાઈ સુથાર. **ઊંઘવાની કળાનું** નિરૂપણ કરતી જાણીતા નિસર્ગોપચારશાસ્ત્રી મહેરવાન ભમગરાની પુસ્તિકા; **ભારતીય સંસ્કૃતિ** શું છે? એ સમજાવતી સ્વ. નાનાભાઈ ભટ્ટે કરેલી સરળ અને રોચક મીમાંસા. દરેકના ૪૦ નયા પૈસા. પ્રકાશક: જયવદન તકતાવાલા, પરિચય ટ્રસ્ટ, ઑગ્મે મ્યુચ્યુઅલ ચેમ્બર્સ, ચોથે માળ, ૧૯/૨૧ હમામ સ્ટ્રીટ, મુંબઈ-૧.

ગૂર્જર સાહિત્યસરિતા

વિદ્યાર્થીઓ તેમજ સાહિત્યમાં પ્રવેશવા ઈચ્છતા અન્ય રસેચ્છુઓ માટે ઉપયોગી આ નવી શ્રેણીમાં **દયારામ** ઉપર મનસુખલાલ ઝવેરીએ, **મીરાંબાઇ** ઉપર સુરેશ દલાલે **પ્રેમાનંદ** ઉપર અમૃતલાલ યાજ્ઞિકે અને **અખા** ઉપર રમેશ જાનીએ લખેલી ચાર પુસ્તિકાઓ પ્રકટ થઈ છે. તેમાં એ દરેક કવિનો ટૂંક જીવનપરિચય, તેમનું સાહિત્યિક મૂલ્યાંકન અને તેમની રચનાઓમાંથી ચૂંટેલી ઉત્તમકૃતિઓનું સંપાદન આપવાની દષ્ટિ રખાઈ છે, એ સાહિત્યમાં પ્રવેશ કરતા મુગ્ધ વિદ્યાર્થીઓ માટે ખરેખર અભ્યસનીય અને રોચક છે. કિંમત દરેકના ૭૫ નયા પૈસા. પ્રકાશક: વૉરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિમિ. મુંબઈ ૨.

રામચરિત કથામાળા

તુલસીદાસજીના 'રામચરિત-માનસ'ને આધારે, રામાયણની કથાના મુખ્ય મુખ્ય પ્રસંગો લઇને રચેલી સચિત્ર કથાના આ ચાર મણકામાં વચ્ચે વચ્ચે મૂકેલા મૂળ કથામાંના દોહરાઓ તથા ચોપાઇઓ તેના વાચનને વધુ આસ્વાદ્ય બનાવે છે. અનુવાદક: ઉષા વૉરા. કિંમત અનુક્રમે રૂ. ૧-૫૦, ૧ ૭૫, ૧ ૨૫ અને ૧ ૨૫. પ્રકાશક: વૉરા ઍન્ડ કંપની, મુંબઈ ૨.

ગુર્જર કાવ્યશ્રેણી

ઉપર્યુક્ત માળાની જ ઢબે, પણ વધારે વિસ્તૃત સ્વરૂપમાં (સવા સો પાનાંમાં) શરૂ થએલી આ નવી શ્રેણીનું મંગળાચરણ ડૉ. ભોગીલાલ સાંડેસરા જેવા વિદ્વાનની કલમથી **'દયારામ'**થી થયું છે. પા કું પૂ હું. કિ. રૂ. ૨-૫૦. 'હાઈસ્કૂલના શિક્ષકો, વિદ્યાપીઠોના વિદ્યાર્થીઓ તથા અભ્યાસ પૂરો કરીને વ્યવસાયમાં પડેલા છતાં કાવ્ય-સાહિત્યમાં રસ ચાલુ રાખવા ઈચ્છતા નાગરિકોને ઉપયોગી થાય એવી દષ્ટિએ સંપાદન તથા આલોચના કરવાના ઉદ્દેશથી પ્રકટ થતી આ શ્રેણીમાં હવે પછી શામળ, પ્રેમાનંદ, બ. ક. ઠાકોર, સુન્દરમ્ અને ઉમાશંકર જોશી વિષયક મણકાઓ તૈયાર થવાના છે. પ્રકાશક: નવસર્જન પ્રકાશન ગૃહ વડોદરા તથા બાળગોવિંદ કુબેરદાસની કં. અમદાવાદ.

જ્ઞાનોદયમાળા

નાનાંમોટા સૌ કોઈ સમજી શકે એવી રીતે, આશરે બત્રીસ પાનાંમાં, જ્ઞાન સાથે બોધ તથા જીવનનાં નૈતિક મૂલ્યોનું દર્શન કરાવતી 'જ્ઞાનોદયમાળા'ના બીજા સેટમાં ૧૫ પુસ્તિકાઓનો જે ગુચ્છ પ્રકટ થયો છે તે આ પ્રમાણે

છે: **મહાભારતની બાળકથા**-લેખક: સોમાભાઈ પટેલ; **નન્નુજી ભટ્ટ**: 'ધૂમકેતુ'ની બે પ્રેરણાત્મક વાર્તા; **ગાંધી-પારસમણિ** સંસર્ગે પ્રેરણા પામેલી કેટલીક વ્યક્તિવિશેષના પ્રેરક પ્રસંગો; **ભગવાન પોતે**: પોતાનાં સત્કાર્યોથી જીવનોન્નતિ પામેલા નરપુંગવોની પ્રેરક કથાઓ-બંનેના લેખક: રમણલાલ સોની; **આરબ પહેરેગીર**: સ્વ. ર. વ. દેસાઈની વાર્તા પરથી તૈયાર કરેલી, નેકી અને વફાદારીભર્યા એક નિમકહલાલ નોકરની કહાણી; **દુનિયાને દોરનારા** જીવનપ્રેરક પ્રસંગોનો સંગ્રહ-કરનાર: રમણલાલ સોની; **સંતોના પુનિત પ્રસંગો** અને **મહાપુરુષોના જીવનપ્રસગો**, બંનેના લેખક: 'સત્યમ્'; **આસ્તિક**: 'ધૂમકેતુ'ની એક પ્રેરક વાર્તા; **સાચું ભગવાન જાણે** સત્યનો જય ગાતી ધૂમકેતુની વાર્તા; **વર્ષગાંઠનું સુપ્રભાત** વિનોદિની નીલકંઠની એક રમૂજી વાર્તા; **નેત્રદાન** અમૃતલાલ યાજ્ઞિક કૃત સ્વાર્પણની ઉદાત્ત ભાવનાભરી એક સુંદર કથા; **એકલિયો અલાદાદ** ગુણવંતરાય આચાર્ય લિખિત સૌરાષ્ટ્રના એક નામી ચોરની કથા; **પંચવટીના પુણ્યક્ષેત્રે** ગો વિંદભાઈ પટેલની કલમે લખાએલી, સહિષ્ણુતા અને નિષ્ઠાની પ્રેરક કથા; **મોતીની માળા** મોપાસાંની જાણીતી કથા 'ધ નેકલેસ'નું સુંદર રૂપાંતર, કરનાર અમૃતલાલ યાજ્ઞિક. સેટની કિંમત રૂ. ૬·૦૦. છૂટક ૪૦ નયા પૈસા. પ્રકાશક: વૉરા ઍન્ડ કં. મુંબાઈ ૨.

સરલ ઇતિહાસ કથાવલિ

ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠ લેખક ચુનીલાલ વર્ધમાન શાહને હાથે લખાએલી ઇતિહાસના અનુભવ-બોલ સરખાં સત્યોસાથે સંબંધ ધરાવતી કિશોરો અને નવશિક્ષિતો માટેની ૨૧ પ્રેરક કથાઓ **વાવેલાં ઊગ્યાં, કીર્તિ કેરાં કોટડાં, વડીલનો વારસો, વફાદારીની કસોટી** ને **દિલના પડછંદા** નામે પુસ્તિકાઓમા સુરતના ગાંડીવસાહિત્ય મંદિરે પ્રકટ કરી છે. કિંમત દરેકના ૬૫ ન. પૈ.

સર્વધર્મપરિચય

એ નામની આ માળામાં **હિન્દુધર્મ, બૌદ્ધધર્મ, ઇસાઇધર્મ** અને **ઇસ્લામધર્મ** વિષેની ચાર પુસ્તિકાઓ પ્રકટ થઈ છે. એ દરેકમાં તે તે ધર્મની ઉત્પત્તિ, તેના પ્રચારક અને પ્રસારક સંતો-સેવકોના પરિચય, તે તે ધર્મનો સાર વગેરેની વિસ્તૃત અને સરળ સમજણ આપેલી છે. લેખક: રામનારાયણ ના. પાઠક, પ્રકાશક: હંસ પ્રકાશન, રાજકોટ. કિંમત અનુક્રમે રૂ. ૧·૫૦, ૧ ૨૫, ૧ ને ૨.

જ્યોતિર્ધર માળા

એ નામથી 'માનવસંસ્કારનું ઘડતર કરનારા મહાજનોના માનવલક્ષી પરિચય આપતી શ્રેણી'માં **હેમચંદ્રાચાર્ય** (કિં. ૧૦ આના), **નરસિંહ મહેતા** (આઠ આના), **પ્રેમાનંદ** (આઠ આના), **વીર નર્મદ** (આઠ આના) ને **કવિવર નાનાલાલ** (૮૫ ન. પૈ.) એમ પાંચ સાહિત્યસ્વામીઓનાં જીવનચિત્રો પ્રકટ થયાં છે. દરેકના લેખક: ધનવન્ત ઓઝા, પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ અમદાવાદ.

સમાજવિકાસ માળા

એવા પોતાના નામને સાર્થ કરવા મથતી પ્રકાશન-શ્રેણીમાં નીચેનાં પ્રકાશનો થયાં છે: **લોકગંગા**: લોકકવિતમાં વહેતું ગાંધીજીનુ જીવનચિત્રણ, સંપાદક: સ્વામી આનંદ (કિ. ૪૦ ન. પૈ.); **સમર્થ રામદાસ**: જીવનપરિચય અને રચનાઓ, લેખક: શ્રીપદ જોશી, (૪૦ ન. પૈ.); **આંદામાન-નિકોબાર** ટાપુઓનો પરિચય, લેખક: 'શાંડિલ્ય', (૪૦ ન. પૈ.); **બીમારી કેમ દૂર કરશો?** કેટલાક કુદરતી ઉપચારોની સમજણ, લેખક: 'સવ્યસાચી' (૫૦ ન. પૈ.); **રામેશ્વરમ**ના તીર્થક્ષેત્રનો ઇતિહાસ અને પરિચય, લેખક: પૂર્ણ સોમસુન્દરમ્ (૪૦ ન. પૈ.); **નેતાજી સુભાષચન્દ્ર બોઝ**ના જીવનના કેટલાક પ્રસંગો, લેખક: રામસિંહ રાવલ, (૪૦ ન. પૈ.); **ગાંધીજીનો સંસાર-પ્રવેશ** ગાંધીજીના જાહેર જીવનની શરૂઆત, લેખક: અશોક (૫૦ ન. પૈ.); **સહકારથી કામ કરો** સંગઠન અને સહકારનો મહિમા, લેખક: હરિશ્ચંદ્ર વિદ્યાલંકાર (૪૦ ન. પૈ.); **ધરતીનો ઇતિહાસ** પૃથ્વીના આદિકાળની વાત, લેખક: ઓમ્‌પ્રકાશ (૪૦ ન. પૈ.); **રાજા ભોજ**નાં દાન, દયા અને ચતુરાઈની વાતો, લેખક: દેવરાજ 'દિનેશ' (૪૦ ન. પૈ.). આ બધી પુસ્તિકાઓના અનુવાદક: લક્ષ્મીદાસ ગાંધી. **ખ્વાજા મુઇદ્દીન ચિશ્તી** અજમેરના એ વિખ્યાત સંતની જીવનકથા ને એમની દરગાહનો પરિચય, લેખક: ચન્દ્રગુપ્ત વાર્ષ્ણેય, અનુવાદક: નરેન્દ્ર અંજારિયા (૪૦ ન. પૈ.). પ્રકાશક: સંસ્કાર સાહિત્ય મંદિર, પો. ઑ. નં. ૩૪ ભાવનગર.

આરોગ્ય ગ્રંથમાળા

રોજિંદા જીવનની ધમાલમાં આરોગ્યના જે નિયમો આપણે ભૂલ્યા છીએ તે તરફ અંગુલિનિર્દેશ કરી દવાથી ત્રાસી કંટાળી ગએલાઓને સરળ માહિતી તથા માર્ગદર્શન આપવાના હેતુથી નીકળતી 'આરોગ્ય ઉપર શ્રેષ્ઠ માસિક પુસ્તિકા પ્રવૃત્તિ' નામની આ માળાના: સંપાદક આરોગ્યવિષયક જાણીતા લેખક ડૉ. હરકિશનદાસ ગાંધી છે અને આજ સુધીમાં તેના ચૌદ મણકા બહાર પડી ગયા છે. (૧) કબજિયાતની સારવાર (૨) શરદી સળેખમ (૩) લોહીનું દબાણ—ઊંચું નીચું (૪) મીઠીપેશાબની સારવાર (૫) ક્ષય અને દમમાં ઉપચાર (૬) માથાનો દુખાવો (૭) ચરબી ઓછી કરો (૮) દાંતનાં દર્દો અને આરોગ્ય અને (૯) લાંબા કાળા વાળ-સચિત્ર આ પૈકી છેલ્લી પુસ્તિકાનો પરિચય તેમાંની વાનગી સાથે ડિસેમ્બર ૧૯૬૧ના અંકના 'કંકાવટી' વિભાગમાં અમે આપ્યો હતો. એની આગળના ત્રણ મણકા (૧૦) ખીલ ખરજવું ને ચામડીનાં દર્દો (૧૧) ચશ્મા વિનાની આંખો (૧૨) શક્તિવર્ધક આસનો (૧૩) આપણું શરીર અને આરોગ્ય-ચારે પુસ્તિકાઓ સચિત્ર છે અને તે પછી ૧૪મો મણકો છે 'ઊંઘ આવતી નથી.' આ સર્વના લેખક ડૉ. હરકિશનદાસ ગાંધી પોતે જ છે. કિંમત ૬૦ નયા પૈસાથી માંડી વધુમાં વધુ રૂ. ૧·૨૦ સુધીની દરેકની જુદી જુદી છે. પ્રકાશક: ભાયાણી બુક ડીપો ૧૫૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

જ્ઞાન-કૌશલ્ય પ્રકાશન શ્રેણી

રોજિંદા જીવનની બાબતોમાં ઊંડા ઊતરી તે વિષેની વધુ રસપ્રદ માહિતી મેળવવા ઈચ્છનારાઓને સહાયભૂત થવાના ઉદ્દેશથી નીકળતી અને સુગ્ર તથા શક્તિપૂર્વક સંપાદિત થતી આ પ્રશસ્ય શ્રેણીની છઠ્ઠી પુસ્તિકા **હમણાં** બહાર પડી છે: **'માનવ સેવામાં રસાયણ'**. એમાં કાચથી માંડીને છેક રેયોન તથા નાયલોન ઉપર ટૂંકામાં ઉપયોગી માહિતી આપી છે. કિંમત ૩૭ નયા પૈસા; પ્રાપ્તિસ્થાન: જ્ઞાન-કૌશલ્ય પ્રકાશન શ્રેણી, ૧૩ સ્નેહકુંજ, આંબાવાડી, અમદાવાદ-૬.

પાકિસ્તાનના સર્વ ભાષી સાહિત્યકારોની મહાસંસ્થા 'પાકિસ્તાન રાઈટર્સગિલ્ડે' ઉત્તમ કૃતિઓને પ્રતિવર્ષ અપાતાં ઈનામોમાં ગુજરાતી ભાષાનો ઉમેરો કરી આ વર્ષ આપેલા રૂા. ત્રણ હજારનાં ઇનામોમાં રૂા. એક હજારનું જ૦ સાલિક પોપટિયાને 'ખંડિત સમણાં' માટે, જ્યારે બીજાં રૂ. અઢીસોનાં ચાર અનુક્રમે શ્રી ફિરોઝશાહ રૂસ્તમજી મહેતાને 'ચબરાકિયાં' માટે, જ૦ શમા પોરબંદરીને 'દીપક બુઝાવીને' માટે, જ૦ મહમદ અદીબને 'દુનિયા ન માને' માટે, અને મહૂમ કાઝી અહમદમિયાં 'અખ્તર'ને 'ગુજરાતી ભાષા ઉપર ફારસીની અસર' માટે. નિર્ણાયકોમાં હતા; જ૦ શબનમ; જ૦ સાદિક અને જ૦ યુસુફ માંડવીઆ.


ગિલ્ડમાં ગુજરાતી ભાષાની સ્વીકૃતિ કરાવવાનો યશ તેની મધ્યસ્થ કારોબારીના એક માત્ર ગુજરાતી પ્રતિનિધિ જ૦ રૂખ માતરીને ફાળે જાય છે.

હવે આપણે એક અત્યદ્યતન (Hyper-modern) પદ્ધતિ જોઈએ. જેમાં પહેલી ચાલ P-K4 અને P-Q4 સિવાયની છે.

૧. રેતિની પદ્ધતિ (Reti's Opening)

લાક્ષણિક ચાલ: 1 N-KB3.

લાક્ષણિક સ્થિતિ:



1N-KB3 પછીની સ્થિતિ

1N-KB3

આના બે મૂળ હેતુ છે: (૧) કાળાના પ્યાદાને મધ્યનો કાબૂ લેવા દઈ પછી હુમલો કરવાનો અને (૨) જ્યારે મન ફાવે ત્યારે પોતાની મનપસંદ પદ્ધતિમાં રમત બદલી શકાય. અહીં એ બાબત ધ્યાનમાં લેવા જેવી છે કે દરેક પદ્ધતિ તેની પ્યાદાની લાક્ષણિક રચના ઉપરથી ઓળખાય છે. અહીં પહેલી ચાલ પ્યાદાની ન હોવાથી પાછળથી ગમે તેવી રચના કરીને ગમે તે પદ્ધતિથી રમી શકાય.

1…,P-Q4.

અહીં કાળો પણ N-KB3 રમી શકે છે અને પછી રમત કંઇક આવી રીતે આગળ વધી શકે: 2P-KN3, P-KN3. 3B-N2, B-N2. 4O-O, O-O. તે સિવાય તે P-K3 કે P-QB4 પણ રમી શકે છે. અને જો સફેદ 2P-K4 રમે તો તે અનુક્રમે ફ્રેન્ચ અને સિસિલીઅન ડિફેન્સમાં બદલાઈ જાય. અહીં આપણે એવી જ ચાલ જોઈશું કે જે 'રેતિ'ની લાક્ષણિક હોય અને બીજી પદ્ધતિમાં ફેરવાઈ જતી ન હોય.

K5અને QB5નો કાબૂ મેળવાતો હોવાથી આ ચાલ સારી જ છે.

2 P-B4 ક્વિન્સ ગેમ્બિટની જેમ અહીં પણ આ ચાલ કાળાના QPને ત્યાંથી ખસેડવા માટે રમાય છે. અહીં તેના જવાબમાં કાળા પાસે એક વધુ વિકલ્પ પણ રહે છે, તે QP ને આગળ વધારી શકે છે.

2…,P-QB3.

3 P-QN3. કંઇ પણ ટેકા વિના QBP ને આગળ વધાર્યું હતું તેના રક્ષણ માટે. વળી,



લેખક · સુરેશ મોદી

ઊંટને માટે N2નું ખાનું પણ ખાલી થાય છે.

3…,N-B3. સારી ચાલ છે.

4 P-N3. ઊંટ માટે N2 ખાલી કરવા N2 ઉપર ઊંટને મૂકવો તેને 'Fianchetto' કર્યો કહેવાય છે. અહીં ઊંટ ઘણો મજબૂત ગણાય છે. શરૂઆતમાં તે નિષ્ક્રિય જ રહે છે, પણ જરૂર પડયે વચ્ચેથી ઘોડાને ખસેડવાથી મોટી ત્રાંસી લીટી ઉપર (Diagonal ઉપર) કાબૂ મેળવી શકે છે.

4…,B-B4.

કાળાને QPના વધુ રક્ષણ માટે P-K3 રમવું જ પડશે. તેમ કરવાથી ઊંટની લાઈન બંધ થઈ જાય તે પહેલાં તેને બહાર કાઢી લેવા માટેની આ ચાલ છે.

5 B-KN2, P-K3.

6 B-N2.

આ ત્રણે ચાલના હેતુ આપણે ઉપર જોઈ ગયા છીએ.

6…, QN-Q2.

કાળો P-K4 રમીને મધ્યનો કાબૂ લેવા ઇચ્છે છે. પણ તેમ કરતાં પહેલાં K4 ખાનાનો કાબૂ મેળવવો જોઇએ.

7 O-O, B-Q3. K4 ખાનાના કાબૂ માટે.

8 P-Q3. સફેદ પણ હવે P-K4 માટે તૈયારી કરે છે.

8…,O-O.

અહીં 8…,P-K4થી સફેદને પ્યાદું મળતું હોય તેમ લાગે છે. 9P-K4, P×KP. 10 P×P, N×P. પણ જરા આગળ વિચારીએ તો સમજાશે કે તેમ કરતાં કાળાનું એક નાનું મ્હોરું જાય છે. જુઓ 11 N-K4. હવે તેના ઊંટ અને ઘોડા બંને ઉપર હુમલો છે ને કોઈ રીતે બંનેને બચાવી શકે તેમ નથી.

9N-B3, Q-K2. 10R-K1

બંને પક્ષ પોતાના P-K4 રમવા માટેની તૈયારી કરે છે.


10…, P-K4. છેવટે પ્યાદું K4 ઉપર આવ્યું.

11 P×P, P×P.

12 P-K4, P×P.

13 P×P, B-KN5.

અને સ્થિતિ સરખી છે.



13…, B-KN5 પછીની સ્થિતિ

આપણે શરૂઆતની છ પદ્ધતિઓ જોઈ. જોકે શરૂઆત માટે અનેક પદ્ધતિઓ છે, પણ આ છ એવી રીતે પસંદ કરી હતી કે એમાં દરેક જાતની પદ્ધતિનો ખયાલ મળી રહે. પહેલાં આપણે બે ખુલ્લી પદ્ધતિઓ જોઈ, પછી એક અર્ધ-ખુલ્લી (કારણ કે તેમાં ખુલ્લી તેમજ બંધ રમત થઈ શકે છે) પદ્ધતિ જોઈ. પછી બે બંધ પદ્ધતિઓ જોઈ અને છેલ્લે એક અત્યદ્યતન પદ્ધતિ પણ જોઈ. તેમાં ચલાતી ચાલ અને તેની પાછળના હેતુ આપણે તપાસી જોયા. હવે આપણે આ બધાના સાર રૂપે યાદ રાખવા જેવા કેટલાક મુદ્દાઓ ફરી નોંધી લઇએ એટલે અજાણી પદ્ધતિ સામે રમવું પડે તોપણ આ મુદ્દાઓ ધ્યાનમાં રાખવાથી મૂંઝવણ રહે નહિ.

(૧) શરૂઆતમાં K P કે Q Pને બે ડગલાં આગળ વધારવું. સ્થિતિ અનુકૂળ હોય તો બન્નેને ચલાવવા.

(૨) પ્યાદા પછી ઘોડા અને ઊંટને લેવાં. તેમાં પણ ઘોડાં પહેલાં આવે છે. તેનું કારણ એ છે કે ઘોડાની સારામાં સારી જગ્યા B3 છે અને ઘણીખરી સ્થિતિમાં તે જ જગ્યાએ રમાયછે. ઊંટને માટે આવી કોઇ નિશ્ચિત જગ્યા નથી. પદ્ધતિ અને પરિસ્થિતિને અનુસરીને તેને રમાય અને તેથી તેને ઘોડા પછી બહાર કાઢવા એ વધારે યોગ્ય છે.

(૩) ખાસ અગત્યના કારણ સિવાય એક વખત ચલાયેલ મહોરાને ફરી વાર ન ચાલતાં દરેક ચાલે એક નવું મ્હોરું બહાર લાવવું. એક જ મ્હોરાને ફરી ફરીને ચલાવવું એ સમયની બરબાદી છે. (અનુ. પૂઠા ૩જાની સામે)

વેપ્રેચ અને પેયર

એક ઉમંગભર્યા સાહસનું અણધાર્યું પરિણામ

લેખક
ડૉ. રમણલાલ ચી. શાહ

ઉત્તર ધ્રુવનો નવોનવો પ્રદેશ ખોળવા માટે જ્યારે યુરોપમાં સાહસિકો ભગીરથ પ્રયાસો કરી રહ્યા હતા ત્યારે વૈજ્ઞાનિકો, ભૂગોળશાસ્ત્રીઓ, ભૂસ્તરશાસ્ત્રીઓ વગેરે પણ તે પ્રદેશ વિષે જાણવા આતુર રહેતા. કેટલાક તો જાતે તેમાં જોડાઇ નજરે નિહાળેલી માહિતી એકઠી કરી લાવતા. સાથેસાથે તેઓ શોધસફરીઓને માર્ગદર્શન આપતા અને કેટલીક વાર મળેલી માહિતીને આધારે નવા પ્રદેશને માટે તર્કયુક્ત અનુમાન કરી અમુક સિદ્ધાંતો રજૂ કરતા. એવા સિદ્ધાન્તો કેટલીક વાર સાચા તો કેટલીક વાર ખોટા પણ ઠરતા.

પીટરમૅન નામના એક નિષ્ણાત જર્મન ભૂગોળશાસ્ત્રીએ એક એવો સિદ્ધાન્ત રજૂ કર્યો હતો કે ઉત્તર ભૂશિર આગળથી સમુદ્રમાં જે એક આંતરપ્રવાહ (ગલ્ફ સ્ટ્રીમ) પસાર થાય છે તેને બરાબર અનુસરીને સમુદ્રમાં જો ઉત્તર ધ્રુવની દિશામાં જવામાં આવે તો નોવાયા ઝેમલ્યાની ઉત્તરે સમુદ્રમાં અમુક વિસ્તાર બરફરહિત આવે એવી સંભવિતતા છે. વળી ત્યાંથી ઈશાન દિશા તરફનો માર્ગ પણ શોધાવાની શક્યતા છે અને ઉત્તર ધ્રુવે સહેલાઈથી પહોંચવાની શક્યતા પણ એમાં જ રહેલી છે. પરંતુ વૈજ્ઞાનિકો અને ભૂગોળશાસ્ત્રીઓને આમાં બહુ વજૂદ લાગી નહિ.

આ વાતને પછી સૈકાંઓ વીતી ગયાં અને પીટરમૅનનો સિદ્ધાંત પણ લગભગ ભુલાઈ ગયો. એ દરમિયાન નોવાયા ઝેમલ્યાની ઉત્તરે જવાનો કોઈએ પ્રયાસ પણ કર્યો નહોતો. વચ્ચે બેરન્ટ્સ નોવાયા ઝેમલ્યા અને સ્પિટ્સબર્ગન ટાપુ સુધી ગયો ત્યારે તેની ઇચ્છા આગળ ઉત્તર તરફ જવાની હતી ખરી, પરંતુ તે જઈ શક્યો નહોતો.

ઓગણીસમા સૈકામાં કાર્લ વેપ્રેચ (Karl Weyprecht) અને જુલિયસ પેયર (Julius Payer) નામના બે નવયુવાન ઑસ્ટ્રિયનો ધ્રુવપ્રદેશની શોધસફરોના અહેવાલો વાંચતા હતા અને તેમાં તેમને અત્યંત રસ પડતો જતો હતો. બંને સૈન્યમાં જોડાએલા હતા. વેપ્રેચ નૌકાદળમાં લેફ્ટેનન્ટનો હોદ્દો ધરાવતો હતો, પેયર પણ પાયદળમાં લેફ્ટેનન્ટ હતો. બંને ખડતલ શરીરના નવલોહિયા યુવાનો હતા અને સૈન્યમાં હોવાથી આવા અહેવાલો વાંચવાની તેમને સારી તક મળી હતી. આ અહેવાલો વાંચતાં તેમને જણાયું કે આટલાં સૈકાંઓ પસાર થઇ ગયાં છતાં નોવાયા ઝેમલ્યાની ઉત્તરે કોઇ ગયું નથી અને એ રીતે પીટરમૅનનો સિદ્ધાન્ત સાચો છે કે નહિ તે ચકાસવાની કોઇએ દરકાર કરી નથી. આથી તેમણે બંનેએ સૈન્યમાંથી થોડો સમય રજા લઇ આ શોધસફર કરવાનો વિચાર કર્યો,

આવાં સાહસોમાં મુખ્ય સવાલ પૈસાનો હોય છે. સફર માટે વહાણ જોઇએ. બેએક વર્ષ ચાલે એટલો ખોરાક અને બીજી સાધનસામગ્રી જોઇએ. નોકરચાકરોને પગાર આપવો પડે. આમ એક નાનકડું સાહસ એટલે હજારો પાઉન્ડનું આંધણ. સાહસ સફળ થાય તો ખર્ચેલાં નાણાં લેખે લાગે, નહિ તો નિરર્થક વેડફાઈ ગયા જેવું થાય. ઑસ્ટ્રિયામાં કાઉન્ટ વિલઝેક નામનો એક ધનાઢ્ય હતો. તે આ બંને યુવાનોને ચાહતો હતો અને તેમની પ્રવૃત્તિમાં તેને રસ હતો. એણે વેપ્રેચ ને પેયરે વિચારેલી શોધસફર માટે નાણાં આપવાનું કબૂલ્યું. પહેલાં તો એ ત્રણે નોવાયા ઝેમલ્યાની ઉત્તરે આગળ વધવાની કોઈ શક્યતા છે કે નહિ તેની પ્રાથમિક તપાસ કરવા ઇ. ૧૮૭૧ના ઉનાળામાં ત્યાં ગયા ને ત્યાંથી ઉત્તરે સમુદ્રમાં પણ કેટલાક માઈલ સુધી જઇ આવ્યા. આ તપાસકાર્યથી તેમને સારી આશા બંધાઈ.

પાછા ફરી તેમણે યોજનાની તૈયારી કરવા માંડી. 'ટેગેથૉફ' નામે એક મોટું વહાણ ખાસ બંધાવ્યું. તેમાં અઢી વર્ષ ચાલે એટલી ખોરાકી અને અન્ય સાધનસામગ્રી સંઘરી, નોકરચાકરો વગેરેની નિમણૂક કરી અને સુસજ્જ થઈ ઈ. ૧૮૭૨માં વેપ્રેચ તથા પેયર ઑસ્ટ્રિયાથી ઊપડ્યા. કાઉન્ટ વિલઝેક પણ તેમને વળાવવા ગયો. ક્યાં સુધી? ઠેઠ નોવાયા ઝેમલ્યાના ઉત્તર કિનારા સુધી પોતાના વહાણ 'ઈસ્બજોર્ન'માં. રસ્તામાં 'નાસુ ભૂશિર' આગળ એણે વધારાનો લીધેલો ખોરાકનો જથ્થો અને અન્ય સાધનસામગ્રી જમા કરાવ્યાં, એવી દીર્ઘદષ્ટિથી કે સાહસિકો જ્યારે પાછા ફરે ત્યારે સહીસલામતે પાછા ફરવા આ નિર્જન પ્રદેશમાં ખાધાખોરાકી વગર ભૂખે ન મરી જાય.

૧૮મી ઑગસ્ટ, ૧૮૭૨નો એ દિવસ હતો. કાઉન્ટ વિલઝેક 'ટેગેથૉફ'ને ઉત્તર દિશા તરફ સમુદ્રમાં કેટલેક સુધી વળાવવા ગયો. અરધા દિવસની વિદાયગીરી પછી વિલઝેક નોવાયા ઝેમલ્યાને કિનારે પાછો ફર્યો અને સાહસિકો 'ટેગેથૉફ'ને ઉત્તર તરફ હંકારી ગયા. નોવાયા ઝેમલ્યાનો કિનારો હજુ દૂરદૂર દેખાતો હતો. વિલઝેકનું વહાણ પાછું ફરી રહેલું નજરે દેખાતું હતું. એક બાજુ વિલઝેક પોતાના વહાણમાં અને બીજી બાજુ સાહસિકો પોતાના વહાણમાં સ્વપ્નાં સેવી રહ્યા હતા: બરફ રહિત સમુદ્રનો પ્રવાહ શોધી ઈશાન દિશાનો માર્ગ અને ઉત્તરધ્રુવનો માર્ગ શોધવાનાં.

પરંતુ વિધિનું નિર્માણ જુદું હતું. વિલઝેકની વિદાય લીધાને થોડા કલાક પણ ન થયા ત્યાં તો સમુદ્રમાં હિમખંડો આમતેમ અથડાતા દેખાવા લાગ્યા અને વિલઝેક હજુ નોવાયા ઝેમલ્યાના કિનારે પૂરો પહોંચે તે પહેલાં તો આ બંનેનું વહાણ બરફમાં ઘેરાઇ ગયું. વહાણને તેમાંથી મુક્ત કરવા તેમણે ઘણી મથામણ કરી પણ વ્યર્થ. સમુદ્રમાં તરતા બરફની સાથેસાથે તેમનું વહાણ ઉત્તર તરફ ઘસડાવા જ લાગ્યું. એકાદ બે દિવસ વીત્યા પછી તો વહાણ બરફમાંથી મુક્ત થવાની આશા ઘટવા લાગી. ઉત્તરોત્તર સમુદ્રમાં પાણી કરતાં બરફનું પ્રમાણ વધતું જતું હતું. થોડા દિવસ પછી તો સમુદ્રમાં પાણી જ દેખાતું બંધ થયું: ઉપર આકાશ, નીચે ચારે તરફ બરફના થર તથા આમતેમ ખસતા મોટા મોટા હિમપર્વતો અને તેની ભીંસમાં સપડાએલું ટેગેથૉફ! એને બરફમાંથી મુક્ત કરવાના અથાક પુરુષાર્થમાં પણ તેઓ ફાવ્યા નહિ એટલે પ્રારબ્ધ તરફ વળ્યા. પ્રથમ તો એવી આશા રાખી કે થોડા કલાકમાં બરફ ઢીલો પડતાં વહાણ તેમાંથી મુક્ત થઈ જશે. ત્યાર પછી થોડા કલાકને બદલે થોડા દિવસની તેઓ આશા રાખવા લાગ્યા. દિવસ પરથી તેઓ અઠવાડિયાં પર આવ્યા અને હવે તો વહાણને બરફમાંથી મુક્ત થતાં કેટલા મહિના લાગશે એવી ગણતરી કરતા થયા હતા!

તેઓ નીકળ્યા હતા કોઈ મહાન શોધ કરવા માટે, અને અહીં તો પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવો અનુભવ થયો. બરફ વચ્ચે તેઓ કેદી જેવા જ બની ગયા. માત્ર બરફ અને સાથે તેમનું વહાણ ઉત્તર તરફ અત્યંત ધીમે ધીમે ખસતાં જતાં હતાં એટલી જ પ્રવૃત્તિ રહી હતી. સામાન્ય નજરે તો તેઓ ત્યાંના ત્યાં જ હતા. પરંતુ હોકાયંત્ર, આકાશના તારાઓ અને બીજાં સાધનોથી જણાતું હતું કે તેઓ જ્યાં હતા

ત્યાં નહોતા. આમ દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. ખાઇપીને બેસી રહેવા સિવાય તેમની પાસે બીજી કંઇ પ્રવૃત્તિ નહોતી. કેટલાય દિવસથી તેમણે જમીન કે એનો કિનારો, અરે સમુદ્ર હોવા છતાં એનાં હિલોળા લેતાં પાણી સુદ્ધાં જોયાં નહોતાં.

વળી જે બરફમાં તેમનું વહાણ સપડાયું હતું તે પણ શાંત પ્રકૃતિનો નહોતો. રોજ કંઇક ને કંઇક અવળચંડાઇ તે કરતો રહેતો. એક દિવસ તેઓ નાસ્તો કરવા બેઠા હતા ત્યાં વહાણનીચેનો બરફ એકાએક ફાટયો! તેમણે દોડીને તૂતક પર આવી જોયું તો વહાણ બરફની ભીંસમાં વધારે ઊંડું ઊતરી ગયું હતું અને તે બરફની ભીંસમાં દબાવાથી એકદમ મોટો કડાકો થયો હતો. બધા વહાણ પરથી તાબડતોબ ઊતરી બરફ પર આવી ગયા. વહાણની આસપાસ બરફનું દબાણ વધતું જ ગયું અને જોતજોતાંમાં તો ત્યાં બરફના મોટા ખડકો થયા. મોટા મિનારા જેવા ઊંચા એ ખડકો ઉપરથી બરફ તૂટી પડીને વહાણ પર પડવા લાગ્યો. તેને લીધે અને બરફની ભીંસને લીધે ભયંકર અવાજો થવા લાગ્યા. જાણે વહાણને બરફની મોટીમોટી શિલાઓ મારીમારીને તેને દાટી દેવાનો કોઈ પ્રયત્ન ન કરી રહ્યું હોય એવું ભયંકર દૃશ્ય તે લાગતું હતું.

જે હિમખંડમાં તેમનું વહાણ સપડાયું હતું તે સપાટ વિશાળ હિમખંડ પણ હવે સંકોચાવાથી અને દબાવા-કચડાવાથી બરફના પર્વત જેવો બની ગયો અને પરિણામે વહાણ નીચેનો બરફ ફરી જોર કરી ઊંચે આવવા લાગ્યો. ઉપરાંત આસપાસથી પણ ભીંસ વધી. એથી વહાણ સમુદ્રની સપાટીથી ઘણું ઊંચું થઈ ગયું! એકાએક જો બધો બરફ ખસી જાય કે પીગળી જાય તો વહાણ સો-સવાસો ફીટની ઊંચાઇએથી ધબ્બ કરતું સમુદ્રની સપાટી પર પછડાય એવી એની સ્થિતિ હતી. તેમાં વળી વહાણ બરફમાં એક બાજુ નમી ગયું. એટલે તે કયારે ઊંધું વળી જાય અથવા નીચેનો બરફ તૂટતાં સમુદ્રનાં પાણીમાં ભયંકર રીતે કયારે પછડાઈ પડે તે કહી શકાય તેમ નહોતું.

વેપ્રિચ અને પેયરને લાગ્યું કે વહાણ હવે સહીસલામત રહેશે નહિ, એટલે તેઓ બધા એકપછી એક વહાણમાં જઈ જરૂરનાં કપડાં પહેરી, અનિવાર્ય વસ્તુઓની પોટલીઓ હાથમાં લઈ બહાર આવી ગયા. વહાણ છોડીને કયાં જવું તેની તેમને ખબર નહોતી, પણ તેથી કંઈ વહાણમાં હવે બેસી રહેવાય તેમ નહોતું. આસપાસના હિમખંડોમાં એક પણ હિમખંડ આખો રહ્યો નહોતો. ભીંસ અને દબાણને લીધે ચારે બાજુ બરફના ટુકડે ટુકડા થઈ ગયા હતા; અને વચ્ચે મોટા મોટા ખાડાટેકરાઓ થઈ ગયા હતા, એટલે બરફગાડી લઇને પણ આસપાસ કયાંય જવાય એવું નહોતું. અને જવાય એવું હોત તો કઈ દિશામાં જવું એ પણ પ્રશ્ન હતો, કારણ કે કોઈપણ એવી નિશ્ચિત દિશા નહોતી કે જે તરફ જવાથી આશ્રય મળે. બીજી બાજુ તેમને માથે સંકટ તો એવું હતું કે જો વહાણ ડૂબે કે ભાંગે તો આ હિમખંડ પર બીજા ઉનાળા સુધીનો સમય 'પોલરીઝ'ના લોકોની જેમ કાઢવો પડે.

નીચેનો બરફ એકાએક તૂટી પડે તો વહાણ ડૂબે એવો ભય હોવાથી તેમણે વહાણને બરફમાંથી છૂટું કરવા વહાણની આસપાસનો બરફ ખોદવો શરૂ કર્યો. એક પછી એક કુહાડીના ઘા પડતા જ ગયા અને બરફ ખોદાતો ગયો છતાં બરફનું તળિયું ન આવ્યું. સમુદ્રના પાણી પર બરફનો થર કેટલો જાડો છે એ જોવા માટે હવે એમણે બાજુમાં ખોદી જોયું. ૨૭ ફૂટ સુધી નીચે ખોદખોદ કર્યું—જાણે બરફમાં કૂવો કર્યો, છતાં તેમાંયે પાણી ન ફૂટયું. એટલે તેમને લાગ્યું કે બરફ ખોદીને વહાણને મુક્ત કરવાનો પ્રયાસ પણ તદ્દન નિરર્થક છે.

આમ થોડા દિવસ પસાર થયા. વહાણ પહેલાં કરતાં સહીસલામત લાગ્યું એટલે તેઓ ફરી તેમાં જઇને રહ્યા. આખો ઉનાળો પસાર થઈ ગયો, પરંતુ કશી પણ પ્રવૃત્તિ વિના બેઠાંબેઠાં ખાવું એ જ તેમનું જીવન હતું ને એનો પણ તેમને હવે કંટાળો આવ્યો હતો. એ પરાક્રમશીલ યુવાનોને નિષ્ક્રિયતા સાલતી હતી. સખત મજૂરીની જેલ કરતાં યે આ પ્રકૃતિનિર્મિત જેલ ખરાબ હતી. એક સાહસિકે લખ્યું છે તેમ પાંદડા પર કોઈ તદ્દન નાનું જીવડું હોય અને પાંદડાની કિનારી સુધીની સૃષ્ટિથી પણ તે સાવ અજ્ઞાત હોય એવી તેમની મનોદશા હતી.

ઉનાળો પસાર થયો અને શિયાળો આવ્યો, શિયાળાની ભયંકર દીર્ઘ રાત્રિ પણ આવી અને પસાર થઈ ગઈ, છતાં હજુ તેઓ ત્યાંના ત્યાં જ બરફમાં સપડાએલા વહાણમાં જ હતા! તેમને નોવાયા ઝેમલ્યા છોડયાને એક વર્ષ કરતાં વધારે સમય પસાર થઈ ગયો હતો. એ ગાળા દરમિયાન માત્ર બરફ ખસતો હતો અને ઉત્તર તરફ તે ઘણો આગળ ગયો હતો. બરફરહિત સમુદ્રમાં આંતરપ્રવાહ, ઈશાન દિશાનો માર્ગ, ઉત્તર ધ્રુવનો માર્ગ બધું જ હવે ભુલાઈ ગયું હતું. જ્યાં વહાણ જ બંદરે લાંગરેલા જેવું દોઢ વર્ષથી બની ગયું હતું ત્યાં નવી શોધસફરોનો રસ કેટલા દિવસ સુધી ટકી રહે? તેમનાં સ્વપ્નાંઓ ને મહત્ત્વાકાંક્ષાઓ વહાણની જેમ બરફમાં જકડાઈ ગયાં હતાં. અત્યારે તેમને કંઈ પણ વિચાર આવતો હોય તો માત્ર એટલો જ કે વહાણ કયારે બરફમાંથી મુક્ત થાય અને કયારે ઘર તરફ પાછું હંકારીએ, કારણ કે તેમની અરધા ઉપરની ખાદ્યાખોરાકી તેમણે બેઠાબેઠાં જ ખુટાડી દીધી હતી!

નોવાયા ઝેમલ્યાના દરિયામાં પ્રવેશતાં જ મળેલી આ જેલમાંથી બે વર્ષ પૂરાં થયાં છતાં તેમને મુક્તિ મળી નહિ. આ બે વર્ષમાં ન સઢ ફરકાવવાના, ન હલેસાં મારવાનાં, ન વરાળયંત્ર ચલાવવાનું. જીવનમાં વૈવિધ્ય આણે એવી કોઈ પ્રવૃત્તિ તેમની પાસે નહોતી. સાધારણ બેઠાડુ માણસ પણ બેસીબેસીને કંટાળે ત્યાં અવનવાં પરાક્રમો કરવાનાં, શોધ-સફર ખેડવાના સ્વભાવવાળા માણસોની તો વાત જ શી? કુદરત કોઈ વિચિત્ર રીતે જ જાણે તેમને ગૂંગળાવવા માગતી ન હોય? વળી, જેમ જેમ દિવસો પસાર થતા જતા હતા તેમ તેમ પરિચિત દુનિયાથી દૂર ને દૂર તેઓ ધકેલાતા જતા હતા. આ સંજોગોમાં વહાણના નોકરચાકરો અને બીજા કેટલાક માણસોના ચહેરા પર ઉદાસીનતા અને ગમગીની સતત પથરાએલી રહેતી હતી. કેટલાકે તો માની લીધું હતું કે હવે તેઓ જીવતા ઘરે પહોંચી શકવાના નથી. જ્યારે કોઈક આશાવાદીઓ, આશાનું એક પણ કિરણ દેખાવાની શકયતા જણાતી ન હોવા છતાં, ઘરે સહીસલામત પહોંચવાની આશા સેવતા હતા.

અત્યંત આકરી કસોટી કર્યા પછી પ્રકૃતિએ જાણે તેમને કંઈક પ્રેમ-પ્રસાદ આપવાનું ધાર્યું હોય તેમ ઈ.સ. ૧૮૭૩ના ઑગસ્ટની તેરમી તારીખે તેમણે એકાએક દૂર ક્ષિતિજ પર જમીનના કિનારા જેવું કંઈક જોયું. બપોરનો વખત હતો. વેપ્રિચ અને પેયર ખાઇને વહાણના તૂતક પર ઊભાઊભા આસપાસનો બરફ નિહાળી રહ્યા હતા. વાતાવરણમાં ધુમ્મસ હતું અને તેને કારણે દૂરનું કશું સ્પષ્ટ દેખી શકાતું નહોતું. એવામાં સૂર્યનાં કિરણો પ્રસરવા લાગ્યાં ને ધુમ્મસનો પડદો ઊંચકાયો. પડદો હઠતાં ક્ષિતિજ પર તેમણે જોયું તો કાળાકાળા ખડકો દેખાયા. વહાણ જરાક આગળ વધ્યું ત્યાં તો એક મોટો પર્વત દેખાયો. બે વર્ષને અંતે દેખાએલી જમીન સામે તેઓ અનિમેષ નયને જોઈ જ રહ્યા. ઘડીભર તો પોતે જાણે સ્વપ્નસૃષ્ટિમાં હોય એમ તેમને લાગ્યું. તેઓ સાનંદાશ્ચર્ય પોકારી ઊઠયા; 'જમીન! જમીન! જમીન!' અને હર્ષપૂર્વક આમતેમ નાચતાકૂદતા એકબીજાને અભિનંદન આપવા લાગ્યા.

તેમનો આનંદ બેવડો હતો. એક આનંદ કંટાળાજનક વિષમ પરિસ્થિતિમાંથી છૂટયાનો હતો, અને બીજો આનંદ નવો પ્રદેશ અનાયાસે શોધાયાનો હતો. બીજા સાહસિકો જ્યારે ખૂબ રખડીરવડી હજારો

માઈલ ખૂંદી નાખીને કંઈક શોધ કરે યા ઘણી વાર નિષ્ફળ નીવડી પ્રાણ પણ ગુમાવે એવું બને છે, ત્યારે આ સાહસિકોએ માત્ર વહાણમાં બેઠાં-બેઠાં, વહાણ ચલાવવા માટે હલેસું સુદ્ધાં માર્યા વગર જ આ નવો પ્રદેશ શોધી કાઢ્યો હતો!—જાણે ઘેર બેઠાં ગંગા આવી!

વેપ્રેચ અને પેયરે વહાણ પરથી દૂરથી આ ટાપુ જોયો. કોરા નકશામાં એક નવો ટાપુ ઉમેરવાનું માન તેમને ફાળે આવતું હતું. ટાપુને કિનારા પર હજુ પગ પણ નથી મૂક્યો ત્યાં તો એનું નામ શું રાખવું એનો વિચાર તેઓ કરવા લાગ્યા. પોતાના દેશના તે સમયના રાજા ફ્રાન્સ જોસેફના નામ પરથી એનું નામ 'ફ્રાન્સ જોસેફ લૅન્ડ' રાખવાનું તેમણે નક્કી કર્યું. તે દિવસે તેમણે આ નવી શોધ માટે મિજબાની ઉડાવી.

હવે એ ટાપુ પર પહોંચવાની તેમને તાલાવેલી લાગી. લીલું ઘાસ અને ચરતાં હરણો, નાના ડુંગરો અને હિમસરિતાઓ ત્યાં હશે એવી એવી કલ્પના પણ કેટલાક કરવા લાગ્યા. જોકે વહાણ અને ટાપુ વચ્ચે તો હજુ ઘણું અંતર હતું, વહાણ હજુ બરફમાં જ જકડાએલું હતું અને ઠેઠ ટાપુ સુધી બરફના થર જ જામેલા હતા. વળી એ બરફની રચના પણ એટલી બધી જોખમભરેલી હતી કે બરફગાડીઓમાં ત્યાં પહોંચવાની શક્યતા નહોતી. બીજી બાજુ વહાણ એટલી મંદ ગતિએ ખસતું હતું કે જાણે ધીરજની કસોટી કરતું ન હોય. બે વર્ષની યાતના પછી નિહાળેલા ટાપુ પર નજર પડતાં જ દોડી જવાનું કોને મન ન થાય? પરંતુ એટલું અંતર કપાતાં લગભગ બે મહિના વીતી ગયા. ઑગસ્ટમાં જોએલા ટાપુના કિનારા સુધી તેમના વહાણને પહોંચતાં ઑક્ટોબર મહિનો લગભગ પૂરો થવા આવ્યો. આ રીતે જે હિમખંડે પોતાની નાગચૂડમાં 'ટેગેથૉફ'ને બે વર્ષ પહેલાં જકડી લીધું એ જ હિમખંડ એને સેંકડો માઈલ દૂર અહીં આ ટાપુ પાસે લઈ આવ્યો.

ફ્રાન્સ જોસેફ લૅન્ડના લગભગ કિનારા નજીક વહાણ આવતાં વેંત સૌએ તેમાંથી ઊતરી ટાપુ પર પગ મૂક્યો. જાણે અમરાપુરીમાં ઊતરી આવ્યા હોય એટલો આનંદ તેમને સૌને થયો. અહીં બે મુખ્ય મોટા ટાપુ અને એની આસપાસ બીજા કેટલાક તદ્દન નાના નાના ટાપુઓ હતા. જે ટાપુ પર તેમણે સૌથી પહેલવહેલો પગ મૂક્યો તે ટાપુનું નામ તેમણે પોતાના આશ્રયદાતાના નામ પરથી 'વિલઝેક ટાપુ' રાખ્યું.

પણ તેમને સ્વર્ગ સમો લાગેલો આ ટાપુ કેવો હતો? ત્યાં બિલકુલ વનસ્પતિ નહોતી. લીલું ઘાસ કે ચરતાં હરણો ત્યાં નહોતાં. બીજા કેટલાક ટાપુઓ પાસે સમુદ્રમાં ખેંચાઈ આવેલાં લાકડાં જોવા મળે છે તે પણ અહીં નહોતાં. માનવ-વસતિ હોવાનો તો સવાલ જ નહોતો, પણ બીજાં કંઈ પશુપંખીઓ પણ નહોતાં. થીજેલા બરફ વચ્ચે પથ્થર તરીકે ઓળખી શકાય એવો જ માત્ર આ ટાપુ હતો.

શિયાળો પાસે આવી રહ્યો હતો એટલે તેમણે શિયાળો વહાણમાં જ પસાર કરવાનો નિશ્ચય કર્યો, કારણ કે જમીન પર કામચલાઉ ઘર બાંધવા માટે લાકડાં કે સારા પથ્થર નહોતા અને એ કામ માટે પૂરતો સમય પણ નહોતો. શિયાળા દરમિયાન તેમણે બરફગાડી સાથે કરવાના પ્રવાસની યોજનાઓ ઘડી કાઢી અને એ માટે તૈયારીઓ પણ કરી લીધી, કારણ કે શિયાળો પૂરો થયા પછી આ પ્રવાસ માટે તેમને બહુ ઓછો સમય મળવાનો હતો અને ઉનાળો શરૂ થતાં ઘર તરફ પાછા ફરવાનો વખત થઈ જવાનો હતો. જમીનના પ્રવાસનું કાર્ય પેયરે ઉપાડી લીધું અને સમુદ્રના બરફ પરના પ્રવાસનું કાર્ય વેપ્રેચે સંભાળ્યું.

પેયરે પાસેના એક બીજા ટાપુનો પ્રવાસ આરંભ્યો. એ ટાપુનું નામ એણે ધ્રુવપ્રદેશના એક સુપ્રસિદ્ધ શોધસફરી ચાર્લ્સ હૉલ (જેનો પરિચય ૪૪૦મા અંકમાં આવી ગયો)ના નામ પરથી રાખ્યું. શિયાળાની દીર્ઘ રાત્રિ પૂરી થયા પછી તરત તેઓ અહીં આવ્યા હતા, એટલે અહીં અત્યારે ૫૯° ડિગ્રી જેટલી ઠંડી પડતી હતી. આવી સખત ઠંડીમાં તેમના શરીરે, ખાસ કરીને હાથ-પગનાં આંગળાં અને નાક કાનની કોમળ ચામડી પર હિમદંશ પડવા લાગ્યા હતા. અહીં ઠંડીનો વળી તેમને તદ્દન વિચિત્ર અનુભવ થયો. ઠંડીથી શરૂઆતમાં તેમને કામ કરવાનો ખૂબ ઉત્સાહ થવા લાગતો, પરંતુ થોડુંક કામ કરતાં તેઓ ખૂબ થાકી જતા અને ઉત્સાહ સાવ મરી જતો. ફરી પાછો એકાએક તેમને ઉત્સાહ થઈ આવતો અને ફરી પાછું એ જ પ્રમાણે થતું. તેઓ આરામ કરતા હોય ત્યારે કામ કરવાની ઇચ્છા થઈ આવતી અને કામ કરતા હોય ત્યારે આરામ કરવાની ઇચ્છા થઈ આવતી. આવા વિચિત્ર અનુભવને લીધે તેઓને જાણે ઘેન ચડ્યું હોય તેવું લાગતું. કોઈ પ્રાણી તો તેમને ત્યાં જોવા મળતું જ નહિ. જ્યાં હિમદંશ પડે એટલી અસહ્ય ઠંડી પડતી હોય છે ત્યાં જમીનની સપાટી પર પ્રાણીઓ ભાગ્યે જ રહી શકે છે. કાં તો તે આ સમય દરમિયાન સ્થળાંતર કરી જાય છે અથવા બરફમાં ઊંડો ખાડો કરી, તેમાં દટાઇ જઈ આખા શિયાળા દરમિયાન ઊંઘ્યા કરે છે. માછલીઓ પણ અહીં સમુદ્રમાં બરફ જામવાની સાથે તેમાં વચ્ચે મહિનાઓ સુધી ઠરીને ઊંઘી જાય છે અને બરફનું પાણી થતાં ફરી પાછી પાણીમાં તરવા લાગે છે!

પ્રદેશમાં ચોપાસ નીરવ શાંતિ હતી, હવામાન તદ્દન શાંત હતું, પણ ઠંડી જીવલેણ હતી. જેમ ખૂબ તાપમાં રખડવાથી વધારે ને વધારે તરસ લાગે છે તેમ આવી ખૂબ ઠંડીમાં રખડવાથી પણ અતિશય તરસ લાગે છે. તરસ છિપાવવા આ સાહસિકોને બરફ ખાવો પડતો, પણ એથી તરસ ઊલટાની વધતી, અને વધારે ને વધારે બરફ ખાવાની અદમ્ય ઇચ્છા થતી. વળી આવા હવામાનમાં બરફ પણ મોઢામાં મૂકતાં ધગધગતા લોઢાના ટુકડા જેવો લાગતો. એટલે વધારે બરફ ખાવાથી કેટલાકને મોઢામાં પણ હિમદંશ પડવા લાગ્યા હતા. આ સંજોગોમાં અહીં રખડવામાં સલામતી નહોતી. એટલે પેયર પોતાના માણસો સાથે વહાણ પર પાછો આવી ગયો.

માર્ચ મહિનાને અંતે તે ફરી દસ માણસો અને ત્રણ કૂતરા સાથે બીજી દિશામાં ઊપડ્યો. આ બાજુ આરંભમાં જ તેમને વાવાઝોડાનો અને ખરાબ બરફનો એક અઠવાડિયા સુધી કડવો અનુભવ થયો. છતાં તે આગળ વધ્યે ગયો અને એક મોટી ખાડી આવી ત્યાં અટક્યો. આ ખાડીને તેણે 'ઑસ્ટ્રિયા સાઉન્ડ' નામ આપ્યું. ત્યાંથી આગળ આવેલા એક ટાપુ પર તે ગયો અને એનું નામ 'હોહેનલોહે' રાખ્યું. ટુકડીના બે માણસો ખૂબ થાકી ગયા હતા એટલે તેમને એક તંબૂમાં ત્યાં સુવાડી તેઓ આગળ ગયા. એ પહાડી પ્રદેશમાં આગળ જતાં એક વિશાળ ઊંડી ખીણ જેવી હિમસરિતા ઓળંગવાની આવી. એ માટે તેમણે એક કામચલાઉ પુલ બાંધ્યો. પણ હજી પુલ ઓળંગતા હતા ત્યાં અકસ્માત તે તૂટી પડ્યો. તેમનો એક માણસ અને ત્રણે કૂતરા નીચે ઊંડી ખીણમાં પડ્યા. બીજા કેટલાકને વાગ્યું, પરંતુ ખીણમાં પડતાં તેઓ બચી ગયા. પેયર પોતે પણ પડતાંપડતાં બચી ગયો.

પણ નીચે પડેલા માણસને અને કૂતરાઓને બચાવી લેવા કેવી રીતે? દોરડું હતું, પરંતુ તે તો છ માઈલ પર તાણેલા તંબૂમાં હતું! એ લેવા કોણ જાય અને ક્યારે આવે? એ આવે એટલી વારમાં તો નીચે પડેલાં હિમમાં ઠરીને મૃત્યુ જ પામે. છતાં આ સંજોગોમાં ઓછામાં ઓછા સમયમાં દોરડું લઇ અવાય અને ત્યાં સુધી ખીણમાં પડેલા જીવતા હોય તો જ એ બચે એમ હતું. એટલે દોરડું લઈ આવવાનું કામ પેયરે પોતે માથે લીધું. આ અસહ્ય ઠંડીમાં રક્ષણ મેળવવા માટે એણે જાડાંજાડાં જે કપડાં પહેર્યાં હતાં એ પહેરીને ચાલવામાં વધારે સમય લાગે, એટલે એણે એ બધાં કપડાં કાઢી નાખ્યાં ને પોચાપોચા

બરફમાં એ શકય તેટલી ઝડપ વધારી, લગભગ દોડીને સાડાચાર કલાકે દોરડું લઇને પાછો આવ્યો અને પોતાના સાથીદારને અને ત્રણે કૂતરાઓને મૃત્યુના મુખમાંથી સમયસર બચાવી લીધા.

પેયર પોતાની ટુકડી સાથે ઉત્તર તરફ ૮૧°૫૧' અક્ષાંશ સુધી ગયો. આ ટાપુની ઉત્તર તરફની એ છેલ્લી હદ હતી. ત્યાંથી ઉત્તર તરફ આગળ દરિયો પથરાએલો હતો. અહીં એક ઊંચી ટેકરી પર ચડી પેયરે આસપાસના પ્રદેશનું અવલોકન કર્યું અને માહિતી ટપકાવી લીધી તથા નકશો તૈયાર કર્યો. વળી ઉત્તર તરફના સમુદ્રમાં દૂરદૂર બીજા બે ટાપુઓ પેયરે જોયા. પણ અહીંથી જ તે બંનેનાં નામ પાડી એણે પોતાના નકશામાં તે નોંધી લઈ સંતોષ માન્યો; કારણકે સમુદ્રની સપાટી પરનો બરફ હવે નરમ પડી ગયો હોવાથી દૂરથી દેખાતા એ ટાપુ સુધી પહોંચવામાં જોખમ હતું. (વર્ષો પછી, પેયરે નોંધેલા આ બે ટાપુ શોધવા સાહસિકોએ ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ હજુ સુધી કોઈ ટાપુ ત્યાં જોવામાં આવ્યા નથી. એટલે સમુદ્રમાં બરફના ખડકો દૂરથી જોવાને લીધે એ ટાપુ હોવાનો પેયરને ભ્રમ થયો હશે એમ મનાય છે.)


આ બધાંમાં પેયર વહાણથી ૧૬૫ માઈલ દૂર નીકળી ગયો હતો. હવે ઉનાળાની શરૂઆત થઈ ગઈ હતી એટલે તેઓ પાછા ફર્યા. રસ્તામાં કેટલીક ખાડીઓ, નદીઓ વગેરેનો બરફ ઓગળી ગયો હતો ને કયાંક તે નરમ પડયો હતો. આવી જગ્યાઓ ઓળંગવામાં તેમને ખૂબ સાવચેતી રાખવી પડતી હતી. રસ્તામાંથી તેમણે પોતાના પેલા બે થાકેલા સાથીદારોને લઈ લીધા. તેમને હવે પૂરતો આરામ મળી ગયો હતો.

જેવા તેઓ વહાણની દિશામાં આવી રહ્યા કે અચાનક તેમને ઘૂઘવતો અવાજ સંભળાયો. થોડું આગળ ચાલતાં તેમણે જોયું કે સમુદ્રનો બરફ ઘણોખરો ઓગળી ગયો હતો અને કેટલીક જગ્યાએ મોજાં ઊછળી રહ્યાં હતાં. જ્યાં પહેલાં બરફને કારણે નીરવ શાંતિ હતી ત્યાં હવે સમુદ્ર ઘૂઘવી રહ્યો હતો. પહેલાં જે હિમખંડો અને હિમપર્વતો સમુદ્રની સપાટીના થીજી ગએલા બરફ સાથે સ્થિર થઇ ગયા હતા તે હવે સમુદ્રમાં તરવા લાગ્યા હતા. તેમને તો વહાણ સુધી પહોંચવામાં આ એક મોટું વિઘ્ન હતું; કારણ કે તેઓ સમુદ્રની સપાટી પરના બરફ પર ચાલીને આવ્યા હતા. તેમની પાસે હોડી હતી નહિ, અને પંચાવન માઈલનું અંતર હજુ કાપવાનું હતું! આથી તેઓ ખૂબ મૂંઝવણમાં પડયા. કઈ દિશા હવે લેવી અને કઈ દિશામાં સમુદ્રની સપાટીનો બરફ હજુ નક્કર અને અખંડિત હશે તેની તેમને ખબર નહોતી. પરંતુ પેયરે પોતાના સાથીદારોને હિંમત આપી અને વહાણની દિશામાં શકય તેટલું આગળ વધવાનું તેમણે ધ્યેય રાખ્યું. હવે તેઓને એક હિમખંડ પરથી બીજા હિમખંડ પર જ આગળ જવાનું હતું. એટલે સીધી દિશામાં ચાલવાને બદલે આડુંઅવળું બહુ ચાલવું પડતું. કેટલીક વાર તો બે હિમખંડો તરતાતરતા એકબીજાની નજીક આવે ત્યાં સુધી એક હિમખંડ પર તેમને બેસી રહેવું પડતું. પરંતુ જેમજેમ તેઓ આગળ જતા ગયા તેમતેમ આવા હિમખંડો વધારે આવતા ગયા અને એ રીતે થોડાક દિવસમાં તેઓ 'ટેગેથૉફ' પર આવી પહોંચ્યા.

આ રીતે પેયરે જેમ ટાપુઓ પર પ્રવાસ કર્યો તેમ બીજી બાજુ વેપ્રેચે સમુદ્રમાં પણ ઘણે દૂર સુધીનો પ્રવાસ કર્યો હતો. આમ બંનેની ટુકડીઓએ મળીને આ તદ્દન નવા અને અજાણ્યા ટાપુ અને એની આસપાસના સમુદ્રમાં સેંકડો માઈલની મોજણી કરી લીધી.

ઉનાળો શરૂ થઇ ગયો હતો એટલે સમયનો વ્યય કરવાનું હવે બિલકુલ પાલવે તેમ નહોતું. જોકે સમુદ્રમાં હજુ બરફ હતો ને 'ટેગેથૉફ' પણ હજુ બરફમાં સપડાએલું જ પડયું હતું. પણ હવે બરફમાંથી એ મુક્ત થાય ત્યાં સુધી બેસી રહેવાય તેમ નહોતું—ને મુક્ત થશે કે કેમ તેની યે પૂરી આશા નહોતી. વળી મુક્ત થાય તોપણ આવડું મોટું વહાણ બરફવાળા સમુદ્રમાં હંકારીને પાછા જવું ઘણું અઘરું હતું. એટલે તેમણે વીસ ફૂટ લાંબી એવી ત્રણ હોડીઓ બનાવી લીધી ને નોવાયા ઝેમલ્યા સુધી ચાલે તેટલો સામાન અને ખાધાખોરાકી સાથે લઈ લીધી. મેની ૨૦મી તારીખે તેમણે પોતાના પ્યારા વહાણ 'ટેગેથૉફ' અને ફ્રાન્સ જોસફ લૅન્ડની વિદાય લીધી.

ખુલ્લા દરિયા સુધી પહોંચતાં પહેલાં બરફમાં હજી કેટલાક માઈલ ચાલવાનું હતું. બરફ હવે એટલો પોચો પડી ગયો હતો કે ઘૂંટણ સુધી તેમાં પગ ઘૂસી જતા. એવા બરફમાં ચાલવાનું અને સાથે બરફગાડી પર હોડી અને સામાન ખેંચવાનાં, એનો શ્રમ એટલો બધો હતો અને ગતિ એટલી મંદ રહેતી હતી કે આઠ દિવસ સુધી તેઓ આવા બરફમાં સતત ચાલ્યા ત્યારે ફક્ત પાંચ માઈલનું જ અંતર કપાયું હતું. આથી તેમને લાગ્યું કે આટલી બધી શક્તિ અને આટલો સમય ખર્ચતાં જો આટલું જ અંતર કપાયું હોય તો એના કરતાં બરફ હજુ થોડો વધુ ઓગળે ત્યાં સુધી રાહ જોવી સારી. એથી તેમણે ત્રણેક અઠવાડિયાં બરફ પર હોડીમાં જ બેસી રહી આરામ કર્યો પરંતુ આટલા સમયમાં ખાસ કંઈ બરફ ઓગળ્યો નહિ એટલે બેસીને સમય વેડફી નાખવા કરતાં જેટલું અંતર કપાય તેટલું કાપવું એવો વિચાર તેમણે કર્યો. આ રીતે થોડો વખત આરામ કરતા અને થોડો વખત અંતર કાપતા, અને કયાંક પાએક માઇલ પાણી આવે તો તેમાં હોડીઓ હંકારતા અને ફરી પાછા બરફમાં હોડીઓ ખેંચતા તેઓ આગળ વધી રહ્યા હતા. પરંતુ એકંદરે કામ કરતાં આરામના દિવસો વધારે પસાર થતા હતા. હોડીમાં તંબૂ વડે છત જેવું બનાવી તેમાં રહેતા. ઘણોખરો સામાન તો 'ટેગેથૉફ'માં છોડી દીધો હતો એટલે બીજી કંઈ સગવડ કે સાધન નહોતાં. જેની પાસે છાપાનો ટુકડો હોય કે થોડી તંબાકુ હોય કે બે જોડ મોજાં વધારે હોય તે પોતાને સૌથી વધુ સુખી માનતો. જે માણસ આવા સંજોગોમાં વધુમાં વધુ ઊંઘી શકતો તે પણ સૌથી વધુ સુખી મનાતો. હોડીઓમાં બીજી કંઇ જ પ્રવૃત્તિ નહોતી તેથી નિષ્ક્રિયતાને કારણે તેઓ ફરી પાછા તદ્દન કંટાળી ગયા



હતા ને માત્ર બગાસાં ખાધા કરતા હતા. સમય પસાર થતો જતો હતો ને તે સાથે કીમતી ખોરાક વપરાતો જતો હતો. એ બેમાંથી કોઇને અટકાવવાની તેમની પાસે શક્તિ નહોતી. આ રીતે બે મહિનામાં તેઓ 'ટગેથૉફ'થી ફક્ત આઠ જ માઈલ દૂર જઈ શકયા હતા.

એમ કરતાં ઑગસ્ટ મહિનો આવ્યો. સૂર્ય પ્રકાશવા લાગ્યો. ક્દીક ક્દીક વરસાદ પણ પડવા લાગ્યો. કયાંક કયાંક બરફ વચ્ચે હોડી પસાર થઈ શકે એટલો માર્ગ મળતો અને એ રીતે તેઓ તદ્દન બરફ રહિત સમુદ્રની નજીક જવા લાગ્યા હતા. દૂરથી તેઓ એ સમુદ્ર જોઈ શકતા હતા. પરંતુ ફરી વચ્ચે બરફનો એક મોટો પટ આવ્યો, જેથી તેમની ગતિ એકદમ રુંધાઈ ગઈ. એ બરફ તેમનું વજન ઝીલી શકે એટલો નક્કર નહોતો, કે કુહાડી વડે તોડી હોડી માટે માર્ગ કરી શકાય એટલો પોચો નહોતો; એટલે એ બરફ ઓગળે અને હોડી માટે માર્ગ થાય ત્યાં સુધી ફરી તેમને બેસી રહેવાનું જ આવ્યું! આમ દસેક દિવસ તેઓ નિષ્ક્રિય બની હોડીમાં બેસી રહ્યા. ત્યાર પછી અચાનક બરફના એ પટમાં એક એવી મોટી લાંબી ચિરાડ પડી કે જેમાંથી બરાબર હોડી જેટલો માર્ગ થઇ શકે એમ હતો, અને એ ચિરાડ ઠેઠ બરફરહિત સમુદ્ર સુધી પડેલી હતી. આથી જેટલો માર્ગ બરફ પર કાપવામાં દિવસો લાગે એવો હતો તેટલો માર્ગ એ સાંકડી નહેરમાંથી તેમણે થોડા કલાકમાં જ કાપ્યો.

હવે તેઓ બરફરહિત સમુદ્રમાં પ્રવેશ્યા હતા. ઉનાળાના અમુક થોડા દિવસ જ આ સમુદ્રનો બધો બરફ ઓગળીને પાણી થઈ જતો હતો અને હવામાન બદલાતાં ફરી પાછો હિમખંડોમાં એ રૂપાંતરિત થઇ જતો. આમ થાય તે પહેલાં આ સમુદ્ર તેઓ પાર કરે તો જ તેઓ સહીસલામત ઘરે પહોંચી શકે એમ હતાં. એટલે હવે તેમણે રાત ને દિવસ હલેસાં ચાલુ જ રાખ્યાં. અનુકૂળ પવન નીકળતો ત્યારે સઢની મદદથી તેઓ વધારે ઝડપથી અંતર કાપી શકતા. આમ, લગભગ સવા બસો માઈલનું અંતર કાપી તેઓ સહીસલામત નોવાયા ઝેમલ્યાના ઉત્તર કિનારે આવી પહોંચ્યા. અહીં કોઈ વેપારી કે માછીમારનું વહાણ મળી જશે એવી આશાએ તેઓ થોડા દિવસ બેસી રહ્યા. પરંતુ કોઇ વહાણ ન દેખાતાં તેઓ નોવાયાની દક્ષિણે પહોંચ્યા. ત્યાં ઈ.સ. ૧૮૭૪ના ઑગસ્ટની ૨૪મી તારીખે, માછલીઓ પકડવા માટે નીકળેલા એક રશિયન વહાણે તેમને બેસાડી લીધા, એટલે તેઓ સહીસલામત પોતાને વતન પહોંચી ગયા.

આ સફરમાં થએલું 'ટગેથૉફ'નું સ્વયંસંચાલન ખરેખર આશ્ચર્યજનક છે. જે કુદરત વેપ્રેચ અને પેયરને શરૂઆતમાં અત્યંત ક્રૂર લાગતી હતી એ જ કુદરતે તેમને વગર મહેનતે એક નવા પ્રદેશની શોધ કરાવી આપી. તેઓ વહાણમાં બગાસાં ખાતા બેસી રહ્યા હતા એ દરમ્યાન સમુદ્રનો બરફ તેમના વહાણને મંદ ગતિએ ઘસડી જઇને એક નવા ટાપુના કિનારે પહોંચાડી રહ્યો હતો.

ડૉ. પીટરમૅનનો સિદ્ધાન્ત સાચો કે નહિ તે તો તેઓ શોધી ન શકયા, પણ એની પ્રેરણાએ ધ્રુવપ્રદેશમાં એક નવો ટાપુ અનાયાસે શોધવાનો યશ તેમને અપાવ્યો.

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૫૧થી

રસ્તાનો એક ગાળો આવ્યો એટલે પેલા ચારમાંથી બે જણ આગળ થયા. ગાડાવાળાએ સામું જોર બતાવી બળદિયાને ડચકાર્યા, ત્યાં તો એક જણાએ ઉપર ચડી એક અડબોથ લગાવી તેને નીચો ધકેલ્યો: 'છાનોમાનો આઘો ઊભો રહે.' બીજાએ બળદોને ઊભા રાખી દીધા ને કહ્યું, 'કોણ છે અંદર? બહાર આવી જાઓ'. ચારે બૈરાં બહાર આવ્યાં. 'જે પાસે હોય તે ઉતારી આપો, નહિ તો જોરજુલમ કરવો પડશે.'


'ભાઈ! હું તો બ્રાહ્મણ છું. મારી પાસે કંઈ નથી. હાથ ઉપર સાદી ચૂડીઓ છે અને ગળામાં આટલી માદરડી છે' કહેતાં ઊજમબા ઊભાં રહ્યાં. તેમની પાસે બીજું કંઈ નથી તેવી ખાતરી કરી કહ્યું, 'એક કોરે ઊભાં રહો.' પેલી સોનારણે કરગરવા લાગી: 'એ ભાઈ! ભલા થઈ જવા દો. તમારે પગે પડીએ છીએ.' પેલો બોલ્યો: 'એ કાંઈ નહિ ચાલે, ઝટ કરો, નહિ તો મારપીટ થાય ઈ ઠીક નહિ?' રોતાંરોતાં સોનારણેએ ઘરેણાં ઉતારી આપ્યાં. ઠીક માલ મળી ગયો જાણી પેલાઓએ ગાડામાં કંઈ વધુ ખાંખાંખોળા કર્યાં નહિ અને છેવટે ગાડાવાળાને પડકાર્યો: 'જા, ગાડું લઇને હાલવા માંડ. જરા યે ગોકીરો કર્યો છે તો વલે થાશે.' એમ કહી બળદોને ડાંગ મારી તગડાવી મૂકયા.

ગાડું તળાજા ગામે પહોંચ્યું અને હવાલદાર આગળ ફરિયાદ કરી. પણ અદ્ધર પંથે કોણ દાદ આપે? સોનારણોનું બધું ગયું. ઊજમબાએ ધર્મશાળામાં પહોંચતાં ગાડામાંથી પોતાના બધા દાગીના સંભાળીને કાઢી પહેરી લીધા. સોનારણો તો ચકિત થઈ ગઈ. પૂછે: 'અરે, અમને કેમ ન સુઝાડયું?' ઊજમબાએ કહ્યું, 'બેનો, સુઝાડયું તો બહુ હતું, પણ તમે કંઈ સમજી નહિ તે તમારું કરમ.'

આવી આવી હાડમારીઓ અને ચિંતા ઉપરાંત મહુવાની ભેજવાળી હવામાં કોઈની તબિયત સારી રહેતી નહોતી, એટલે મહાશંકર રાવળે ખાતા પાસે બદલીની માગણી કરી અને પરિણામે ઈ. ૧૮૯૨ ના નવેમ્બરમાં પોરબંદરના હેડ સિગ્નલર તરીકે તેમની બદલી થઈ. એ વખતે પોરબંદર સુધી રેલવે થઈ ગઈ હતી એટલે ભાવનગર જવુંઆવવું સુગમ બન્યું હતું.

મારો જન્મ

દરમિયાન ઈ. ૧૮૯૨ના ઑગસ્ટની પહેલી તારીખે ભાવનગરના શેરડીપીઠના ડહેલામાં બાપદાદાના અસલ મકાનમાં મારી જન્મકુંડળી



રવિશંકર મ. રાવળની ગ્રહકુંડળી, સં. ૧૯૪૮ શાકે ૧૮૧૪ના શ્રાવણ સુદ ૮, ઘટિ ૨૬, પલ ૨૩, પરમ નવમી, વાર ચંદવાસર, સ્વાતિ, ઘટિ ૨૫.૨, પરમ વિશાખા નક્ષત્રે જન્મ, સૂર્ય ૩.૧૭ ૨૬ ઈષ્ટ ઘટિ ૪૪-૨૫, ભા. ૦ ૧૭ જન્મલગ્ન.

પછી. કુટુંબનો હું બીજો બાળક. મારા મોટા ભાઇ રતિલાલ મારાથી પાચ વર્ષ આગળ હતા. એ વખતે ઘરમાં છગનદાદા, દાદીમા ઝવલબા, મારા કાકા હરિલાલ–મારા પિતાશ્રીના એક જ ભાઈ, જેકોરફોઇ (બે ભાઈ વચ્ચે એક જ બહેન) અને કાકી મણિ વહુ એટલાં જણ હતાં. આખું કુટુંબ ભેગું જ રહેતું. ઘરનો ખર્ચ ભાલનાં ખેતરોની થોડી આવકમાથી અને મહાશંકર રાવળ પગારમાંથી અરધી રકમ બચાવી મોકલતા તે પર ચાલતો. માસિક રૂ. ૧૫નો પગાર હતો ત્યારે પણ ૭ રૂપિયા ઘેર મોકલતા અને ૮ રૂપિયા પોતે રાખતા. તેમાંથી યે ફઈબા ૧ રૂપિયો બચાવી વર્ષે ગદિયાણો સોનું લેતાં. મારા જન્મ પછીના શરૂઆતનાં બે વર્ષોનાં પાત્રોનાં મોં સ્મૃતિમાં આવતાં નથી, પણ પહેલા વર્ષમાં બનેલી વીંતક માતુશ્રી ઊજમબાએ કહેલી તે યાદ રાખી છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

માહ ૧૯૯૩ અંક ૧૫૮



ત્યારે અશોક હર્ષે તારવી આપેલા 'નાણાં' ની અજબ કથાનો સારભાગ :

"આજે આપણે કોઇ પણ જણસની કીમત બહુ જ સહેલાઈથી મૂકી શકીએ છીએ; સોય અને સાવરણીથી માંડી મોટર કે મહેલાતો સુધીની વસ્તુઓ માટે પણ આપણે અંદેશા વગર કહી નાખીએ કે તેની અમુક કીમત થશે. પણ એક વખત એવો હતો જ્યારે નાણાંનો કૈં ઉપયોગ ન હતો. માણસો પોતાને જોઇતી ચીજો જાતે જ પેદા કરી લેતા; જાતે ન બની શકે કે ન મેળવી શકાય તેવી બહુ જરૂરની ચીજો પરસ્પરના સહકારથી સાધી લેતા; અને આ સહકારને તેઓ ઈશ્વરની સેવા અને સમાજના શ્રેય તરીકે ગણતા.

પણ જેમજેમ માણસ 'સુધરતો' ગયો તેમ તેમ તેને અમુક વસ્તુઓની જરૂર તો કાયમ રહેતી ગઈ; ને ઘણી વખત પરસ્પર અદલોબદલો કે સહકાર ઈચ્છતા માણસને સામે એવો બીજો શોધતાં મુશ્કેલી પડતી ગઈ. જરૂરતોનું ક્ષેત્ર જેમ વિસ્તર્યું તેમ એ મુશ્કેલીઓ પણ વધી. આથી અંતે માણસે વિચાર્યું કે એક એવું ધોરણ નક્કી કરવું કે જે સૌને રુચે, જેની કીમતમાં ફેરફાર ન થાય ને જે બધા પ્રકારના માલ માટે બદલામાં આપી શકાય.

દુનિયા આખી ત્યારે પ્રાથમિક અવસ્થામાં જ જીવતી. એટલે એ વેળાના માણસે તો કોડીઓ, સૂકવેલી માછલીઓ, સોયો ને ચામડાની ખાલો જેવી ચીજો આ મુશ્કેલીના તોડ રૂપે શોધી કાઢી, જે હજી આજ પણ સંસ્કૃતિથી અસ્પૃષ્ટ રહેલા કેટલાક લોકોમાં ચાલુ છે.

એથી કંઈક વિકસિત બનેલી જાતોએ એ માટે ઢોર અને પાછળથી ગુલામોનો ઉપયોગ કરવા માંડચો; પણ છેવટે સૌથી સંસ્કૃત જાતે ધાતુનાં નાણાંની શોધ હાથ કરી. ધાતુને ચાહે તે આકારમાં કાપી શકાય છે ને તેના પર ગમે તેવી છાપ મારી શકાય છે એ તેના જાણવામાં આવ્યું ને તેણે અખતરારૂપે એ અમલમાં મૂક્યું. કહેવાની જરૂર નથી કે પ્રાથમિક દશામાંથી બહાર આવી પોતાની સૌ પ્રથમ સંસ્કૃતિ ફેલાવનાર એ જાતિ તે આર્ય જાતિ હતી. જીવનનું વહેણ સમધારું રાખવા વિનિમયનો આખો પ્રકાર તેણે ફલટાવી નાખ્યો. નવાઈ જેવું તો એ છે કે તેણે સૌ પ્રથમ જે ધાતુ વિનિમય માટે વાપરવાની શરૂઆત કરી હતી એ સોનું હતું. જુદીજુદી કીમત અંકિત કરેલા સિક્કા તેણે જ માનવઇતિહાસમાં પહેલા પાડચા. ઋગ્વેદના સમયમાં એ સિક્કાઓ માટેના 'નિષ્ક', 'રજત' 'હિરણ્ય' વગેરે શબ્દો મળી આવે છે. મહાભારત અને મનુના જમાના સુધી તો ભારતવર્ષમાં એકલા સોનાના સિક્કાઓનું જ ચલણ રહેલું.

નાણાં વગરની મહાન સંસ્કૃતિ તે પેરૂમાંની ઈંકા સંસ્કૃતિ. ત્યાં કોઈ જાતનું ચલણ જ ન હતું ને સોના તથા ચાંદીનો ઉપયોગ માત્ર મંદિરોની શોભા ખાતર હોવાનું જ મનાતું. એમને મન એ દેવભોજ્ય ધાતુનો બીજો કશો ઉપયોગ જ ન હતો. ઈંકા લોકો રાજ્યને કર પણ ધાન્યમાં જ આપતા. ગામડે ગામડે તે માટે કોઠાર રહેતા, જે લશ્કરને તેમજ દુકાળ વખતે પાછા આમવર્ગને કામ લાગતા.

ગ્રીકોને યે સિક્કાઓનું પહેલવહેલું જ્ઞાન તો ભારતવર્ષ મારફત જ મળ્યું. એશિયા માઇનોરના ગ્રીકોએ ઈ. પૂ. ૬૦૦માં પહેલવહેલા સિક્કા પાડચા, પણ તે મિશ્રધાતુઓના જ. ખરેખરા સોનાના સિક્કાઓનું ચલણ તો પાછળથી ક્રોસિયસે ચાલુ કરેલું. સિકંદરના જમાના સુધીમાં હિંદમાં સોના સાથે ચાંદી ને ત્રાંબાના સિક્કા પડવા લાગ્યા હતા. ત્યારે ગ્રીકો અને રોમનો પાસેથી સિક્કા પર રાજાનું મહોરું પાડવાનું હિંદે અપનાવ્યું.

પ્રાચીન હિંદી સિક્કા બૅક્ટ્રિયા કે સાયરેક્યુઝ જેવા, કારીગરીમાં આગળપડતા ન હતા. તેનું કારણ ભારતીય કારીગરો બીબાં પાડવાની કળા પ્રત્યે આકર્ષાયા ન હોવાનું હોઈ શકે. બાકી સિક્કાનું શાસ્ત્ર તો તેમણે પૂર્ણપણે વિકસાવેલું. ચંદ્રગુપ્તના પ્રધાન ચાણાક્ય કૌટિલ્યે સિક્કાનું બહુ વિસ્તૃત વર્ણન લખ્યું છે. કેવી જાતના એ બનાવવા, કયાં મિશ્રણોથી બનાવવા, કઇ રીતે તેમને વિનિમયનું માધ્યમ બનાવવું વગેરે તેના અર્થશાસ્ત્રમાંથી મળી આવે છે. તેના જમાનામાં સિક્કા આ હતા; પણ અર્દ્ધપણ, ચતુર્થપણ, અષ્ટપણ, માશક, અર્દ્ધમાશક. કાકની અને અર્દ્ધકાકની. ગુપ્તકાળ સુધી હિંદમાં સોનાનું ચલણ સવિશેષ હતું. તેનું કારણ એ છે કે ભારતમાં સોનાનો કોઈ કાળે દુકાળ નહોતો. વેદના સમયથી જ સોનાનાણું કાયદેસર ગ્રાહ્ય નાણું(લીગલ ટેન્ડર) તરીકે ચાલતું આવ્યું હતું, જેનો ઠેઠ અંગ્રેજોના આગમનકાળે અંત આવ્યો.

મિસરવાસીઓ પણ પાછળથી વિનિમયની ભૂમિકાથી ઊંચા આવ્યા ને દિનકા તથા શિલુકની કોદાળી ઘાટની ધાતુઓની લગડીઓ વાપરવાનું શરૂ કર્યું. સિક્કાઓનું ચલણ તો ત્યાં મિસરી સામ્રાજ્ય ભાંગી ગયા પછી ઠેઠ સુલેમાનના વખતમાં ચાલુ થએલું.

અમેરિકાના ઇંડિયનો તો, સોનું ત્યાં પુષ્કળ પ્રમાણમાં હોવા છતાં, નાણાં તરીકે તો શંખલાં-છીપલાંનો જ ઉપયોગ કરતા, જે હજુ મૅલેનેશિયા ને આફ્રિકામાં સહરાથી માંડી બેનિનના ઉપસાગર સુધી ચાલુ છે.

સિક્કા માટેની યુરોપની શોધ મૌલિક નથી. અરબોએ એ કલા બાયઝેન્ટિયનો પાસેથી શીખી. તેમના દિનાર, દિરહમ ને ફાલુસ એ બાયઝેન્ટાઈનના જ મૂળના છે. પોતાના વિજયકાળ દરમ્યાન તેમણે સ્પેઇન અને સિસિલીમાં એમનું ચલણ ચાલુ કર્યું. ફ્રાન્સના પેપિન ધી શૉર્ટે તે ફ્રાન્સમાં દાખલ કર્યા ને ઈટલીએ પણ સિસિલી મારફત તેનું અનુકરણ કર્યું. ઈટલીમાં તો ઘણાં વર્ષ સુધી સિક્કાની પીઠે અરબી લખાણ ચાલું રહેલું.

નાણાંના ઇતિહાસમાં ચીનના પ્રસિદ્ધ કુબલાઈ ખાને ઈ. ૧૨૬૦થી '૬૩ના ગાળામાં ચીનાઈ કાગળની નોટો ચલણ તરીકે ચાલુ કરેલી જે ઈતિહાસનું પહેલું કાગળ નાણું હતું. માર્કોપોલો ને પૅથિયરે પોતાની મુસાફરીઓમાં તેમની નોંધ લીધેલી છે. વિખ્યાત મૂર જગતસફરી ઈબ્ન બતૂતાહની ચીનની મુસાફરી વખતે પણ ચીનમાં કાગળ અને ચામડાનું ચલણ ચાલુ હતું. તેણે લખેલું છે કે, 'ચીનનો શહેનશાહ કાગળ કે ચામડા સિવાય બીજું નાણું બહાર પાડતો જ નથી; અને જ્યારે તે ઘસાઈ જાય છે ત્યારે લોકો રાજ્યની ત્રીજોરીમાંથી બદલાવી નવું લાવે છે.'

ચીનનું સૌપહેલું નાણું તો જુદું જ હતું. તેનો એક સિક્કો ખમીસના આકાર જેવો હતો જે 'પુ' કહેવાતો. બીજો છરીના આકારનો જ હતો, જે 'તાઓ' કહેવાતો. એમાં વિકાસ થતાં છેવટે છરીનું પાનું ઊડી જઈ ગોળ હાથો જ ચલણમાં વપરાવા લાગ્યો. ત્યારપછી કલઈ, સીસું, લોઢું અને પકવેલી માટી સિક્કા માટે ચીનમાં વપરાવા લાગી હતી, ને એ પ્રકાર નવો ન હતો. હિંદમાં આંધ્ર રાજાઓએ સીસું જ સિક્કામાં વાપરેલું. ઇ. પૂ. ત્રીજી સદીમાં બૅક્ટ્રિયામાં નિકલનો જ પ્રચાર હતો. અરે, ચાલુ જમાનામાં યે પ્રથમ મહાયુદ્ધ

૬૯ ('કુમાર' અંક ૪૫૮)

વહેલાં બ્રિટને પૂર્વ આફ્રિકામાં ઍલ્યુમિનિયમના સિક્કા ચલાવેલા ને યુદ્ધ વખતે જર્મનીએ લોઢાના સિક્કા પાડેલા.

હિંદ પાછળથી મુસ્લિમોના હાથે જઈ પડ્યું એટલે તેમણે જૂના સિક્કાને બદલે પોતાના જ સિક્કા ચાલુ કર્યા. ઘોરી રાજાઓએ ૧૭૮ ગ્રેનના સોના ને રૂપાના, એક બાજુ કલમા ને બીજી બાજુ મહોરવાળા 'તનકા' નામના સિક્કા ચાલુ કર્યા. ઈબ્ન બતૂતાહ હિંદ આવ્યો ત્યારે દિલ્હીની ગાદીએ મહમદ તઘલખ હતો. તેણે દીનાર ને દિરહમનું ચલણ કાઢી નાખી નવા જ સિક્કા બહાર પાડ્યા હતા. તેનું કોષ્ટક આ પ્રમાણે હતું:

૪ દમડી=૧ કાની અથવા જિતલ
૨ કાની=૧ સુલતાની
૩ સુલતાની=૧ શશકાની
૬૪ કાની=૧ તનકા.

શેરશાહ સૂરીએ દિલ્હીની ગાદી મેળવી ત્યારે તેણે મહમદ તઘલખના વખતથી બંધ પડેલું રૂપાનું ચલણ ફરી ચાલુ કર્યું અને વિનિમયના સાધન તરીકે પહેલવહેલો જ એ સિક્કો હિંદમાં ચાલુ થયો. એ સિક્કો તે રૂપિયો, જે આજ સુધી એ નામે ચાલુ રહ્યો છે. તે પહેલવહેલો ઇ. ૧૫૪૨માં બહાર પડ્યો; અને પછી અકબરે તો સિક્કા તરફ ખાસ લક્ષ આપ્યું. આગ્રા, અમદાવાદ, કરાચી અને બંગાળમાં તેણે સોના અને ચાંદીના સિક્કા માટે ચૌદ સ્થળોએ તથા ત્રાંબાના સિક્કા માટે અઠ્ઠાવીસ સ્થળોએ જુદીજુદી ટંકશાળો ઊભી કરેલી. તે વખતના કેટલાક સિક્કાનાં નામ આ રહ્યાં; શહેનશાહી મહોર, રાહ, આતમાહ, બિનસાત, ચારગોશા, ધ્રુગલ, ઈલાહી, આફતાબી, લાલજલાલી, અધેલો, પોવો, દમડી વગેરે. મુઘલ સામ્રાજ્યના પતનકાળે હિંદમાં ઊભાં થએલાં જુદાંજુદાં સ્વતંત્ર રાજ્યોએ પોતપોતાના સિક્કા ચાલુ કર્યા.

અમેરિકામાં યુરોપિયનોએ જમાવેલો અડ્ડો સ્થિરતા પકડતો હતો ત્યારે વિનિમયના સુતરા સાધન તરીકે ત્યાં તમાકુનું માધ્યમ સ્વીકારાએલું—આબીસીનિયાના મીઠાની લગડીઓના ચલણ માફક. કૅરોલિનામાં 'ફઇ' નામના ગોળ પથ્થરનો ઉપયોગ ચાલુ થએલો, પણ તમાકુનું વલણ સવિશેષ અને લોકપ્રિય હતું. અમેરિકામાં તમાકુની લોકપ્રિયતા એટલા ઉપરથી જ સમજી શકાશે કે તેની પહેલવહેલી પાડેલી નોટ ઉપર પણ તમાકુના પાંદડાની છાપ પાડવામાં આવેલી.

પણ તમાકુનું આ ચલણ કૅનૅડાના ચલણ કરતાં તો બેશક સારું કહી શકાય. ઇ. ૧૬૮૫



જગતના ચિત્ર વિચિત્ર સિક્કા (૧) પ્રાચીન ગ્રીક સિક્કો. (૨) વલંદાઓએ ઇ:સ. ૧૮૦૦માં જાવામાં ત્રાંબાની પાટીમાંથી કાપીને બનાવેલો સિક્કો. (૩) રૂપાના સળિયાને ટીપી તથા વાળીને કરેલો સિયામનો પુરાતન સિક્કો. (૪) રૂપાના તારનો હિંદુસ્તાનનો જૂનો સિક્કો. (૫) ત્રાંબાના તારમાંથી બનાવેલો સિક્કો. (૬) ૧૫૭૩માં સ્પૅનિશ લોકોએ હરમેલને ઘેરો ઘાલ્યો ત્યારે છાપેલો સિક્કો. (૭) ૧૭૦૨ના લૅન્ડોના ઘેરા વખતે રૂપાની રકાબી કાપીને બનાવેલો સિક્કો–જેમાં રકાબીની કિનારી પણ દેખાય છે. (૮) શક સમયનો પ્રાચીન હિંદનો સિક્કો. (૯) અકબરનો ચોરસ રૂપિયો. (૧૦) સ્વિટ્ઝર્લૅન્ડનો પુરાણો બ્રેકટ્રીએટ સિક્કો. (૧૧) સોનાની શોધ સમયનો કૅલિફૉર્નિયાનો સિક્કો. (૧૨) (૧૩) (૧૪) આજના નિકલના બ્રિટિશ સિક્કાઓ. (૧૫) સિયામની ઉત્તરે લેઓ સ્ટેટમાંનો હોડી ઘાટનો સિક્કો. (૧૬) અકબરની 'મીહરાબી' મહોર. (૧૭) પેહાંગનો ટોપી ઘાટનો સિક્કો. (૧૮) કેડાનો લંબગોળ સિક્કો. (૧૯) કેડાનો પંખી જેવો વિચિત્ર સિક્કો. (૨૦) ઇટલીનો ત્રાંબાનો લંબગોળ સિક્કો. (૨૧) એજીનાનો એક પુરાતન કદરૂપો ગ્રીક સિક્કો. (૨૨) મધ્યકાળમાં અમેરિકામાં પાડવામાં આવતા તરેહવાર સિક્કાઓમાંનો એક. (૨૩) (૨૪) ૧૭મી સદીના બેડોળ મેકિસકન સિક્કા. (૨૫) વેસ્ટ ઇન્ડીઝના ટાપુઓમાં વપરાતું સ્પૅનિશ ડૉલરનું ચોથિયું. (૨૬) સેન્ટ લ્યુસિયા ટાપુનું પરચુરણ નાણું. (૨૭) (૨૮) ઇસ્વીસનની શરૂઆતના ચીનાઈ સિક્કા. (૨૯) 'શો' નામનો વિચિત્ર રૂપાનો સિક્કો. (૩૦) 'સીસી' નાગનો ચીનાઇ સિક્કો. (૩૧) આનામનો રૂપાનો સિક્કો. (૩૨) કોમોડોર પેરી જાપાનમાં ઊતર્યો ત્યારનો ત્યાંનો રૂપાનો સિક્કો. (૩૩) સ્પેનનો કાણાવાળો સિક્કો. એ કાણાના ગાળાના કકડાની કીમત બે સિક્કા જેટલી થાય છે! (૩૪) પ્રાચીન ચીનનો છરી ઘાટનો સિક્કો (૩૫) ચીનનો પ્રાચીન સિક્કો 'પસ'.

માં ફ્રાન્સથી આયાત કરેલા સિક્કાની ત્યાં તંગી પડી ને છાપખાનાની સગવડ ન હતી. કૅનૅડાનો ત્યારનો પ્રૉકૉન્સલ બહુ વિચિત્ર ભેજાનો હતો, ને તેણે તે માટે ઉપાય પણ વિચિત્ર જ શોધી કાઢ્યો: દેશમાંના બધા ગંજીપા તેણે એકઠા કરાવ્યા ને તેનાં પાનાં પર દરેક પાનાની જુદીજુદી કીમત ઠરાવતી પોતાના હાથની સહી કરી.

પરંતુ 'પૂર્વની રાણી' તરીકે ગણાતા હિંદુસ્તાનમાં તો નાણાંનો આવો દુકાળ ક્યારે યે નથી પડેલો. અંગ્રેજોના આગમન વખતે યે અહીં ૧૩૯ પ્રકારની સોનામહોરો, ૬૧ પ્રકારનાં સોનાનાં હોન (દક્ષિણ ભારતમાં વપરાતા સિક્કા–જે 'પેગોડા' પણ કહેવાતા) ૫૮૦ પ્રકારના ચાંદીના રૂપિયા અને ૨૧૪ પ્રકારના પરદેશી સિક્કા પ્રચલિત હતા;

ઈસ્ટ ઇંડિયા કંપનીએ હિંદનું બધું પ્રચલિત નાણું બંધ કરાવ્યું અને ૧૮૩૫ના ૧૭મા કાયદાથી એક તોલા (૧૮૦ ગ્રેન) ના રૂપિયાનું નાણું માધ્યમ તરીકે ચલણ ચાલુ કર્યું. છતાં પ્રજાનું મન સોનાનાણા તરફ ઢળેલું લાગતાં ૧૮૪૧માં તેણે જાહેર કર્યું કે ચલણમાં ન હોવા છતાં પંદર રૂપિયાની કીમતે ખજાનામાંથી કોઈને પણ સોનાની મહોર આપવામાં આવશે. પરંતુ ૧૮૫૨થી એ બંધ કરી દેવામાં આવ્યું આથી હિંદી રૂપિયાના વિદેશી હૂંડિયામણના દર તદ્દન અનિશ્ચિત બની ગયા.

આ હૂંડિયામણના મારમાંથી બચવા પાંચ હજાર યુરોપિયનો અને સાત હજાર હિંદીઓની સહીવાળું એક અરજપત્ર વિલાયત મોકલવામાં આવતાં ઠેઠ ૧૮૯૨માં આ બાબતની તપાસ કરવા હર્શેલ કમિશન નીમવામાં આવ્યું. તેના રીપોર્ટને અનુસરી ૧૮૯૩માં હિંદની બધી ટંકશાળો બંધ કરી દેવામાં આવી, પણ એથી તો રૂપિયાની કીમત કૃત્રિમ રીતે વધી ગઇ. ઈ. ૧૮૯૮માં હેન્રી ફાઉલરના પ્રમુખપણા નીચે ફરી એક કમિશન નીમવામાં આવ્યું. એણે તો ભારતને કપાળે સોવરીનને પ્રચલિત સિક્કા તરીકે ઠોકી બેસાડયો), એટલે હિંદ ઓલામાંથી નીકળી ચૂલામાં પડયું. રૂપિયાં વટાવી સોવરીનમાં ભરપાઈ કરવાથી હિંદને હૂંડિયામણની જતી અસહ્ય ખોટ તો કોઈ અર્થશાસ્ત્રી જ સમજાવી શકે.

નાણાંના માધ્યમ તરીકે ધાતુ સિવાય તો બીજું કંઈ ન ફાવે એ દેખીતું છે, કારણ કે તેને ગમે તેમ ઢાળી શકાય છે ને ચાહે તેવી છાપ તે પર ઉઠાડી શકાય છે. પણ એ ધાતુઓ યે અખતરાથી પર નથી રહી. સ્કૉટલૅંડે કલઇ ને લોઢું સુદ્ધાં અજમાવી જોયું હતું ને રશિયાએ

અત્યારે સિક્કા માટેની મુખ્ય ધાતુઓ રૂપું ને તાંબુ જ લેખાય, સોનું મુખ્ય ન લેખી શકાય. સોનાના સિક્કામાં ૨૨ ભાગ સોનું, રૂપાના સિક્કામાં અરધું રૂપું, અને તાંબાના સિક્કામાં ૯૫ ભાગ તાંબુ તથા બાકી મિશ્ર ધાતુઓ મેળવવામાં આવે છે.

ઘરગથુ ઔષધ .... ૨] લીમડો

લીમડો એ દેશી વૈદકનું એ ઉત્તમ ઓષધ છે. એના શાસ્ત્રીય અને ઘરગથુ પ્રયોગોનો પાર નથી. જેના સેવનથી પરિપૂર્ણ કલ્યાણ થાય છે એવા આ વૃક્ષવિશેષને સંસ્કૃતમાં પારિભદ્ર કહે છે. અમરકોશમાં 'સર્વતોભદ્ર' એવો પર્યાય પણ મળે છે. આયુર્વેદની દૃષ્ટિએ લીમડો રસમાં કડવો, વિપાકમાં તીખો, શીતવીર્ય, લઘુ ને પિત્ત, તથા કફ, કંડૂ (ચળ), કુષ્ઠ, રક્તવિકાર ને વ્રણનો નાશ કરનાર છે. અપક્વ વ્રણને તે પકવે છે ને પક્વ વ્રણની શુદ્ધિ કરે છે. તેનું તેલ રસમાં ને વિપાકમાં તીખું, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, લઘુ, સારક તથા વાત, પિત્ત. કફ, કૃમિ, કુષ્ઠ ને શિરોરોગનો નાશ કરે છે.

ડ્રેસિંગ તેલ

ચાંદાં, ચાંદી, ગડગૂમડ, ઘા અને સડતા ભાગો માટે લીમડો ઉત્તમ દવા છે. નીચે દર્શાવેલી વિધિથી ઓછા ખર્ચે કાયમ ઉપયોગમાં આવે તેવું ડ્રેસિંગ તેલ બનાવી શકાય છે. એક શેર તલનું તેલ લોઢાની કડાઇમાં સગડી પર મૂકવું. લીમડાનાં તાજાં લીલાં પાન દસ તોલા લઈ પથ્થર પર ચટણીની માફક ખૂબ લસોટવાં. એ ચટણીની રૂપિયા જેવડી ટીકડીઓ બનાવીને તેલમાં તળવા મૂકી દેવી. તાપ ધીમો રાખવો. ટીકડીઓ લાલ રંગની થઇ જાય એટલે તેલ ઉતારીને ગાળી લેવું. આ તેલમાં ઘાને સ્વચ્છ કરી રૂઝ લાવવાનો (રોપણ) ગુણ છે. પાકતા, સડતા અને નહિ રૂઝાતા વ્રણમાં તેલવાળુ રૂનું પોતું મૂકી પાટો બાંધવો. બશેર પાણીમાં લીમડાનાં પાશેર પાંદડાંને અધકચરાં લસોટી પાણી ઉકાળવું. આ પાણીથી રોજ ઘાને ચોખ્ખો કરી રોજ તેલનું પોતું મૂકવું. પરૂવાળા કાનમાં પણ આ તેલનાં બે ટીપાં રોજ મૂકવાથી થોડા દિવસોમાં રૂઝ આવી જશે.

નિમ્બકંદ

ગુલકંદની જેમ નિમ્બકંદ પણ બનાવી શકાય. માટીના રીઢા વાસણમાં લીમડાનાં એક શેર ફૂલ ને એક શેર સાકરના વારાફરતી થર કરવા. તેમાં પાશેર ચોખ્ખું મધ નાખી મોં બંધ કરી રાખી મૂકવું. પંદર દિવસે એક વખત હલાવી ઉપરનીચે કરવું. એક મહિને લોચાદાર રસયુક્ત નિમ્બકંદ તૈયાર થશે. હાથપગનાં તળિયાં, છાતી, કંઠ, આંખો અને ગુપ્તભાગમાં દાહની ફરિયાદ કરનારાએ તથા અવારનવાર મોં આવી જતું હોય ને રક્તવિકારથી પીડાતા હોય એમણે સવારસાંજ એકએક તોલો ચાવીચાવીને ખાવો. તેલ, મરચાં, અથાણાં ને મીઠું નહિવત્ યા સદંતર બંધ.

હરસ માટે

હરસનો ઉપદ્રવ શરૂ થયો હોય ત્યારે દરરોજ લીમડાનાં ૨૧ કૂણાં પાનને મગની ફોતરાં વગરની પલાળેલી દાળ સાથે સારી રીતે વાટી નાખવાં. પછી ઘીમાં તળીને (કશો મસાલો નાખ્યા વિના) એનાં વડાં બનાવવાં, ને રોજ સવારે તે ખાવા. ખોરાકમાં માત્ર મોળી છાશ અને ભાત લેવો. ૨૧ દિવસ સુધી આ પ્રયોગ કરવો. લીમડાનાં પાંદડાં નાખીને ઉકાળેલા પાણીને ઠારીને ભરી રાખવું અને મલશુદ્ધિ માટે તેનો ઉપયોગ કરવો. હરસ પર દિવસમાં બેત્રણ વાર ઉપર્યુક્ત ડ્રેસિંગ તેલ લગાડવું.

પ્રસૂતા માટે

ડૉ. વા. ગ. દેસાઈ લખે છે: 'પ્રસૂતા સ્ત્રીને પહેલા દિવસથી જ લીમડાનાં પાનનો રસ આપવાથી ગર્ભાશયનો સંકોચ થાય છે, રક્તસ્રાવ ઠીક થાય છે, ગર્ભાશય તથા એના સમીપનાં સ્થાનોનો સોજો ઊતરી જાય છે, ભૂખ લાગે છે, દસ્ત સાફ આવે છે, જ્વર આવતો નથી ને આવે તો એનું જોર વધતું નથી.' રસનું પ્રમાણ ૨થી૫ તોલા રાખવું.

કૃમિમાં પણ લીમડાનાં પાનનો રસ બે થી પાંચ તોલા કાઢી એમાં થોડું મધ મેળવીને આપવાથી ફાયદો થાય છે. શાર્ઙ્ગધરે કમળા માટે પણ લીમડાનો સાવ સાદો પ્રયોગ સૂચવ્યો છે: લીમડાનાં ચાર તોલા પાંદડાંના રસમાં અર્ધો તોલો ચોખ્ખું મધ મેળવીને પીવા આપવાથી કમળો મટે છે.

ચૈત્ર માસમાં 'લીમડો પીવાનું' માહાત્મ્ય આપણા પૂર્વજોએ સ્થાપ્યું હતું. આજે એ ઓસરી ગયું છે. ખસ, દાદર, ખરજવું વગેરે ચામડીના રોગોથી પીડાતા તથા જીર્ણજ્વર, અમ્લપિત્ત, કમળો, કૃમિ વગેરેનો ભોગ બનેલાઓ દર ચૈત્ર માસમાં લીમડાનાં ફૂલ અને કોમળ પાંદડાંનું સિંધવ અને શર્કરામિશ્રિત શરબત બનાવીને પીએ તો ચિરંજીવ લાભ થાય એ નિઃશંક છે.

લાભશંકર ઠાકર

કંકાવટી

ગંગા નદી પૂર્વ તરફ વહે છે, અને નદ બ્રહ્મપુત્ર પશ્ચિમ તરફ. બંનેનાં વિશાળ વહેણ સામસામાં આવી જાય છે ત્યારે જો ગંગા પૂર્વ ભણી અને બ્રહ્મપુત્ર પશ્ચિમ દિશામાં વહેવાનો આગ્રહ–દુરાગ્રહ ન જ છોડે તો એમનું એ કલ્યાણોન્નત મિલન કેમ થઈ શકે? લગ્નજીવનમાં પણ એવું જ છે.

બા

ભારતવર્ષનાં એક સનાતન નારી કસ્તુરબા ગાંધીની આ માસની ૨૨મીએ સંવત્સરી આવે છે. પોરબંદરના એક નાના વેપારી ગોકુલદાસ મકનજી ને વ્રજકુંવરનાં એ પુત્રી ઈ. ૧૮૬૯ના એપ્રિલમાં જન્મેલાં. શાળાનું શિક્ષણ તો મળેલું નહિ, પણ વૈષ્ણવ કુટુંબનો સસ્કારવારસો એમનામાં ઊતરેલો. તેર વર્ષની વયે પોતાથી છ માસ નાના ગાંધીજી સાથે એમનું લગ્ન થયું. જીવનપરિવર્તનના તીવ્ર અને ઉત્કટ આગ્રહી એ પતિ સાથે સંસારની જે કડવીમીઠી એમણે અનુભવી એ આકરી કસોટીરૂપ હતી. પણ એમાંથી એ સફળતાથી પાર ઊતર્યાં. બાળપણની નિરક્ષરતા યે એમણે પ્રયત્નપૂર્વક દૂર કરેલી. ગાંધીજીની અંગત દેખભાળની સાથે એમણે ઉપાડેલી પ્રત્યેક પ્રવૃત્તિઓમાં સક્રિય ફાળો આપીને એમણે જાત ઘસી નાખેલી, પણ કદી પ્રસન્નતા કે સ્વભાવની મધુરતા નહોતી ગુમાવી. જેલવાસોમાં પણ એ એટલાં જ પ્રસન્ન ને કાર્યરત રહેતાં.




છેલ્લે '૪૨ની લડત વખતે પણ પકડાયાં. દમથી હૃદય અને ફેફસાં હવે નબળાં પડી ગયાં હતાં. જેલમાં તબિયત વધુ બગડી અને આખરે ૧૯૪૪ની ૨૨મી ફેબ્રુઆરીએ ગાંધીજીના ખોળામાં એમણે દેહત્યાગ કર્યો.

મનાય છે કે એ નરમ, ગરીબડાં ને કેવળ પતિની છાયા સમાં હિંદુ પત્ની હતાં. પણ ના; એમનું આગવું વ્યક્તિત્વ હતું. ગાંધીજીને પણ પોતાના વિચારો એમને ગળે ઉતારતાં ઘણી વાર મુશ્કેલી પડતી. છતાં 'જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું' એવા એમને વિષેના બાપુના શબ્દોમાં બાનું ખરું સ્વરૂપ વ્યક્ત થાય છે.

~

બટાટા બાફતાં વધેલા પાણીમાં ચાંદીની ચીજો ઉકાળ્યાથી એની ચમક ખૂબ વધી જાય છે. ખાટા દહીંમાં પણ થોડા કલાક મૂકી રાખેલી ચાંદીની જણસો ધોઈ નાખતાં નવા જેવી ચમકદાર બની જશે.



ઓછી જગ્યામાં વધુ કપડાં-તમારાં કે 'એમનાં' સમાવવા માટેનું આ નવતર 'હેંન્ગર' મજબૂત તારમાંથી બનાવડાવી શકાય.

રાચરચીલું

ખુલતા રંગોનું રાચરચીલું ઘરમાં ઉજાસ ને રંગભભક આપશે; પણ એમની સફાઈ ઘણો વખત માગી લે છે. જ્યારે ખૂબ ઘેરા રંગો સંકડાશ અને ભારેપણાનો ભાસ ઉપજાવે છે.

નાના ખંડની વધુમાં વધુ વપરાશ થઈ શકે એ માટે જગ્યાનો વધુમાં વધુ બચાવ થાય એવું રાચરચીલું બનાવવું જોઇએ, જે એક કરતાં વધુ ઉપયોગમાં આવી શકે. દાખલા તરીકે મુખ્ય ખંડ માટે બેઠકની નીચી પાટ નાના પટારા જેવી બનાવી હોય તો અંદર કામળા, ઓશીકાં, ચાદરો વગેરે સંઘરી શકાય, અને રાત્રે એકાદ જણ તે પર સૂઈ પણ શકે.

બને તેટલું ઓછું–જરૂર પૂરતું જ ને ખંડના કદનો ખયાલ રાખીને અનુકૂળ માપનું રાચરચીલું વસાવવાથી ઘણી અગવડો ઘટી જાય.

કબાટોમાં યે વધારાનાં પાટિયાં કે ખાનાં ઉમેરીને વધારાની ઘણી ચીજો સમાવી શકાય. ફોલ્ડિંગ ટેબલ કે વધારાની છાજલીઓ પણ ઘણી મોકળાશ કરાવી શકે.

ખંડમાં અજવાળું આવતું હોય એની સામેની દિશામાં જ મોટો અરીસો રાખવાથી ખંડનું ગૌરવ ને ઉજાસ વધવા સાથે ખંડ મોટો હોવાનો ભ્રમ પણ થઇ શકે છે.


ઉપમા

તોલા દોઢ તોલા જેટલું તેલ તપેલીમાં મૂકી રાઇ-હીંગનો વઘાર કરવો. ઘઉંનો રવો તેમાં નાખી શેકવો. બાદ દોઢ પાશેરથી અરધા શેર જેટલું ગરમ પાણી તેમાં રેડવું અને પ્રમાણસર મીઠુંમરચું, ઇચ્છા હોય તો હળદર, ચમચી ખાંડ, લીલાં મરચાં, કોથમીર અને એક બે ડુંગળી ઝીણી સમારીને નાખવી. ઉપર લીંબુ નીચોવવું. ખાવામાં સ્વાદિષ્ટ અને પચવામાં હલકું છે. નાનાં બાળકોને નાસ્તામાં પણ અનુકૂળ પડે છે. મધ્યમવર્ગને પોસાય તેવું છે. ડુંગળી ન ખાનાર બટાટા ઝીણા સમારી તેલમાં સાંતળીને નાખી શકે. (સજ્જનબેન પ્ર. ત્રિવેદી)

~

બહારથી ઘંટડી વાગી. મેં બારણું ઉઘાડયું. ફેરિયાએ કહ્યું, 'આપને પત્રો ઉઘાડવાની છરી ખરીદવી છે?'

'ખરીદવી? અરે ભાઈ, હું તો તેને પરણ્યો છું!'



ભરત પેઠે સ્ટેન્સિલ પણ અજમાવવા જેવું છે. જાડા તેલિયા–ચીકણા કાગળ પર ઉપરની બૉર્ડર આલેખીને અણીદાર ચપ્પુ કે બ્લેડથી કોરી કાઢો. તૂટીફૂટી રકાબી, કાચ કે પતરાના ટુકડા પર જોઈતા ઑઇલ કલર (અથવા ડબલાં-ડૂબલી રંગવાના રંગ)લો, અને એક ખોળી કાઢો દાઢીએ સાબુ લગાવવાનું જૂનું ઘસાએલું બ્રશ. એના વાળ જો બહુ પહોળા ફેલાતા હોય તો દોરાથી એને બાંધી દો. એ વડે આ સ્ટેન્સિલના ગાળામાં રંગ ભરી શકશો. પણ એટલો ખયાલ રાખજો કે આમાં બ્રશથી રંગ 'ચોપડવા'નો નથી, પણ બ્રશને કાપડને કાટખૂણે રાખી ઠપકારવાનું છે. એથી રંગ રેલાશે નહિ અને છાપ ચોકખી ઊઠશે તથા રંગ કાપડમાં ઊતરશે. રંગ પણ બહુ પાતળો નહિ પણ ઘટ્ટ રાખવો. આ કિનારનો ક્યાં ક્યાં ઉપયોગ થઈ શકે એ તો કહેવું જ ન પડે.



માધુકરી

સહીને તાપ આપે છાંય એવું ઝાડ બનવા દે,
મને નિષ્પ્રાણ તત્વોની ધબકતી નાડ બનવા દે;
નથી એવી તમન્ના કે ફૂલોની જેમ હું મ્હેકું,
પરંતુ રક્ષવા ફૂલો થુવરની વાડ બનવા દે.

('ઝરણાં'માંથી) —અંબાલાલ 'ડાયર'

સ્વ. નાટ્યકાર પ્રભુલાલ દ્વિવેદી

ચારસો કરતાં વધુ નાટકો ને કાવ્યોના લેખક, ગુજરાતી રંગભૂમિના એક સમર્થ નાટ્યકાર શ્રી પ્રભુલાલ દ્વિવેદીનું ગઈ તા. ૩૧મી જાન્યુઆરીએ મુંબાઈમાં ૭૦ વર્ષની વયે અવસાન થયું છે.


ઈ. ૧૯૦૯માં કરાચીની દરિયાઇ ગોદીમાં ઇજનેર તરીકે કારકિર્દીની શરૂઆત કરી એમણે કોઇક ગૂઢ અંતઃપ્રેરણાને વશ થઈ નાટ્યક્ષેત્રે ઝંપલાવ્યું, અને ૧૯૧૬માં એમની પ્રથમ કૃતિ 'દેવી વત્સલા' કરાચીમાં પહેલી વાર રજૂ થઈ ત્યાર પછી આજ સતત સાડા ચાર દાયકા સુધી એમનું નાટ્યસર્જન ચાલુ રહ્યું. અજાણ્યા, ઊછરતા, લાગવગ વિનાના, નાટક લખી કીર્તિ અને કંચન બંને કમાવાના કોડવાળાને જેવા અનુભવો થાય તેવા અનુભવો એમને પણ થયા, પરંતુ विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजना न परित्यजन्ति એ ન્યાયે કેટલા યે કડવા અનુભવોને મીઠા બનાવી એમણે પોતાની પ્રવૃત્તિ અખંડ રાખી. એ કાળમાં નાટકના ધંધામાં સૌથી ઊતરતું સ્થાન જાણે નાટકના લેખકનું હોય એવો વર્તાવ એની સાથે રાખવામાં આવતો. કોઈ કવિનું નાટક સ્વીકારાય તે પછી કવિને પોતાની નાટ્યકૃતિ સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ રહેતો નહિ. એ ગ્રન્થસ્થ તો થાય જ નહિ, રખેને બીજી મંડળીઓ એ ભજવવા મંડી પડે! 'નાટકનાં ગાયનોનો ટૂંકસાર'–'ઓપેરા'ના ભ્રામક નામે ઓળખાતી પુસ્તિકાઓ કંપનીના માલિક પ્રસિદ્ધ કરતા, તેમાં ભૂલેચૂકે કવિનું નામ ક્યાંય પણ આવતું નહિ. કંપની બંધ થતાં એ નાટકો પણ કાળની ગુફામાં વિલીન થઈ જતાં. આવી કપરી પરિસ્થિતિમાંથી પણ માર્ગ કાઢી એમણે ગુજરાતી રંગભૂમિને સમૃદ્ધ કરી સાથેસાથે નાટ્યલેખકોની પ્રતિષ્ઠા પણ વધારી.



ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક, એમ વિવિધ પ્રકારનાં નાટકો એમણે એકસરખી સફળતાથી લખ્યાં છે. 'શંકરાચાર્ય', 'અરુણોદય', 'માલવપતિ', 'સિરાજુદ્દોલા', 'એક અબળા', 'પૃથ્વીરાજ', 'સમુદ્રગુપ્ત', 'સાંભરરાજ', 'સમરકેસરી' ઇત્યાદિ એમનાં કેટલાં યે નાટકો અત્યંત યશસ્વી નીવડ્યાં હતાં. પરંતુ 'વડીલોના વાંકે', 'સંપત્તિ માટે', 'સંતાનોના વાંકે' એ નાટકો એમના કીર્તિમંદિરના કળશસ્થાને શોભે છે.

વળી એક નાટકકાર ઉપરાંત એમનામાં જે માનવતા હતી તે એમના સમાગમમાં આવનાર બધા લોકો પર ચિરંજીવ છાપ પાડતી. નાટકમાં કામ કરનાર નાનાંમોટાં સૌ એમનો આશીર્વાદ મેળવવા તત્પર રહેતાં.

જિરાફ



સ્વતંત્ર ટાંગાનિકાનું રાષ્ટ્રીય પ્રાણી જિરાફ હરણ ને ઢોરની વચ્ચેના વર્ગનું અને સ્તનપાયી પ્રાણીઓમાં સૌથી વધુ (૧૮ થી ૨૦ ફૂટ) ઊંચું છે. આફ્રિકામાં સહરા અને કલહરીનાં રણની વચ્ચેના પ્રદેશમાં જ તે થાય છે.

ડોક ને પગના પ્રમાણમાં ધડ નાનું. પીઠ પૂછડી તરફ ઢળતી. તે લાંબી ને છેડે ગુચ્છાદાર હોઈ મધ્ય આફ્રિકાની ઝેરી માખીઓ ને ડંખતાં જીવડાંને શરીર પરથી ઊડાડવા ખૂબ ખપની. ઘેરા મોટા ધબ્બાવાળી એની બદામી ચામડી વૃક્ષો વચ્ચે પડતા તડકાછાંયામાં એને એવું તો ભેળવી દે કે શોધવું ભારે પડે.

સ્વભાવે સાવ નરમ, પણ તેની માદા બચ્ચાંના રક્ષણાર્થે ને નર સંવનનકાળે હરીફ સામે એવી તો લાતાલાત કરે કે સામા પક્ષે હાર્યે જ છૂટકો. એની એ જોરદાર લાત એના શત્રુ સિંહને પણ ક્યારેક નસાડે. દોડવામાં પણ જબરાં, વિચિત્ર લાગે એવી ફલાંગો મારતાં દોડે, ને અનુકૂળ હવા હોય તો માઇલો સુધી એકધારાં ને ઝડપથી દોડીને ઘોડાને ય હંફાવે. દોડે ત્યારે પૂછડી પીઠ પર વાળી દે, ને રેતી ઊડતી હોય તો નસકોરાં પણ ઢાંકી દે.

ડોક લાંબી છતાં આગલા પગ ખૂબ પહોળા ફેલાવ્યા પછી જ નમી શકે. એટલે જ કદાચ એને વરસમાં માત્ર બેત્રણ વાર જ પાણી પીવાની જરૂર પડે છે. વૃક્ષની ટોચ પરનાં કૂમળાં ડાળપાંદડાં મુખ્ય આહાર. એમાં મદદરૂપ એની જીભ પણ લાંબી. છતાં એ મોંએથી મુદ્દલ અવાજ કાઢી જ નથી શકતું! આંખ ને કાન ઘણાં સતેજ. દૂરથી ભયને પારખી લે. પુખ્ત પ્રાણીને માથે ચામડી તથા વાળથી ઢંકાએલાં બે બુઠ્ઠાં નાનાં શીંગડાં. કોઈકને માથામાં પાછળ બીજાં બે વધુ પણ હોય, ને કોઇકને કપાળમાં પણ એક નાની શીંગડી હોય.

૨૦થી માંડીને ૮૦ સુધીનાં ટોળાંમાં રહે. મે થી જૂન એનો પ્રજનનકાળ. માદા એક જ બચ્ચું જણે, જે ત્રણેક દિવસમાં તો મા સાથે હરતુંફરતું થઇ જાય.

નાટકને તેઓ કલાની ઉપાસના તરીકે તો સમજતા જ, પણ તે ઉપરાંત નાટકને ધંધાદારી રીતે સમજવાની કુનેહ પણ એમનામાં હતી; અને જે હજારો પ્રેક્ષકોએ એમનાં નાટકો જોયાં છે તેમનામાંના અનેક તેમની પાસે આવીને નાટકમાં રજૂ થએલાં સમાજચિત્રોને અનુષંગી એવી પોતાના અંગત અને ખાનગી જીવનની વાતો પણ કરી જતા.

સંગીત-નાટ્ય-નૃત્ય આદિ ક્ષેત્રોમાં નોંધપાત્ર ફાળો આપનાર અગ્રિમ વ્યક્તિઓનું જે સંમાન ભારત સરકાર તરફથી વર્ષોવર્ષ કરવામાં આવે છે તેમાં ગયે વર્ષે નાટ્યક્ષેત્રે એમને શ્રેષ્ઠ સમ્માનપાત્ર ગણીને પારિતોષિક આપવામાં આવેલું.

આવા એક શ્રેષ્ઠ નાટ્યકાર, હૃદયસ્પર્શી ગીતો રચનાર કવિ, અને સ્નેહભર્યા હૈયાવાળા માનવીને આજે આપણી વચ્ચેથી કાળે લઇ લીધા છે. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિરંતન શાંતિ અર્પે.

(આકાશવાણીના સૌજન્યથી) —જ્યોતીન્દ્ર દવે

દાતણનું હાઇજીન

અમદાવાદમાં દંતવૈદ્યોના મંડળના અધિવેશનનું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાતના પંત પ્રધાન ડૉ. જીવરાજે કહ્યું હતું કે આયુર્વેદમાં દંત રોગો સંબંધી સારું જ્ઞાન છે તે તમારે લેવું જોઇએ. આપણા પૂર્વજો તરફથી જે મુખશુદ્ધિ-જ્ઞાન આપણને વારસામાં મળ્યું છે તે આજે આપણામાંના ઘણાએ છોડી દીધું છે. દંત-નિષ્ણાતોને મારી વિનંતી છે કે તે આ સંબંધી વિચાર કરે, અને આપણા એ મુખશુદ્ધિ-જ્ઞાન (ઓરલ હાઈજીન) જેની ઉપર આપણા બાપદાદાઓએ ઘણો ભાર મૂક્યો છે તે તરફ ધ્યાન દે. વળી આયુર્વેદીય દંતવૈદ્યો પાસે દાંત ખેંચવાની એક અદ્‌ભુત કલા છે. દવા લગાડયા વિના તે એવી સિફતથી દાંત ખેંચે છે કે દરદી ઉફ કરતો નથી. આ મરવા પડેલી વિદ્યાનો ઉદ્ધાર કરવા એમણે અનુરોધ કર્યો.

ડૉ. જીવરાજે આપણા પૂર્વજોના જે ઓરલ હાઈજીનની વાત કરી તે દાતણ આજે પોતાને શિક્ષિત કહેવડાવતો વર્ગ ચાવતો નથી, બ્રશ અને ટૂથપેસ્ટ વાપરે છે. એમને મન દાતણ 'અવૈજ્ઞાનિક અને ગંદું' છે. આજે દાતણ ઘણાએ છોડયું છે, તેલના કોગળા કરવાના છોડયા છે, મુખ સારી પેઠે ખંખાળીને સાફ કરવાનું છોડયું છે. પરિણામે નાની ઉમરે દાંતનાં ચોકઠાંવાળાં મુખો જોવા મળે છે. દાતણનું હાઇજીન પશ્ચિમનાં પાઠ્ય-પુસ્તકોમાં નથી એટલે આપણા જેવા પરસંસ્કાર-મુગ્ધ વિવેકભ્રષ્ટ લોકો અને તેમાં યે ભણેલા ડેન્ટિસ્ટોનાં વ્યવહારથી તે વિસરાયું છે; ને છતાં 'ડાઇનૅમિક હેલ્થ'ની મોટીમોટી વાતો આ જ વર્ગ કરે છે. જે પૂર્વજોએ આપણને દાતણ, દંતમંજન, તૈલગંડૂષ વગેરે વારસામાં સોંપીને હજારો વર્ષથી આપણને તંદુરસ્ત રાખ્યા છે, આપણા દાંતોને, અપૂર્ણ ખોરાક છતાંય, ધોળા દૂધ જેવા ઊજળા અને સોપારી ચાવી શકે એવા મજબૂત રાખ્યા છે તે તરફ જોવાનું કોઈને સૂઝતું નથી; અને ટૂથ બ્રશ તથા ટૂથપેસ્ટો જેવાં નુકસાનકારક સાધનો વપરાશમાં આવ્યાં છે! દાતણ કર્યા વિના મોંમાં કંઈ મુકાય નહિ એ આપણા પરંપરાગત સંસ્કારને બદલે આપણા પઠિત પંડિતમન્યો ઊઠીને પથારીમાં જ ચા (બેડ-ટી) પીએ છે! આને માટે કોઈ બે શબ્દ લખતું નથી ને મોં ખંખાળતાં, ઑાક ઑાક અવાજ થાય એ ગંદી ટેવ ગણાય છે.

તાજું દાતણ કરે, તેલનો મોટો કોગળો ભરે તો દાંતના કે મુખના રોગો થાય જ નહિ. દાતણ કેમ કરવું, તૈલગંડૂષ કેમ ભરવો વગેરે આપણાં બાળકોને પ્રાથમિક નિશાળોમાં જ શીખવવામાં આવે તો ડેન્ટિસ્ટોની આપણને જરૂર નહિ પડે. આયુર્વેદ પાસે મુખશુદ્ધિ અને દંતરોગો સંબંધી ઘણી સામગ્રી છે. પાયોરીઆ સંબંધી આયુર્વેદ પાસે નવો વિચાર છે. એ જંતુનાશક જલદ દવાઓ વાપરવામાં માનતું નથી. તેની પાસે રોગોની એક અનોખી દૃષ્ટિ છે. (ભિષગ્ભારતી)

જીવી જાણનારા
કૅવૅલિયર ડીએસિસ

ઈ. સ. ૧૭૬૦માં ફ્રાન્સના રાજા પંદરમા લુઇએ જર્મનીમાં એક સૈન્ય મોકલ્યું. તેણે કૂલોસ્ટર આગળ છાવણી નાખી. સેનાપતિ જનરલ માર્કિવસ ડિકેસ્ટ્રીસે કૅવૅલિયર ડીએસિસને શત્રુની હિલચાલ જોવાને મોકલ્યો. તે અમલદાર થોડે જ દૂર ઝાડીમાં ગયો કે જર્મન સૈનિકોએ તેને ઘેરી લીધો. બંદૂક, ભાલા ને તલવાર તેના પર તાકીને જર્મનોએ કહ્યું, 'ચૂપ રહેજે, ખબરદાર એક શબ્દ બોલ્યો તો.' કૅવૅલિયર ડીએસિસે વિચાર્યું કે જો મારા સૈન્યને દુશ્મનોના આ છૂપા આગમનની ખબર આપવામાં નહિ આવે તો આ અચાનક આક્રમણનો વિનાશ તેમના પર ઊતરશે. તેણે ઊંચા અવાજે રાડ પાડી 'સમાલો! ઓવર્ન, શત્રુઓ અહીં જ આવી પહોચ્યા છે.' એ ફ્રેંચ અમલદારને તરત કાપી નાખવામાં આવ્યો, પણ તેની બૂમથી ફ્રેંચ સૈનિકો સાવધ થઇ ગયા અને અચાનક થનારા એ જર્મન હુમલાને તેમણે નિષ્ફળ બનાવ્યો. (ર. પ. મહેતા)

ઍડમ્સ પારિતોષિક

નોબેલ, પુલિટ્ઝર આદિ જગવિખ્યાત ઈનામો જેવું જ માનભર્યું ગણાતું કેમ્બ્રિજ યુનિવર્સિટીનું 'ઍડમ્સ પ્રાઇઝ' ઈ. ૧૯૫૯-૬૦ના વર્ષ માટે પૂના યુનિવર્સિટીના ગણિતના પ્રાધ્યાપક ડૉ. વી. એસ. હુઝુરબઝારને મળ્યું છે. આજ સુધી બીજા બે જ ભારતવાસી તે મેળવવા ભાગ્યશાળી થયા છે: નામી અણુવિજ્ઞાની ડૉ. હોમી ભાભા ને ખગોળ-ભૌતિકશાસ્ત્રના નિષ્ણાત ડૉ. ચન્દ્રશેખર.

એ પારિતોષિકની રકમ તો છે માત્ર રૂ. ૫૭૬૦ જેટલી જ; પણ તે મેળવવું બહુ દુષ્કર મનાય છે. શુદ્ધ ગણિતશાસ્ત્ર, ખગોળવિજ્ઞાન અથવા નિસર્ગતત્ત્વજ્ઞાનના વિષયમાં સંશોધનાત્મક મહાનિબંધ લખનારને તે દર બે વર્ષે આપવામાં આવે છે. આકાશમાં નેપ્ચ્યુનનો ગ્રહ શોધાયો તેના સ્મરણમાં પ્રો. જે. સી. ઍડમ્સે સ્થાપેલું એ ઇનામ કેમ્બ્રિજ યુનિવર્સિટીની ડિગ્રી મેળવનારાઓની જ સ્પર્ધાને માટે મર્યાદિત છે. એ પારિતોષિક મેળવનાર જાણીતી વ્યક્તિઓમાં સર જે. જે. થૉમ્પસન, સર જેમ્સ જીન્સ અને ક્લાર્ક મૅકસવેલ જેવી વ્યક્તિઓ છે.

૪૨ની વયના ડૉ. હુઝુરબઝાર ઈ. ૧૯૫૩માં પૂના વિશ્વવિદ્યાલયના ગણિતવિદ્યા અને સંખ્યાશાસ્ત્ર વિભાગના વડા નિમાયા તે પહેલાં ગૌહટ્ટી અને લખનૌ યુનિવર્સિટીમાં હતા ને વચ્ચે બે વરસ તેમણે મુંબાઇ સરકારની 'બ્યુરો ઓવ ઇકૉનૉમિકસ ઍન્ડ સ્ટૅટિસ્ટિકસ'ના સૅમ્પ્લીંગ એકસ્પર્ટ તરીકે કામ કરેલું.

ક્રિકેટની ગમે ત્યાં લઈ જઈ શકાય તેવી પિચ

લંડનમાં હાલમાં ચાલતા એક પ્રદર્શનમાં ગમે ત્યાં લઈ જઈ શકાય અને સપાટ જમીન પર પાથરીને સરળતાપૂર્વક રમી શકાય તેવી હાલતી-ચાલતી ક્રિકેટ પિચનો નમૂનો મુકાયો છે. આ પિચનું ઉત્પાદન કરતી પેઢીનો દાવો છે કે ૧૦ વર્ષ સુધી તેની સંભાળ નહિ લેવી પડે.

આ પિચ પ્લાસ્ટિકના પટવાળી અનેક દોરીઓ ગૂંથીને તૈયાર કરમાં આવી છે ને તેને ઘસારો ન પહોંચે તે માટે બંને તરફ 'પીવીસી'નાં પડ લગાડવામાં આવ્યાં છે.





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઈનામ: 'પ્યાસ'–હર્ષદકુમાર મહેતા, ભાવનગર; (ડાબી બાજુ) ત્રીજું ઈનામ: 'દળણું'–જિતેન્ ઓઝા, ભાવનગર.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી રાજ્યો તરફથી પ્રદર્શનો તથા મોટાં ઈનામો વગેરેથી કલાઓને ઉત્તેજન મળતું થયું છે. ગુજરાત રાજ્યે પણ ૭મી જાન્યુઆરીએ સુરત મુકામે દ્વિતીય કલાપ્રદર્શન ભરેલું જેમાં ૨૧૦૦૦ રૂ.નાં ૧૧૯ ઈનામો વહેંચાયાં. તેમાં ફોટોગ્રાફી વિભાગમાં રૂ. ૧૦૦૦, ૭૫૦ અને ૫૦૦નાં ત્રણે ઈનામો 'મહેતા' નામક ભાઇઓને મળ્યાં!

તરુણોમાં ફોટોગ્રાફીનો રસ જાગ્રત કરવા માટે રમતગમતો અને નાટયપ્રવૃત્તિઓ પેઠે હાઈસ્કૂલ-કૉલેજોમાં ફોટોગ્રાફીની પણ ક્લબો રચાવી જોઇએ અને અસ્પર્ધા-પ્રદર્શનો યોજાવાં જોઇએ.

સમાજમાં દાયકે દાયકે ફેરફાર થતા આવ્યા છે. રહેણીકરણી, પહેરવેશ, મોજશોખ વગેરે બાબતો પલટાતી રહે છે. ફોટો-કલામાં પણ આવું બની રહ્યું છે. ત્રીસેક વર્ષ ઉપર કૅમેરાને કલાકારના બ્રશની સાથે સરખાવી ફોટોગ્રાફોનું મૂલ્યાંકન ચિત્રસર્જનો રૂપે થતું. જોકે હજુ યે ઘણા દેશોમાં ફોટોગ્રાફીને લલિત કલા તરીકે સ્વીકારવા ચિત્રકારો તૈયાર નથી. પરંતુ ફોટોગ્રાફી પણ એક કલા છે. વળી ઘણા કલાકારો ફોટોગ્રાફો દ્વારા કલાનું સર્જન પણ કરે છે. વાસ્તવિક જીવનમાંથી માનવી અને કુદરતના પલટાતા મિજાજ કે ઝડપી ક્રિયાને આંખના પલકારામાં કૅમેરા ઝડપી શકે છે. ફોટો કલાકારે ત્વરિત ચિત્ર નિહાળી, સમજી, નિર્ણય કરી ચાંપ દબાવવાની છે. ચિત્રકામ અને ફોટોકળામાં સર્જકના માનસની ક્રિયા-પ્રક્રિયાઓમાં મૂળ ભેદ રહેલા છે.

બીજું ઈનામ જીતનાર 'પ્યાસ' અને ત્રીજું ઈનામ જીતનાર 'દળણું'માં આ પ્રકારનાં ચિત્રો ઝડપવાનો પ્રયત્ન છે. પાણીની પડતી ધાર ઝીલતી બાળિકાને કૅમેરા વધુ સહેલાઇથી ઝડપી શકે.

'દળણું' ચિત્રમાં ગૃહકાર્યના ધીમેધીમે લુપ્ત થતા પ્રકારને સંઘર્યો છે. ચિત્રની રજૂઆત સારી ગણાય, પરંતુ ફોટોગ્રાફીની ટેકનીક મોળી પડે છે. ચિત્રવસ્તુ પણ જરા ફોકસની બહાર છે. પશ્ચાદ્‌ભૂમિ આકૃતિની આડે આવી રસભંગ કરે છે.

બલવન્ત ભટ્ટ

અનુસંધાન] **જાંબુડાની ડાળ પરથી** [પૃષ્ઠ ૪૭થી

જડબાંમાં ખૂબ જ ઝડપે ચાવવાની ક્રિયાના કડાક સડાક બચાક અવાજ સંભળાવા લાગ્યા. પણ પેલી બે આંખો તો એકી ટસે મારી સામે જ મંડાયલી હતી.

હવે મેં વિચાર્યું કે વાઘને ખાવા દઇ, એને ગફલતમાં નાખી ધડાકો કરવો. પણ હું કાંઇ પણ કરું તે પહેલાં તો એકાએક વાઘે મોં ફેરવી બેઠક બદલી નાખી. આ અચાનક ફેરફાર જોઇને હું પણ વિચારમાં પડયો. વાઘને બીજી કોઇ દિશામાંથી ભયની ગંધ આવી કે શું? મેં તે દિશામાં નજર ફેરવવા ગરદન મરડી ત્યાં અહીં વાઘ ગુમ! ખરો લાગ મેં ગુમાવી દીધો હતો. હવે તે આવે કે ન યે આવે.

દંટાળીને એકાદ ચૂંગી પી નાખવાનો હું વિચાર કરતો હતો ત્યાં તો આ શું? મારી ડાબી બાજુથી એક લાંબો નાગ પાણીના રેલાની આફક સરી આવ્યો, તેની પાછળ બીજો એક મોટો નાગ પણ ફૂંફાડા મારતો દોડી આવ્યો.

મેદાનમાં આવી બંને નાગે સામસામી ફેણો માંડી દાવપેચ ખેલવા માંડયા. ઓહો, શી નવાઇ! બે ય જાતભાઇ! કોણ જાણે શા યે કારણે એકબીજાને ખતમ કરવા તલસી રહ્યા હતા! જ્યારે એક ધબ લઇને ડાકું મારે કે બીજો તે ચૂકવી તેને ગળે બાઝે, અને પછી બેઉ જણ ગુલાંટીઆં ખાય, શરીરના વીંટ ભરે અને ભયંકર ફુત્કાર કાઢતા જાય.

થોડી વાર તો બધું ભૂલી આ કદી નહિ જોએલું દ્વંદ્વ નિહાળી રહ્યો. એકાએક નાનો નાગ જાંબુડા તરફ ધસ્યો. અરધી મિનિટમાં તો એ સાતેક ફૂટ ઊંચે ચઢી આવ્યો, અને તેની પાછળ બીજો પણ.

આપણા હાંજા ગગડી ગયા. પાછળ ફરી આટલે નજીકથી બંદૂક મારવાનું યે શકય ન હતું. મેં એકદમ નીચે કૂદી પડવાનો વિચાર કર્યો, પગ લાંબા કર્યા ત્યાં તો પેલું દોરડું ખેંચાયું. થઈ રહ્યું! રક્ષણ કરવાને બદલે એ દોરડું જ ભક્ષણ કરશે કે શું? ઝટપટ ગાંઠ છોડી નાખી, પણ એકદમ કૂદવામાં યે જોખમ હતું, હું કૂદું ને બેઉ નાગ પણ નીચે પડે તો! અને વાઘમામા પણ આટલામાં જ લપાઇ રહ્યા હોય તો?

અને વાત સાચી પડી. પાછલા નાગે ઊંચે ચઢતા નાગની પૂછડી મોંમાં પકડી લીધી, આગળવાળાએ ઝાડને એક વીંટ લઈ મોઢું નીચે લંબાવ્યું, ને બેઉ એકબીજાને વળગી પડયા, ને સરતા સરતા નીચે જઈ પહોંચ્યા. થોડી વારે લડતા લડતા બંને પાછળના ઘાસમાં અદશ્ય થયા.

હાશ, કરી મેં આળસ મરડી. ગજબ અનુભવ થયો. હવે વાઘજી-ભાઈની ફરી રાહ જોવાની! શિકારીમાં ધીરજ જોઈએ. સમસમતી રાતના સંગીતનો આનંદ માણવાની રસિકતા હોવી જોઇએ અને કટોકટીમાં ત્વરિત નિર્ણય બાંધવાની ટેવ પણ.

આપણે તો પાછા પથ્થર બની ગયા. કલાક, બે કલાક, ત્રણ કલાક. હવે તો આકાશની હરણી યે ચંદ્રની પાછળપાછળ નીચે ઊતરી રહી હતી. તેવે વખ ફૂદ્, ફૂદ્ કરતું એક કાળમુખુ તરસ ત્યાં આવી પહોંચ્યું. મને આ ઘાતકી ને ઘૃણાજનક પ્રાણીને જોઇ ચીઢ ચઢી. લાવ એક જ ઘાએ ખતમ કરી દઉં. પણ ના, એમ અકળાઇ ગયે કે ચિડાઇ ગયે શિકાર ન થાય. બીજી જ ક્ષણે મારી આંખમાં ચમકારો થયો. વાઘ મારણને મૂકીને દૂર કદી જાય જ નહિ. એને કોઈ ખાવા આવે તો તે પણ સહન કરે નહિ. તરસને જોઈ વાઘ જરૂર નજીકમાં ક્યાંકથી આવી પહે ચશે ખરો, અને થયું પણ એવું જ. તરસે ભાગ્યે જ બે-ચાર ગલોફાં ભર્યાં હશે ત્યાં તો તે એકદમ ચમક્યું ને ઓતરાદી નજર નાખી ઊભી પૂંછડીએ ભાગ્યું. મેં ઉત્તરમાં નજર કરી તો ઘાસની આડમાં એ વિરાટ કાયા ભાગતા તરસ તરફ ગુસ્સામાં એક નફરતભરી દૃષ્ટિ ફેંકતી ઊભી હતી. જરા પણ વિલંબ કર્યા વિના મેં બંદૂક ઉઠાવી, તાકી અને ઘોડો દબાવ્યો. ક્રોધ અને દર્દભરી ગર્જના કરતો વાઘ કૂદ્યો અને જમીન પર પછડાયો. વળી ઊભો થયો ને કરમદી તરફ ધસ્યો. બીજી ગોળી અને કરમદીમાં ભારે તરફડાટ મચી તે ખળભળી ઊઠી, અને પછી બધું શાંત થઈ ગઈ.

હું પણ હવે બંદૂક ખભે ભેરવી દોરડાની મદદથી ઉપરની ડાળે ચઢી ગયો. કરેલી ગોઠવણ મુજબ મારી કળતી કાયાને સહેજ આરામદાયક સ્થિતિમાં ગોઠવી ને મેં થોડી વાર માટે આંખો મીંચી દીધી.

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમા

વ્યક્તિવિશેષ : જુલે વર્ન



કાલ્પનિક સાહસકથાઓ અને ભવિષ્યદર્શી વૈજ્ઞાનિક નવલો માટે જગતભરના કુમારોનો–ને મોટેરાંઓનો પણ એટલો જ–માનીતો લેખક જુલે વર્ન આજે યે ઓગણીસમી સદીજેટલોજ રસથી વંચાય છે.

ફ્રાન્સના નાન્ટિસ ગામમાં ઈ. ૧૮૨૮ની ૮મી ફેબ્રુઆરીએ એનો જન્મ. પ્રારંભિક શિક્ષણ નાન્ટિસમાં જ પૂરું કરી કાયદાના અભ્યાસ માટે એ પારી(સ)ગયો. પણ આખરે એ વ્યવસાય ન સ્વીકારતાં લગભગ ૧૮૪૮માં માઇકેલ કેરીના સાથમાં એણે બેએક નાના ઑપેરા લખ્યા. 'લ પેઇલિસ ટૉમ્પસ–ચૂંથાએલી સાહડી નામે એક હાસ્યરસિક ગેય નાટક પણ એણે લખેલું. નાટ્યજીવન અને પરદેશના નાણાંબજાર વચ્ચે થોડાં વર્ષો સુધી ઝોલાં ખાધાં પછી 'મ્યૂઝ દ ફેમિલીઝ' નામના સામયિકમાં એણે લખેલી કેટલીક પ્રવાસકથાઓ પરથી એને પોતાની લેખનશક્તિની પ્રતીતિ થઈ ગઈ અને આખરે એણે એમાં જ ઝુકાવ્યું.

હેઝેલના 'મૅગૅઝિન દ એડુકેશન'નામે સામયિકમાં એણે બલૂનમાં પાંચ અઠવાડિયાં નામે એક સાહસકથા ૧૮૬૨માં પ્રકટ કરી. તેપછીની લગભગ પા સદી તો ભાગ્યે જ કોઈ વર્ષ એવું ગયું હશે જેમાં હેઝલે એની કોઈ ને કોઈ અદ્ભુત કથા ન છાપી હોય.

એની એ કથાઓના અનેક અનુવાદો થયા છે. ગુજરાતીમાં પણ 'ચંદ્રલોકમાં', 'સાગરસમ્રાટ', 'સાહસિકોની સૃષ્ટિ', 'પાતાળપ્રવેશ', 'એંસી દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા', 'ગગનરાજ' વગેરે નામે એની એ સાહસકથાઓના અનુવાદો પ્રકટ થયા છે.

એ ભવિષ્યદ્રષ્ટા હતો. એની કથાઓમાં એણે એ કાળે–આજથી લગભગ પોણી સદી પર આજના યુગનાં જે કલ્પનાદર્શનો આલેખેલાં એ બધાં આજે સાચાં પડયાં છે. સબમરીન, હેલીકૉપ્ટર, ટેલીવિશ્ઝન વગેરેની શોધ પણ નહોતી થઈ ત્યારે એણે પોતાની એ કથાઓમાં તદ્દન વ્યવહારુ લાગે એટલી સચોટતાથી એ બધાંની રજૂઆત કરી છે. અને આજે ખરે જ આ બધી શોધો એણે દર્શાવેલા સિદ્ધાંતો પર જ વ્યવહારુ બનેલી છે એ એની કલ્પનાશક્તિની સચોટતાનો ને એના બુદ્ધિકૌશલનો પુરાવો છે. વિકસતા આવતા વિજ્ઞાનનાં પરિવર્તનોને એણે ઓળખ્યાં અને પોતાની કથાઓમાં ગૂંથ્યાં. એ કાળે તો માત્ર ઉચ્ચ કલ્પનાઓ તરીકે આદર પામેલી એની કૃતિઓ આજના યુગનું હૂબહૂ દર્શન આપનારી કથાઓ તરીકે બેવડા આદર અને કુતૂહલથી વંચાય છે. ફ્રેંચ અકાદમીએ એની આ કૃતિઓનો ઘણો સારો આદર કર્યો હતો.

ઓગણીસમી સદીનો કાલ્પનિક પ્રવાસકથાઓનો લેખક અને ભાવિ યુગનો એ સાચો દ્રષ્ટા. ઈ. ૧૯૦૫ની ૨૪મી માર્ચે આમિન્સ મુકામે અવસાન પામ્યો. પણ એની વિશિષ્ટ કૃતિઓ દ્વારા એ આજે પણ જીવિત છે એની કોઈ ના નહિ કહી શકે.

પ્રસંગવિશેષ : કૅપ્ટન કૂકનું અવસાન, તા. ૧૪મી ફેબ્રુઆરી, ઇ. સ. ૧૭૭૯

એક મામૂલી ખેતમજૂરનો પુત્ર કૅપ્ટન જૅમ્સ કૂક બ્રિટિશ સામ્રાજ્યને વિસ્તારનાર અને માનવજ્ઞાનનો એક પરમ પિતા થઇ ગયો. એણે પૅસિફિકની ઊંડાઈ માપી; ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયાના પૂર્વકિનારા જેવા અઢળક સંપત્તિવાળા ટાપુઓની શોધ કરી એની કંઠારની મોજણી કરીને ત્યાં બ્રિટિશ ધ્વજ રોપ્યો. વિટામિનોનું નામ પણ નહોતું ત્યારે વિટામિન 'સી'ની શોધનો એણે પાયો નાખ્યો; સૂર્યની ઉપર શુક્રના સંક્રમણનાં નિરીક્ષણો કરવા એ પૅસિફિકમાં છેક ટાહિટી ટાપુ પર ગયો. છેલ્લે 'ઉત્તરધ્રુવની દિશામાં સાધારણ માન્યતા છે તે કરતાં બહુ વધારે દૂર વહાણો દરિયો ખેડી શકે તેમ છે' એ વાતની ખાતરી કરવા ઊપડયો. પૅસિફિકમાં તે છેક ૭૦°–૪૧' સુધી ઉત્તરમાં ગયો પણ પછી બરફ નડતાં પાછો ફર્યો ને હવાઇ ટાપુઓમાં ઊતર્યો. (આ ટાપુઓ પણ એણે જ શોધેલા.) અહીં એનું એક વહાણ ત્યાંના વતનીઓએ ચોરી લીધું. એ પાછું મેળવવા સ્થાનિક રાજાના એક માણસને એણે કેદ કર્યો ને એ બાબતની ઝપાઝપી થતાં ત્યાંના લોકોએ એની પીઠમાં ખંજર ભોંકી દીધું. ઈ. સ. ૧૭૭૯ની ૧૪ ફેબ્રુઆરીનો એ દિવસ. ત્યારે તેની ઉંમર ૫૦ વર્ષની હતી. ટૂંકા સમયમાં એણે કરેલી મહત્ત્વની શોધખોળો, એ કાર્ય વિષેની એની વૈજ્ઞાનિક ચોકસાઇ અને અતિશય લાંબી સફરો છતાં સાથેના માણસોની તબિયતની એણે કરેલી અદ્ભુત જાળવણીની દૃષ્ટિએ શોધસફરી વહાણવટીઓમાં એનું સ્થાન ઘણું જ ઊંચું છે.

અથાણું

એક જુવાન નાટકકાર એક ખ્યાતનામ નટને પોતાના નાટકની આગોતરી ભજવણી વેળા તેનો મત જાણવા માટે આમંત્રી ગયો. નાટક દરમ્યાન મોટે ભાગે પેલા નટે ઝોકાં જ ખાધા કર્યાં. નાટક પૂરું થયે નાટકકાર નટને ઝોકાં ખાતો જોઈ બોલી ઊઠયો: 'અરે હું તમને અભિપ્રાય જાણવા તેડી લાવ્યો છું, ને તમે તો ઊંઘો છો!' નટે શાંતિથી જવાબ આપ્યો: 'મારા યુવાન મિત્ર, ઊંઘ એ જ અભિપ્રાય છે.'

'તું અહિંસામાં માને છે ને?'

'હાસ્તો વળી!'

'તો આ તારા નખ જરા કપાવી નાખજે.'

મોટરો તેમજ બીજાં વાહનો માટે ઠેકઠેકાણે સત્તાવાળાઓ તરફથી સલામતી માટે ચેતવણી આપતાં પાટિયાં મૂકવામાં આવે છે. એક પાટિયું નીચે મુજબના લખાણવાળું જોવામાં આવ્યું: 'વાહન ધીમે ચલાવો, નજીકમાં કોઈ ઇસ્પિતાલ નથી.'

નવા ભાઈબંધો આગળ સુમન પોતાની બડાઇ હાંકતો હતો: 'અમારું કુટુંબ બહુ બુદ્ધિશાળી. મારા બાપાને છ ડિગ્રી છે.'

એકે પૂછ્યું: 'ફેરનહાઈટ કે સેન્ટીગ્રેડ?'

'ચાલો ત્યારે હું હવે જાઉં.' ખૂબ વાતોડિયા એક ગુંદરિયા મહેમાને કહ્યું.

'હા, હવે તમને મોડું થતું હશે.' તેનાથી કંટાળેલા ઘરધણીએ કહ્યું.


'બહુ જ મોડું થઇ ગયું. પણ મને અહીં ખરેખર મઝા આવી. તમને ખબર છે? અહીં આવ્યો ત્યારે મારું માથું સખત દુ:ખતું હતું; પણ તે દુ:ખ કયાં ગયું તેની ખબરે ન પડી.'

'કયાંય ગયું નથી' ઘરધણીએ કહ્યું: 'હવે તે મારા માથામાં પેઠું છે.'



''હું ખાતરીથી કહું છું કે આ પાટિયાની પાછલી બાજુ 'માણસો' એવું લખ્યું હશે.''






કલાકાર જગન્નાથ અહિવાસીની ત્રણ કૃતિઓ: ઉપર-'મૈયા: મૈં નહિ માખન: ખાયો' જમણી બાજુ-'મન્મથ', નીચે-'શ્રી કૃષ્ણ: નામકરણ'

વ્રજના વાસી શ્રી અહિવાસીના ચિત્રવિષયોમાં બાલસ્વરૂપ કૃષ્ણના જીવનપ્રસંગો સવિશેષ હોય એ સ્વાભાવિક છે. મથાળાના નાના સરખા ચિત્રમાં પણ સરોષ જશોદા માતા અને ભયભીત કૃષ્ણના જેટલા જ સચોટ મુખભાવ સંતાઇને નિહાળતા ભયકૌતુકભર્યા બલરામના છે. નીચેના ચિત્રમાં ગર્ગ મુનિ શ્રી કૃષ્ણનું નામાભિધાન કરાવે છે તે પ્રસંગ છે. ગોપગોપીઓ આનંદોત્સવ કરી રહ્યાં છે, કાવડોમાં ગોરસ આવે છે, નંદરાયને તિલક થાય છે, બાલ કૃષ્ણને ગોદમાં લઇ માચી પર બેઠેલાં જશોદા માતાની આરતી ઉતરે છે. સિમલા પ્રદર્શનમાં પારિતોષિક પામેલું આ ચિત્ર પતિયાળા મહારાજાના સંગ્રહમાં છે. 'નવચેતન' માસિકના સૌજન્યથી તે પુનઃ મુદ્રિત કર્યું છે.





..વી દિલ્હીની સ્થાપના પછી ત્યાંના વાઈસરૉય ભવન માટેનાં ભીંતચિત્રો
ભારતીય કલાકારો પાસે કરાવવાનું ઠર્યા બાદ કરાએલું પ્રથમ ભીંતચિત્ર
ચિત્રલેખા



ઉપર્યુક્ત ભીંતચિત્ર **ચિત્રલેખા**નું આ મુખ્ય પાત્ર
શ્રી અહિવાસીના ચિત્રકૌશલનો એક શ્રેષ્ઠ નમૂનો ગણાયો.



પિતાના ખોળામાં પુત્ર
નું આલેખન કરતા આ તસવીર ચિત્રમાં શ્રી અહિવાસીએ
પિતાની તથા પોતાના બાલસ્વરૂપની હૂબહૂ મુદ્રા ઉતારી છે.



પરસ્પેક્ટિવના નિયમને થોડો અતિક્રમીને નિરૂપણ કરતી પારમ્પરિક ભારતીય શૈલીએ આલેખેલી શ્રી અહિવાસીની હમણાંની કૃતિઓ પૈકીની એક કૃતિ: ગણેશને મહાભારત લખાવતા

વેદવ્યાસ

નીચે: જે રેખાસામર્થ્યે મુંબાઇની કળાશાળાનું ડૉલી ખરશેદજી પારિતોષિક અપાવ્યું તેની ઝાંખી કરાવતું એમનું પ્રારંભકાળનું રેખાંકન

જીવનસારથી



છપ્પા

> દેહી પાથ દાકરને ઠામ, જો નહિ જાણ્યો આતમરામ
> મરડી મૂછ મુખ વંકા બોલ, કાલ વાગશે ઢીલા ઢોલ;
> અખા વરણ્યુંગી વણસી જશે, ભૂંડા ભગળ ઉઘાડાં થશે.

—અખો ભગત

રશિયાનો તારણહાર મહાન પીટર અત્યંત ક્રોધી હતો. એકવાર આકરા ગુસ્સામાંથી તેની રાણી તથા મિત્રે તેને મહામુશ્કેલીએ શાંત પાડયા પછી તે એકાંતમાં ખૂબ રડતો જણાયો. કારણ પૂછતાં તે બોલ્યો: 'અફસોસ છે કે હું મારી પ્રજાને સુધારી શકું છું, પણ મારી જાતને નથી સુધારી શકતો.'

અનેકાર્થી શબ્દ: ચક્ર=પૈડું, કુંડાળું; કુંભારનો ચાકડો; દાંતાવાળું યંત્રનું ચક્કર, વિષ્ણુનું આયુધ; સમૂહ, સમુદાય; તંત્રવિદ્યામાં દર્શાવેલાં શરીરના છ સ્થાનો; પિંગળનો એક છંદ; એ નામનો એક ગ્રંથકાર; કુશદ્વીપના સાત પર્વતોમાંનો પૌરાણિક પર્વત; ચોસઠમાંહેની એક લિપિ; એક અભિનય મુદ્રા; આંગળીઓમાં છેડા ઉપર આવેલી આકૃતિઓ; એક વનસ્પતિ–કુવાડિયો; હાર; પુનરાવર્તન; છ(૬)ની સંજ્ઞા સૂચવતો શબ્દ; પાણીના ધૂમરી; તગરનું ફૂલ; બાર રાશિ બરે.બરનું ગતિ માપવા માટેનું માપ (૬૦ વિકલા=૧ કલા; ૬૦ કલા=૫ અંશ; ૩૦ અંશ=૧ રાશિ; ૧૨ રાશિ=૧ ચક્ર); રેંટિયો; મધપૂડો; સર્વતોભદ્ર યંત્ર.

કહેવતોના અર્થ: 'મોટી, વચલી ને નાની, તે રાખ, સેલી ને વાની'– એક માણસને ત્રણ વહુઓ હતી તેને વિષે એક સ્નેહીએ અભિપ્રાય પૂછતાં તેણે ઉપર મુજબ તેમનું ગુણ (!) વર્ણન કર્યું. 'સેલી' અને 'વાની' એ બંને શબ્દનો અર્થ પણ 'રાખ' જ થાય છે. મતલબ કે ત્રણે સરખી હતી. જ્યાં સૌ એકસરખાં અવગુણિયાં હોય ત્યાં કટાક્ષમાં આ કહેવત વપરાય છે. એને મળતી કહેવતો: 'એકને ઉઠાડો, ને બીજીને બેસાડો' વગેરે.

ખોટી માન્યતા: વીજળીના આંચકા સામે રબ્બર નિર્વિવાદ રક્ષણ આપે જ એ માન્યતા ખોટી છે. ઘરના ઓછા દબાણનો વીજળીપ્રવાહ રબ્બરના જોડા પહેર્યા હોય, અને તે ભીના ન હોય તો અસર ન કરે; પણ બહાર તારમાં ભારે દબાણ નીચે વહેતી વીજળી સામે રબ્બરના જોડા રક્ષણ ન આપે.

યુરોપ અને અમેરિકા વચ્ચેના અંતરમાં ૨ વર્ષે ૬૩ ફૂટનો ફરક પડતો જાય છે.





આ વર્ષે ગણતંત્રદિને બહાર પડેલી ભારતની ૧૫ નયા પૈસાની બે નવી ટપાલટિકિટો. એક પર માદામ ભીખાઈજી કામાનું ચિત્ર છે અને બીજી પર પંચાયત રાજ્યનું દ્યોતક આલેખન છે.

ગણિત ગમ્મત

(૧૯૮– ૩૬)÷૧૬૨=૧

(૧૯૯૮– ૫૪)÷૧૬૨=૧૨

(૧૯૯૯૮– ૭૨)÷૧૬૨=૧૨૩

(૧૯૯૯૯૮– ૯૦)÷૧૬૨=૧૨૩૪

(૧૯૯૯૯૯૮– ૧૦૮)÷૧૬૨=૧૨૩૪૫

(૧૯૯૯૯૯૯૮– ૧૨૬)÷૧૬૨=૧૨૩૪૫૬

(૧૯૯૯૯૯૯૯૮– ૧૪૪)÷૧૬૨=૧૨૩૪૫૬૭

દેડકાં પોતાનું માથું ફેરવી શકતાં નથી. જે પડખે જોવું હોય એ પડખે આખું શરીર તેમને ફેરવવું પડે છે.

નારંગીનાં પાન, ફૂલ અને ફળ ત્રણેની સુગંધ જુદી હોય છે.


બધું ગુમાવી બેસનારનું પણ ભવિષ્ય તો અકબંધ જ હોય છે.

શીશી કે બરણીઓ પર લેબલ ચોંટી રહેતાં ન હોય તો ઍડહેસિવ પ્લાસ્ટરની પટ્ટીની પાછલી બાજુ પર નામ લખીને તેને જ લેબલ તરીકે વાપરજો. સજ્જડ ચોંટી રહેશે; ને ઉખેડવાં હશે ત્યારે આખાં ઉખડી આવશે.

તાજું રંગકામ થએલા ઓરડામાંની ઉગ્ર વાસ જલદી મટાડવી હોય તો થોડી ડુંગળી કાપીને એ ઓરડામાં મૂકજો. પણ પછી એ ડુંગળીનો નાશ કરવો ન ભૂલતા.

એક: કેટલાક કૂતરા પોતાના માલિક કરતાંયે વધારે સમજણા હોય છે.

બીજો: ખરી વાત; તમારા કૂતરાને જોયા પછી મારો પણ એ જ અભિપ્રાય થયો છે.



કલાકણિકા: ૧૭મી સદીનું ફ્રેન્ચ ફાનસ

શતરંજ (અનુસંધાન પૃષ્ઠ ૬૩થી)



યાંત્રિક યુગની બલિહારી

જાણો છો? ઇરાકમાં એવી માન્યતા છે કે શતરંજની રમતમાં ઉપરાઉપરી ત્રણ વખત કાળાં મ્હોરાં ગુમાવવાં એ કુટુંબમાં કોઇનું અવસાન થવાની આગાહી છે. અને એ ખબર છે? કે દુનિયામાં ફૂટબોલ પછી બીજી કોઈ પણ રમત કરતાં લોકો શતરંજમાં વધુ રસ લે છે.

(૪) ખુલ્લી સ્થિતિઓમાં કિલ્લેબંધી જેમ બને તેમ જલદી કરી લેવી. બંધ સ્થિતિઓમાં પણ તેને બહુ મોડે સુધી મુલતવી ન રાખવી.

(૫) હાથી શરૂઆતના તબક્કામાં અને મધ્યના તબક્કામાં પણ મોટા ભાગમાં પહેલી હરોળ ઉપર જ રહે છે. તેને જે પંક્તિ ખુલે તેવો સંભવ હોય તેવી પંક્તિ ઉપર લઈ જવા.

(૬) વજીરને કદી બહુ વહેલો બહાર ન કાઢવો. તેમ કરવાથી સામા પક્ષના ઓછી કિંમતવાળા મ્હોરાંઓ બહાર નીકળતાંની સાથે તેના ઉપર હુમલો કરીને ભગાડી શકે છે. અને તેને બચાવવામાં સમય ગુમાવવો પડે છે.

(૭) જ્યારે સ્થિતિ ગૂંચવાડા ભરી થઈ ગઈ હોય અને ચાલવા માટે સારી ચાલ ન હોય ત્યારે સરખે સરખી કિંમતના સામસામા પક્ષના મ્હોરાં મારીને સ્થિતિ વધુ ચોખ્ખી કરવાની તક ગુમાવવી નહિ.

(૮) જ્યારે સામો પક્ષ હુમલો કરતો હોય ત્યારે હુમલામાં સક્રિય ભાગ લેતા મ્હોરાને તેની જ કિંમતના તમારા ઓછા સક્રિય મ્હોરાના બદલામાં મારી શકાતો હોય તો તેમ કરવાની તક તુરત ઝડપી લેવી.

વળી, બચાવ કરતી વખતે ફક્ત રક્ષણાત્મક ચાલ કરતાં જો સામો હુમલો થઈ શકતો હોય તો તેવી ચાલ ચાલવી.

(૯) દરેક ચાલ સમજપૂર્વક કરો. ફક્ત પુસ્તકમાં સારી ગણાવેલી ચાલ ચાલવાથી તે સારી નથી થઈ જતી. તે શા માટે સારી છે તે જાણવું પણ આવશ્યક છે. તેની ખબર નહિ હોય તો પરિસ્થિતિ સારી હોવા છતાં તમે તેનો લાભ નહિ લઈ શકો.

હવે આપણે મધ્યના તબક્કાઓ તથા ટુર્નામેન્ટ વિષેની બાકીની માહિતીઓ જોઈશું.